કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂ. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૫ મે, ૨૦૨૫ ગુરૂવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૯૯◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ વૈશાખ વદ-૩◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## આતંકવાદને કોઈ પણ રીતે સાંખી નહી લેવાય : બાત નીકલેગી તો બહુત દુર તક જાયેગી : રક્ષાપ્રધાન

# કાશ્મીરમાં સરંક્ષણ પ્રધાન : પાક.ને કડક સંદેશ





**ઓપરેશન સિંદુર ભારતના ઈતિહાસની સોથી મોટી કાર્યવાહી : રાજનાથસિંહે આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વીવેદીને પાઠવ્યા અભિનંદન**

**શું આવા ગેરજવાબદાર દેશના હાથમાં પરમાણુ હથિયારો સુરક્ષિત છે, આવા દેશ પાસેથી પરમાણું હથિયારો એટોમીક સંસ્થાઓ હસ્તગત લઈ લેવા જોઈએ : દુનીયા સમક્ષ ભારતીય રક્ષાપ્રધાનનો મોટો સવાલ**

શ્રીનગર : આતંકીસ્તાન મુલકને યુદ્ધની સ્થિતીએ ધુળ ચાટતા કરી દેનાર ભારત સરકારના સરંક્ષણ પ્રધાન આજ રોજ જમ્મુ-કાશ્મીરના પ્રવાસે પહોચ્યા છે. આજે તેઓએ સવારે ૧૧:૩૦ કલાકે શ્રીનગરમાં આગમન કર્યુ અને અહી વિમાની મથકે તેઓને શિષ્ટાચાર અનુસાર આવકાર

### રાજનાથસિંહના ઉદબોધનના મુખ્ય અંશ

- ઓપરેશન સિંદુર ભારતની ઐતિહસીક પહેલ - દેશની સેના પર મને ગર્વ છે - દેશવાસીઓને પણ સેના પર ગૌરવ છે- શહીદ જવાનોને નમન - ઘાયલ જવાનો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના - ભારત પાકીસ્તાનને જડબાતોડ જવાબ આપશે- ભારત આતંકવાદની સામે કોઈ પણ હદે જઈ શકે છે - પાકીસ્તાને ભારતને અનેકવખત દગો આપ્ય છે- આતંકીઓ ધર્મ પુછીને ભારતીયોને માર્યા અમે તેમના કર્મની તેમને સજા આપી- પાકીસ્તાન જયાથી ઉભુ રહે ત્યાથી જ માંગનારાઓની લાઈન શરૂ થાય છે,- પાકીસ્તાને હાલમાં જ આઈએમએફ પાસે કટોરો લઈને ઉભુ હતુ તે દેશ છે, જયારે ભારત આઈએમએફને ફંડ આપનાર દેશમાં છે, આ ફંડથીઆઈએમએફ ગરીબોને ફડ આપે છે, રામચરિત માનસની પણ રક્ષામંત્રીએ કરી વાતચીત - જમ્મુ કાશ્મીરની પ્રજા આતંકીઓ સામે બહાદુરીથી લડી છે- દેશની સંપ્રભુતા પર આક્રમણ ભારત સહન નહી કરે - રૂઠ હોના ચાહતા કોઈ નહી,રોગ લેકે આ ગયા, કડવી ઔષધી સિવાય કોઈ ઉપાય નથી હોતો, આતંકને ડામવા ઓપેરેશન સિંદુરની જરૂરીયાત

અનુસંધાન પાના નં.૪ પર

### સરંક્ષણ પ્રધાન રાજનાથસિંહ ઓપેરશન સિંદુર બાદ પહોચ્યા જમ્મુ-કાશ્મીર : વિમાનીમથકે કરાયું સ્વાગત : આર્મી ચીફ-જમ્મુ કાશ્મીરના એલજી મનોજ સિન્હા રહ્યા હાજર

**રાજનાથસિંહે સૈન્ય જવાનો સાથે કરી મુલાકાત, સ્થાનિકની સ્થિતીનો મેળવ્યો તાગ, સૈન્યબળનો સરંક્ષણ પ્રધાને વધાર્યો જોમ-જુસ્સો**

આપવામાં આવ્યો છે.

ઓપેરશન સિંદુર બાદ દેશના રક્ષામંત્રીની આ પ્રથમ જમ્મુ-કાશ્મીરની મુલાકાત લઈ રહ્યા છે. આજરોજ વિમાનીમથકે તેઓની સાથે દેશના આર્મી ચીફ ઉપરાંત જમ્મુ અને કાશ્મીરના એલજી મનોજ સિન્હા પર હાજર રહ્યા હતા. રાજનાથસિંહ દ્વારા ઓપેરશન સિંદુર બાદ જમ્મુ અને કાશ્મીરમાં રહેલી વર્તમાન સ્થિતીની વિગતો મેળવી અને સમીક્ષાઓ કરી હતી. ઉપરાંત તેઓએ

અનુસંધાન પાના નં.૪ પર

## ભારતે UN કમિટિમાં રજૂ કર્યા પૂરાવા : પહેલગામ હુમલામાં TRF અને પાકિસ્તાનનો હાથ

નવી દીલ્હી: જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ ધર્મ પૂછીને ૨૬ પ્રવાસીઓની હત્યા કરી દીધી હતી. ત્યારબાદ ભારતે ઓપ રેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને PoK (પાકિસ્તાન અધિકૃત કાશ્મીર)ના આતંકવાદી ઠેકાણાને નષ્ટ કર્યા હતા. હવે ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને તેના ફ્રન્ટ TRF ને બેનકાબ કર્યું છે. પહલગામ હુમલા પર ભારત હવે UN (યુનાઈટેડ નેશન્સ) પહોંચ્યું છે. ભારતે UNને આતંકવાદી સંગઠન TRF (ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ) સામે પુરાવા રજૂ કર્યા છે. ભારતે પુરાવા સાથે જણાવ્યું કે, પહેલગામ આતંકવાદી હુમલામાં TRF અને પાકિસ્તાનનો હાથ છે.ભારતે ગુરૂવારે (૧૫ મે) યુનાઈટેડ નેશન્સ ઑફિસ ઑફ કાઉન્ટર ટેરરિઝમ

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યપાલના બિલથી લઈને સુપ્રીમ કોર્ટના અધિકાર સુધી, રાષ્ટ્રપતિએ SCને પૂછ્યા ૧૪ સવાલ

નવી દીલ્હી: સુપ્રીમ કોર્ટે ગયા મહિને એક મોટો નિર્ણય આપ્યો હતો. તમિલનાડુના રાજ્યપાલના કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, રાજ્યપાલ બિલોને અનિશ્ચિત સમય માટે રોકી શકતા નથી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુપ્રીમ કોર્ટના આ આદેશ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. જવાબમાં તેમણે સુપ્રીમ કોર્ટને ૧૪ પ્રશ્નો પૂછ્યા છે.આ પ્રશ્નો રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની સત્તાઓ સાથે સંબંધિત છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુપ્રીમ કોર્ટને પૂછેલા પ્રશ્નો બંધારણના અનુચ્છેદ ૨૦૦, ૨૦૧, ૩૬૧, ૧૪૩, ૧૪૨, ૧૪૫(૩) અને ૧૩૧ સાથે સંબંધિત છે. રાષ્ટ્રપતિએ પૂછ્યું છે કે, જ્યારે રાજ્યપાલ પાસે બિલ આવે છે ત્યારે તેમની પાસે શું વિકલ્પ હોય છે અને શું રાજ્યપાલ મંત્રી પરિષદની

અનુસંધાન પાના નં.૪ પર

## કેનેડાના રાજકારણમાં મુળ ભારતીયો છવાઈ ગયા



ટોરેન્ટો (કેનેડા) : કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ હાલમાં જ પોતાના ૨૮ સભ્યોની નવી કેબિનેટની જાહેરાત કરી છે, જેમાં ચાર ભારતીય મૂળના સાંસદ પણ સામેલ છે. તેમાં સૌથી પ્રમુખ નામ અનીતા આનંદનું છે, જેને કેનેડાના નવા વિદેશ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ પહેલાં માર્ચમાં કાર્નીએ

અનુસંધાન પાના નં.૪ પર

## ભારત-મ્યાનમાર સરહદ પર સુરક્ષાદળોનું સૌથી મોટું ઓપરેશન

**૧૦ ઉગ્રવાદીઓ ઠાર :વિસ્ફોટકનો મોટો જથ્થો કર્યો જપ્ત**

નવી દીલ્હી: મણિપુરના ચંદેલ જિલ્લામાં બુધવારે (૧૪ મે) અસમ રાઈફલ્સ અને ઉગ્રવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી, જેમાં ઓછામાં ઓછા ૧૦ ઉગ્રવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતાં. આ ઓપરેશન હજુ શરૂ છે. સેનાના અધિકારીઓએ એ વાતની પુષ્ટિ કરી છે કે, મ્યાનમાર સરહદથી જોડાયેલા ન્યૂ સમતાલ ગામ પાસે શંકાસ્પદ સશસ્ત્ર ઉગ્રવાદીઓની



ગતિવિધિની જાણકારી બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.ભારતીય સેનાના ઈસ્ટર્ન કમાન્ડના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જાણકારી આપતા જણાવવામાં આવ્યું કે, ૧૪ મેના દિવસે અસમ રાઈફલ્સના એક યુનિટે સ્પ ૅયર કૉર્પ્સ હેઠળ ન્યૂ સમતાલ ગામ, ખેંગજોય તહસીલમાં આ ઓપરેશન લૉન્ચ કર્યું હતું. આ વિસ્તાર ભારત-મ્યાનમાર આંતરરાષ્ટ્રીય સરહદની નજીક છે, જે અવાર-નવાર ઉગ્રવાદી ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું છે.સેનાના જણાવ્યા અનુસાર, 'ઓપરેશન દરમિયાન જ્યારે સૈનિકોએ વિસ્તારમાં નાકાબંધી કરી, ત્યારે શંકાસ્પદ ઉગ્રવાદીઓએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો.

## અમેરિકાનાં બોલ બદલાયા : ભારત - પાક સીધી વાતચીતનો આગ્રહ

વોશીંગ્ટન : ભારત-પાકિસ્તાન વચ્ચેનાં યુદ્ધ વિરામમાં મધ્યસ્થતા કર્યાની અને વેપાર નહિં કરવાની ધમકીથી બન્ને દેશોએ તેનો સ્વીકાર કર્યાના ડોનાલ્ડ ટ્રમ્પનાં દાવાને ભારતે ફગાવી દીધા બાદ હવે અમેરિકી પ્રમુખનાં સુર બદલાયા છે. હવે તેઓએ એમ કહ્યું કે બન્ને દેશોને સીધી વાતચીત કરવા સુચવ્યુ છે.અમેરિકી ગૃહવિભાગે હવે એવુ જાહેર કર્યુ છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચેનાં યુદ્ધ વિરામનું અમેરિકાએ સ્વાગત કર્યું છે.ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફે અપ્નાવેલો શાંતિનો માર્ગ આવકારદાયક છે. પ્રાદેશીક સ્થિરતા જાળવવા બન્ને દેશોને આગ્રહ છે.અમેરિકી પ્રમુખનુ આ મુદ્દે વલણ સ્પષ્ટ છે. તેઓ બન્ને દેશો વચ્ચે સીધી વાતચીતનો આગ્રહ કરે છે. અમેરિકા પણ આ જ સ્પષ્ટ વલણ અપ્નાવે છે. ભારતે મધ્યસ્થતાની વાત તથા ટ્રમ્પનાં દાવાને નકારી કાઢયા વિશે માર્કો રૂબિયોએ કહ્યું કે, મધ્યસ્થીની અટકળો વિશે કાંઈ કહેવાની જરૂર નથી.

## પાક.ની પરમાણુ સાઈટ સુરક્ષિત હોવાનો ખુલાસો

નવી દિલ્હી : આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીએ જણાવ્યું કે ભારતના સૈન્ય હુમલા બાદ પાકિસ્તાનના કોઈ પણ ન્યૂક્લિયર સાઈટમાંથી રેડિએશન લીક થયુ નથી. IAEA ગ્લોબલ ન્યૂક્લિયર વૉચડૉગ છે. આ તમામ દેશના ન્યૂક્લિયર પ્રોગ્રા પર નજર રાખે છે.ઓસ્ટ્રેલિયાના પાટનગર વિયેના સ્થિત પરમાણુ પર નજર રાખતી સંસ્થા IAEAએ કેટલાક સવાલ મોકલ્યા હતા જેમાં પૂછવામાં આવ્યું હતું કે શું કિરાના હિલ્સ સ્થિત પાકિસ્તાનના ન્યૂક્લિયર બેસમાંથી રેડિએશન લીકના



કોઈ સમાચાર IAEAના ધ્યાનમાં છે. IAEAના પ્રવક્તાએ જણાવ્યું, તમે જે રિપોર્ટનો ઉલ્લેખ કરી રહ્યાં છો તેનાથી અમે વાકેફ છીએ. પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર, પાકિસ્તાનના કોઈપણ પરમાણુ પ્લાન્ટમાંથી રેડિયેશન લીક થવાની કોઈ ઘટના બની નથી.

વર્ષ ૨૦૦૫માં IAEAમાં એક ઈમરજન્સી કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું તેનું કામ ન્યૂક્લિયર રેડિએશન લીક જેવી ઈમરજન્સી સ્થિતિ પર નજર રાખવાનું છે અને તેનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગની જરૂર છે.અમેરિકન વિદેશ વિભાગને જ્યારે પૂછવામાં આવ્યું કે શું પરમાણુ વિકિરણ લીક મામલે અમેરિકાની ટીમ પાકિસ્તાન ગઈ છે? આ સવાલનો જવાબ આપતા અમેરિકન વિદેશ વિભાગના પ્રવક્તાએ કહ્યું કે 'આ સમયે મારી પાસે આ પૂર્વાલોકન કરવા માટે કઈ નથી.' તેમના નિવેદનનો અર્થ એવો થાય છે કે એવું કઈ નથી જેની તપાસ કરી શકાય એટલે કે અમેરિકાએ એક રીતે ન્યૂક્લિયર રેડિએશન તપાસના સમાચારનું ખંડન કર્યું છે.આ અફવાઓ ત્યારે શરૂ થઈ જ્યારે ભારતે Operation Sindoor હેઠળ કેટલાક પાકિસ્તાની એરબેઝો પર સચોટ હવાઈ હુમલો કર્યો હતો જેમાં સરગોધા અને નૂરખાન એરબેઝ પણ સામેલ હતો. આ બે મહત્ત્વપૂર્ણ સ્થળો પરમાણુ સંબંધિ પાયાના ઢાંચાની નજીક છે.રાવલપિંડીમાં સ્થિત નૂરખાન એરબેઝ પાકિસ્તાનના

અનુસંધાન પાના નં.૪ પર

## વિપક્ષ સર્વપક્ષીય બેઠકમાં ટ્રમ્પના દાવા અંગે સરકારને સવાલ કરશેઃ ખડગે

કાલાબુર્ગી (કર્ણાટક) : કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે જણાવ્યું હતું કે વિપક્ષ સર્વપક્ષીય બેઠકમાં યુદ્ધવિરામના ટ્રમ્પના દાવા અંગે સરકારને સવાલ કરશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધવિરામનો દાવો કરી રહ્યાં છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સરકાર તેનો ઈનકાર કરી રહી છે. આ એક સંવેદનશીલ બાબત છે. તેથી સર્વપક્ષીય બેઠકમાં આ મુદ્દે સરકારને સવાલ કરાશે. રાજ્યસભામાં વિપક્ષના નેતાએ જણાવ્યું હતું કે તેઓ યુદ્ધવિરામ સહિત ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર તંગદિલી અંગેની તાજેતરની ગતિવિધિઓની ચર્ચા કરવા માટે ટૂંક સમયમાં સર્વપક્ષીય બેઠક બોલાવવાનો સરકારને અનુરોધ કરશે. જો સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવશે તો અમે શું થયું, ટેલિફોન પર શું વાતચીત થઈ તે તમામ બાબતો પૂછીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પની મધ્યસ્થીને સ્વીકારી લીધી હોવા અંગેના એક પ્રશ્નના જવાબમાં તેમણ જણાવ્યું હતું કે મારા માટે હવે આ વિશે વાત કરવી યોગ્ય રહેશે નહીં. આજે અમારી પાર્ટીની બેઠક છે. હું તેના માટે જઈ રહ્યો છું. અમે સર્વપક્ષીય બેઠકની માગણી કરીશું. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સવાલ કર્યો હતો કે શું સરકાર કારગિલ સમીક્ષા સમિતિની જેમ પહેલગામ આતંકવાદી હુમલાની તપાસ કરશે? કારગિલ યુદ્ધ સમાપ્ત થયાના ત્રણ દિવસ પછી વાજપેયી સરકારે કારગિલ સમીક્ષા સમિતિની રચના કરી હતી અને તેનો અહેવાલ સંસદમાં મુકવામાં આવ્યો હતો.

### મુંબઈમાં ઈડીના ૧૩ સ્થળોએ દરોડા

વસઈ-વિરારમાં ૪૧ ગેરકાયદે ઈમારતોના બહુચર્ચિત કેસમાં ગઈ કાલે સવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટએ એકસાથે ૧૩ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ મામલે આચોલે પોલીસ-સ્ટેશનમાં ભૂતપૂર્વ કૉર્પોરેટર સીતારામ ગુપ્તા અને તેમના ભાઈ અરુણ ગુપ્તા સહિત અન્ય લોકો સામે મની-લૉન્ડરિંગનો કેસ નોંધવામાં આવ્યો હતો. એમાં દાવો કરવામાં આવ્યો હતો કે ૨૦૦૬માં ગુપ્તા બંધુઓએ બીજા આરોપીની સાઠગાંઠથી સર્વે-નંબર બાવીસથી ૩૦માં સરકારી અને ખાનગી જમીન પર અતિક્રમણ કર્યું હતું.

## ભારત-પાક યુદ્ધવિરામ મુદ્દે સાઉદી પ્રિન્સનું પહેલ નિવેદન

નવી દીલ્હી : ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘણા દિવસોથી ચાલી રહેલી લશ્કરી અથડામણો બાદ હાલમાં શાંતિનું વાતાવરણ છે. તમને જણાવી દઈએ કે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનના આતંકવાદી ઠેકાણાઓ અને એરબેઝને નિશાન બનાવીને ટૂંકા સમયમાં જ તેને ઘૂંટણિયે પાડી દીધા હતા. આ પછી, પાકિસ્તાનની વિનંતી પર, ભારત યુદ્ધવિરામ માટે સંમત થયું. ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ પર વિશ્વભરના દેશોએ ખુશી વ્યક્ત કરી છે.તે જ સમયે, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને પણ પહેલીવાર ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ પર નિવેદન જારી કર્યું છે.સાઉદી અરેબિયાની સરકારી એજન્સી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, રિયાધમાં ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલની બેઠકમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને અન્ય નેતાઓને સંબોધિત કરતી વખતે, ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, "અમે પાકિસ્તાન અને ભારત વચ્ચેના યુદ્ધવિરામ કરારનું સ્વાગત કરીએ છીએ.

## રશિયા-યુક્રેન શાંતિવાર્તા મુદ્દે મોટા સમાચાર, પુતિન નહીં જાય ઈસ્તાંબુલ!

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે છેલ્લા એક સપ્તાહથી શાંતિ વાર્તાની આશા દેખાઈ છે. તુર્કિયેના ઈસ્તાંબુલમાં શાંતિ મંત્રણા માટેની જાહેરાત કરવામાં આવી હતી. એવામાં હવે છેલ્લી ઘડીયે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન બેઠકમાં સામેલ નહીં થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. મીટિંગમાં સામેલ થવા માટે પુતિન એક પ્રતિનિધિમંડળ પાઠવી શકે છે. શાંતિ વાર્તા માટે પુતિને વ્લાદિમીર મેન્ડિસ્કીને કમાન સોંપી છે. તેઓ પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કરશે. રશિયાના નાયબ વિદેશમંત્રી તથા નાયબ સંરક્ષણ મંત્રી પણ બેઠકમાં સામેલ થશે.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું છે, 'અમે આજે તુર્કિયેમાં બેઠકનું આયોજન કર્યું છે. જોઈએ છીએ કે રશિયાથી કોણ આવશે. જે બાદ યુક્રેન આગામી નિર્ણય લેશે. સાંભળવા મળ્યું છે કે ટ્રમ્પ પણ બેઠકમાં સામેલ થઈ શકે છે. રશિયા યુદ્ધને લંબાવવા માંગે છે. જે દેશો રશિયા પર દબાણ બનાવી રહ્યા છે તેમનો આભાર.

## અયોધ્યામાં ફરી મોટો ઉત્સવ : એક સાથે ૧૪ મંદિરોમાં યોજાશે પ્રાણ પ્રતિષ્ઠા

અયોધ્યા : અયોધ્યાની પવિત્ર ભૂમિ ફરી એકવાર ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠાનું સાક્ષી બનવા જઈ રહી છે. પાંચમી જૂને રામ મંદિરમાં એકસાથે ૧૪ મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે. પાંચમી જૂને ગુરુવાર છે અને આ દિવસે ગંગા દશેરાનો તહેવાર છે, તેથી ગંગા દશેરાના શુભ અવસર પર શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ૧૪ મંદિરોમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ એકસાથે યોજાશે.પ્રાણ પ્રતિષ્ઠાના ક્રમમાં સૌપ્રથમ શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે. રામ જન્મભૂમિ સંકુલમાં શ્રી રામની સાથે શિવની પણ પૂજા કરવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની રૂપરેખા તૈયાર થઈ રહી છે. આ મહોત્સવ ત્રણથી પાંચ જૂન સુધી યોજાશે. જોકે, પૂજાની વિધિ ૩૦ મેથી શરૂ થશે. આ દરમિયાન કાશી અને અયોધ્યાના ૧૦૧ આચાર્યો પ્રાણ પ્રતિષ્ઠા કરશે. ૩૦ મેએ પરકોટાના શિવ મંદિરમાં શિવલિંગનો અભિષેક કરવામાં આવશે. શિવલિંગના અભિષેક માટે શિવ વાસ જરૂરી છે, તેથી આ દિવસે શિવજીનો વાસ રહેશે અને શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

## યુપીના લખનૌમાં ભયાનક માર્ગ અકસ્માત : પાંચના મોત

**બસનો ઇમરજન્સી ગેટના ખૂલતા મુસાફરોના થયા મોત**

લખનૌ : ઉત્તર પ્રદેશના લખનઉમાં ભયાનક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. લખનઉમાં કિસાન પથ પર મુસાફરોથી ભરેલ બસમાં ભીષણ આગ લાગી. આ ભીષણ આગ દુર્ઘટનામાં ૫ લોકોના મોત થયા. મીડિયા રિપોર્ટ્સ મુજબ લગભગ ૬૦ મુસાફરોને લઈને સ્લીપર બસ બિહારના બેગુસરાયથી દિલ્હી જઈ રહી હતી ત્યારે સવારે લખનૌમાં કિસાનપથ પાસે પસાર થતી વખતે આગ દુર્ઘટના બનવા પામી. આ ભીષણ આગ દુર્ઘટનામાં ૨ બાળકો સહિત ૫ના મોત થયા જેમાં ૨ મહિલાઓ અને ૧ પુરુષનો સમાવેશ થાય છે.

પ્રાપ્ત માહિતી મુજબ એવું કહેવામાં આવી રહ્યું છે કે અકસ્માત સમયે મોટાભાગના મુસાફરો સૂઈ રહ્યા હતા. લખનઉમાં મોહનલાલગંજ નજીક આઉટર રિંગ રોડ (કિસાન પથ) પર સવારે ૫ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**વૈશાખ વદ-૩, તા.૧૫ મે, ગુરૂવાર**

# વસુધૈવ કુટુમ્બકમ : ભારતની પરીવારીક સંસ્કૃતિ વિશ્વએ નિહાળી




**આજે આંતરરષ્ટ્રીય પરીવાર દીવસ : વિભકત થતી કુટુંબ પ્રથાને અટકાવીએ, સમયની સાથે સંયુકત કુટુંબની જરૂરીયાત પર ભાર મુકાય : ભારતીય કુટુંબ વ્યવસ્થા વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિ!!!**

દર વર્ષે ૧૫ મેના રોજ ઉજવવામાં આવતો ''આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ'' ઉજવાય છે. સમાજની પરિકલ્પના પરિવાર વગર અધુરી ગણાય, સમગ્ર વિશ્વ એક પરિવાર છે. પૃથ્વી આપણા સૌની માતા છે, અને આપણે તેના સંતાનો છીએ, વસુધૈવ કુટુંબકમની ભાવના વિકસાવવી જરૂરી છે. ભારતીય કુટુંબ વ્યવસ્થા વિશ્રૂવની શ્રેષ્ઠ સંસ્કૃતિ ગણાય છે.પરિવારના મતભેદોને મનભેદોમાં ન પરિણમીને શાંતિ અને એકતા જાળવીને સૌ સંપીને રહે એ જ આજના યુગમાં જરૂરી. કુટુંબના વિખવાદને કારણે ઘણા પરિવારો તૂટતા જોવા મળે છે. આ વર્ષની ઉજવણી થીમ ''ટકાઉ વિકાસ માટે પરિવાર લક્ષી નીતિઓ અને તેનો સામાજિક વિકાસ'' છે.આજે વિશ્વ કુટુંબ દિવસ છે, ત્યારે આપણાં જીવનથી મૃત્યુ સુધી પરિવાર સાથેનું જોડાણ એટલે આપણો કુટુંબ પરિવાર, પરિવાર શબ્દની સાથે જ પ્રેમ, હુંફ, લાગણી, શ્રધ્ધા, વિશ્વાસ અને સહયોગ જેવા શબ્દો જોડાયેલા છે. દરેક પરિવારની પરંપરા પેઢી દર પેઢી ચાલતી આવે છે. પરિવારના રિત રિવાજો સાથે પરિવારની સાખ મહત્વની ગણાતી હોય છે. અમુક પરંપરાગત વસ્ત્રોથી પણ પરિવારની ઓળખ ગણાય છે. કુટુંબ સાર્વત્રિક હોવા છતાં તેના સ્વરૂપ રચના અને કાર્યમાં તફાવત જોવા મળે છે. વિભકત, સંયુકત, માતૃસત્તાક અને પિતૃસત્તાક કુટુંબ જેવા તેના પ્રકારો છે. પરિવારએ સગપણ, સંબંધનું જુથ છે, પતિ-પત્ની વચ્ચેના જોડાણનો સંબંધ છે, અને માતા-પિતા, ભાઈ-બહેન વચ્ચેના લોહીના સંબંધ છે. દર વર્ષે ૧૫ મેના રોજ ઉજવવામાં આવતો આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ, સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા સમાજના પાયાના પથ્થર તરીકે પરિવારની મહત્વપૂર્ણ ભૂમિકાને માન્યતા આપવા માટે સ્થાપિત કરવામાં આવ્યો હતો. તેમજ આ દિવસ પરિવારો દ્વારા સામનો કરવામાં આવતા પડકારો પ્રત્યે વૈશ્વિક જાગૃતિ લાવવા અને તેમના કલ્યાણ અને વિકાસને ટેકો આપતી પહેલોને પ્રોત્સાહન આપવાનો પણ પ્રયાસ કરે છે.શું તમે જાણો છો કે દર વર્ષે આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ માટે એક થીમ નક્કી કરવામાં આવે છે. તેમજ ગયા વર્ષે એટલે કે ૨૦૨૪ માં, 'પરિવાર અને આબોહવા પરિવર્તન' આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસની થીમ હતી. તો ચાલો આ વર્ષની થીમ વિશે પણ માહિતી મેળવીએ. તમને જણાવી દઈએ કે આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ ૨૦૨૫ ની થીમ છે – પરિવાર વિના જીવન અશક્ય છે.બસ એ જ સાથેદરેક પરિવારને જીવનભર એકતા, પ્રેમ અને સહિયારી યાદોની શુભેચ્છા.

# પાકિસ્તાનને સમર્થન આપનાર ત્રણ દેશોના પ્રવાસનો બહિષ્કાર

**પર્યટકોને તુર્કી, ચીન અને અજરબૈજાનમાં ફરવા ન જવા અનુરોધ: કચ્છ ટુર ઓપરેટરોની મળેલી બેઠકમાં કરાયો અનુરોધ**

ભુજ : સમગ્ર વિશ્વમાં જ્યારે આતંકવાદને ખતમ કરવા ભારતે જે નેતૃત્વ પૂર્વક લડાઈની શરૂઆત કરી તેમાં બારતની સાથે ખંભા મીલાવીને ઉભવાની જગ્યાએ પાકિસ્તાનની સાથે રહેલા તુર્કી, અજરબેઝાન અને ચીનનો બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે કચ્છ ટુર ઓપરેટર એસોશિએશન દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ ત્રણેય દેશોનો સંપૂર્ણપણે બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાયો છે.

ચાઈનીઝ વસ્તુઓનો સદંતર બહિશ્કાર કરવો, જેથી આર્થિક રીતે ચીનને તકલીફ પડે. કેમ કે, પાકિસ્તાનને સૌથી વધુ ઉશ્કેરતો દેશ ચીન જ હતો. કચ્છમાં જે ડ્રોન પડ્યા છે તે તમામ ચીન અને તુર્કીની બનાવટના જ ડ્રોન હતા. ચાઈનીઝ વસ્તુઓ વાપર્યા વગર, તુર્કી અને અજરબેઝાનનો પ્રવાસ કર્યા વગર દુનિયામાં ઘણુ બધુ ફરવા લાયક છે. કચ્છમાં જ એટલી બધી કુદરતી સૌદર્યવાળી જગ્યાઓ છે, આ ત્રણેય દેશોનો બિષ્કાર કરીને કચ્છના જ સ્થળોએ ટુર કરીએ તો આપણે આડકતરી રીતે પણ દેશભક્તિ તો કરી જ શકીએ.

તાજેતરમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, લોહી અને પાણી એક સાથે વહી ના શકે, આતંકવાદ અને શાંતિની વાત થઈ ના શકે, તો પછી આતંકવાદ અને ટુરીઝમ કેમ થઈ શકે. કચ્છના ટુર એપરેટરો આ ત્રણેય દેશોનો સદંતર બરિષ્કાર કર્યો હતો. સાથે સાથે પર્યટકોને પણ આ દેશમાં ફરવા ન જવા માટે અનુરોધ કર્યો હતો.

## સુમરાસરમાં પરિણીતાને મરવા માટે મજબુર કરનાર પતિ સહિત સાસરીયાઓ સામે ફરિયાદ

ભુજ : તાલુકાના સુમરાસર (શેખ) ગામે પરિણીતાએ આપઘાત કરી લીધો હતો. જેમાં મરવા માટે મજબુર કરનાર સાસરીયાઓ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ભોગ બનનારના પિતા મોટી ખાખરમાં રહેતા અલીમામદ આમદ બાયડે આ બાબતે હતભાગીના પતિ મજીદ રમજાન શેખ, સાસુ હવાબાઈ, નણંદ કુલસુમ, જેઠાણી મરીયમબાઈ અધાભા શેખ સામે માધાપર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો. ફરિયાદીની દિકરી જન્નત ઉર્ફે મેમુનાને લગ્નના બે વર્ષ બરોબર રાખી બાદમાં નવ વર્ષ સુધી સંતાન થતા નથી તે બાબતે ત્રાસ આપવામાં આવ્યો, દિકરીનો જન્મ થયો ત્યારે સાસરીયાઓ દ્વારા અમને દિકરો જોઈએ છીએ તેમ કહી ત્રાસ અપાયો. અવારનવાર મારકુટ અને છુટાછેડા આપવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

છુટાછેડા ન જોઈતા હોય તો બે લાખની માંગણી કરવામાં આવી હતી. જેમાં ફરિયાદીએ દોઢ લાખ રૂપિયા આપ્યા હતા. તેમ છતાં મારઝુડ કરી ત્રાસ અપાતા અંતે મહિલાની ધીરજ ખુટી અને આ પગલું ભરી લીધું હતું. જે અંગે પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

# મોટા અંગિયા ગ્રુપ શાળાના મદદનીશ શિક્ષકને પર્યાવરણ સંરક્ષક એવોર્ડ

ભુજ : માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, કપડવંજ, બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ,મહેસાણા અને અનંતા એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા ,પ્રકૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે કટિબદ્ધ રહેતા પર્યાવરણ સંરક્ષકોને સન્માન પત્ર આપવામાં આવ્યા હતા. ગ્લોબલ વોર્મિંગના સમયમાં અનેક પર્યાવરણીય પડકારો વિશે જાગૃતિ ફેલાવી, પ્રકૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટેના પરિણામલક્ષી પગલાં ભરવા સંકલ્પબદ્ધ થઈને મહત્ત્વપૂર્ણ યોગદાન માટે પર્યાવરણ સંરક્ષક એવોર્ડથી એનાયત કરવામાં આવતું હોય છે. મૂળ કોઠારા તા.અબડાસાના વતની અને છેલ્લા ૧૮ વર્ષોથી નાના અંગિયા પ્રાથમિક શાળા મધ્યે,પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા, વિશાલ વિશ્વેશ જોશી પોતાની શાળામાં પર્યાવરણને લગતી વિવિધ કામગીરી કરીને પર્યાવરણ સંરક્ષક તરીકેની ભૂમિકા અદા કરી રહ્યા છે.

ઘણા વર્ષો અગાઉ,ગામમાં પ્લાસ્ટિકના ઝબલાનો સંપૂર્ણપણે બહિષ્કાર માટે નાટિકા કરવામાં આવી હતી. અને સમગ્ર ગામ પ્લાસ્ટિક ઝબલા મુક્ત ગામ બન્યું હતું . જેમાં જે તે સમયે સમગ્ર ગામના વેપારીઓ તેમજ ગ્રામજનો દ્વારા પ્લાસ્ટિકના ઝબલાનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. જેમાં જે તે સમયે નખત્રાણા પ્રાંત અધિકારી તેમજ તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા આ કાર્યની નોંધ લેવામાં આવી હતી. બાદ, જૈવિક અને અજૈવિક કચરો માટે શાળાના વિધાર્થીઓ સાથે કમ્પોસ્ટ ખાડા સાથેનું પ્રોજેક્ટ પણ શાળા કક્ષાએ હાથ ધરવામાં આવ્યું હતું.

પોતાના ઘર આંગણે વિવિધ પ્રકારના રોપા તૈયાર કરીને લોકોને વિનામુલ્યે વિતરણ, શાળામાં વિધાર્થીઓને જન્મ દિવસ મીઠા લીમડા,તુલસી તેમજ ફૂલ છોડના રોપાની ભેટ આપવા જેવા વિવિધ પ્રકાર ની પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે. ચોમાસા અગાઉ અલગ અલગ જગ્યાએથી લીંબોળી એકત્ર કરીને ચોમાસાની ઋતુમાં આસપાસના સીમાડાના વિસ્તારોમાં લીંબોળીનું છંટકાવ સહિતની અલગ અલગ પ્રકારની પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે. શાળામાં સ્વચ્છતા, વૃક્ષારોપણ, વીજ બચત, પ્લાસ્ટિક મુક્તિ, પ્રદૂષણ નિવારણ જેવી વિવિધ પ્રકારની પ્રવૃતિઓ દ્વારા વિધાર્થીઓમાં બાળપણથી જ પર્યાવરણ અને પ્રકૃતિનું જતન કરવામાં આવતું હોય છે.

# ભુજમાં ટેમ્પો હડફેટે યુવાનનું મોત

ભુજ : શહેરમાં ગ્રાન્ડ ૩-ડી હોટલ સામે હનુમાન મંદિર પાસે બે દિવસ પહેલા અકસ્માત થયો હતો. જેમાં યુવાનનું મોત થયું હતું. આ બનાવમાં ટેમ્પો ચાલક સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ બાબતે મળતી વિગતો મુજબ નાગોરના અનીલભાઈ ખીમજીભાઈ વાઘમશીએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપી ટાટા કંપનીના ટેમ્પો નંબર જી.જે ૧૨ બીઝેડ ૮૬૮૬ના ચાલકે પોતાનો વાહન પુરઝડપે ચલાવી ફરિયાદીના ભાઈ ૩૦ વર્ષિય નાગોરના અજયભાઈ ખીમજીભાઈ વાઘમશીને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા મોત થયું હતું. અકસ્માત સર્જીને ટેમ્પો મુકી ચાલક ભાગી ગયો હતો. જેથી ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

--------

## ખાવડા વિસ્તારમાં યુવાન સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરાયું

ભુજ : તાલુકાના ખાવડા વિસ્તારમાં યુવાન સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરવામાં આવ્યું હતું. આ બાબતે મળતી વિગતો મુજબ આરોપીઓએ ભોગ બનનાર યુવકને ગાડીમાં બોલાવી વીડિયો ઉતારી સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય કરી આ વીડીયો વાયરલ કર્યો હતો. જે બાબતે મુસ્તાક આમદ સમા, રજાક આમદ સમા અને સનાવાલા સાલે સમા ફરિયાદ થયા બાદ પોલીસે આરોપીઓને ઝડપી લેવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

-----------

## માધાપરમાં ચાર વાહનમાંથી બેટરી ચોરાઈ

ભુજ : તાલુકાના માધાપર ગામે માહી ડેરીની સામે




આવેલ રાધે ક્રિષ્ના ટેમ્પો સર્વિસમાં આવેલા વાહનોમાંથી બેટરી ચોરાઈ હતી. ફરિયાદી રમેશભાઈ દેવજીભાઈ આહીરના જણાવ્યા પ્રમાણે ટેમ્પો નંબર જી.જે.૧૨. સીટી ૪૫૦૬માંથી ૮ હજારની બેટરી, જીજે ૧૨ બીઝેડ ૫૧૫૮માંથી ૪૫૦૦ નું ડીઝલ, જી.જે.૧૨. સીટી ૭૪૭૦ અને જી.જે.૧૨. બીઝેડ ૦૩૧૬ માંથી બેટરી મળી કુલ્લ ૨૮૫૦૦ ની મતાની ચોરી કરવામાં આવી હતી. જેથી માધાપર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

--------

## આદીપુર-વરસામેડીમાં દારૂ પકડાયો

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં પોલીસે આદીપુર અને વરસામેડીમાં દારૂ ઝડપી લીધો હતો. આદિપુરમાં સાતવાળી વિસ્તારના સી.બી. એક્સ. મકાન નંબર ૨૩૩માં પોલીસે છાપો માર્યો હતો. આ મકાનમાંથી રૂા. ૨૦,૦૦૦નો ૧૦૦ લીટર દેશી દારૂ તથા રૂા. ૧૦,૩૦૦ની નવ બોટલ જપ્ત કરી હતી. બીજી બાજુ વરસામેડીના અરિહંતનગરમાં મહાદેવ મંદિર પાસે પ્લોટ નંબર ૭૬માં આવેલી છેલ્લી ઓરડીમાં પોલીસે કાર્યવાહી કરી રાહુલ સુરજ પટેલ (રહે કેશવનગર વરસામેડી)ની ધરપકડ કરી બ્લેન્ડર્સ પ્રાઇડ ૭૫૦ મી.લી.ની પાંચ બોટલ તથા ટયૂબર્ગ બિયરનાં ૨૦ ટીન એમ કુલ રૂા. ૭૩૫૫નો દારૂ જપ્ત કર્યો હતો. આ બંને કાર્યવાહીમાં દારૂ કયાંથી આવ્યો તે સામે આવ્યું નથી.

# કચ્છ જિલ્લા પંચાયતના અધિક મદદનીશ ઈજનેરોની બદલી

ભુજ : કચ્છ જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા ૧૪ અધિક મદદનીશ ઈજનેર સંવર્ગ-૩ના કર્મચારીઓની વહિવટી કારણોસર બદલીના આદેશ કરાયા હતા.

પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા ૧૪ કર્મચારીઓની તાત્કાલિક બદલીનો હુકમ કરાયો હતો, જેમાં નિકિતા બી. પટેલને જિલ્લા પંચાયત બાંધકામ વિભાગમાંથી પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ, ભુજ, વિજયકુમાર ચૌધરીને પંચાયત મા.મ. પેટા વિભાગ ભુજથી નખત્રાણા, હાર્દિક બગ્ગાને પંચાયત મા.મ. પેટા વિભાગ ભુજથી ભચાઉ, હાર્દિક દરજીને પંચાયત મા.મ. પેટા વિભાગ માંડવીથી મુંદરા, વિનોદ પ્રજાપતિને પંચાયત મા.મ. પેટા વિભાગ મુંદરાથી જિલ્લા પંચાયત બાંધકામ વિભાગ, અલ્પેશ બામણિયાને પંચાયત મા.મ. પેટા વિભાગ ભચાઉથી માંડવી, કાનાભાઈ આહિરને તાલુકા પંચાયત ભુજથી તા. પં. નખત્રાણા, ઈલેવાનસિંહ રાજપૂતને તા.પં. માંડવીથી તા. પં. ભુજ, લાલચંદ જોષીને તા. પં. અબડાસાથી પાણી પુરવઠા જિ.પં. ભુજ, ચિરાગ ગ્વાલાણીને તા.પં. ગાંધીધામથી પાણી પુરવઠા જિ.પં. ભુજ, હરપાલસિંહ જાડેજાને તા.પં. મુંદરાથી પંચાયત મા.મ. પેટા વિભાગ ભુજ, જિજ્ઞાસા વાઘજિયાણીને તા.પં. નખત્રાણાથી પંચાયત મા.મ. પેટા વિભાગ નખત્રાણા, રમેશ ડાંગરને તા.પં. રાપરથી મા.મ. પેટા વિભાગ ભુજ, સંજયકુમાર ચૌધરીને તા.પં. અંજારથી તા.પં. માંડવી મૂકાયા છે. વિરલ પંડ્યાને તાલુકા પંચાયત લખપતની મૂળ કામગરી ઉપરાંત તા.પં. અબડાસાની વધારાની કામગીરી સોંપાઈ છે.

# ભચાઉ સમીપે ૩.૪ની તીવ્રતાનો આંચકો

**ગત સાંજે ૬.૫૫ કલાકે અનુભવાયું કંપન : ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૨ કિમી દૂર નોંધાયું**

ભચાઉ : ભૂકંપ સંભવિત ક્ષેત્રના ઝોન-પાંચમાં સમાવિષ્ટ કચ્છ જિલ્લામાં અનેક સક્રિય ફોલ્ટલાઈન આવેલ છે. જિલ્લામાં સમયાંતરે ભૂકંપના નાના-મોટા આંચકાઓ અનુભવાતા રહે છે ત્યારે બુધવારે સાંજે ૬.૫૫ કલાકે ભચાઉ નજીક ધરા ધ્રુજી ઉઠી હતી. સક્રિય વાગડ ફોલ્ટ લાઈન પર ૩.૪ની તીવ્રતાનું કંપન અનુભવાયું હતું. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટર ખાતે ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૨ કિલોમીટર ઉત્તર-પૂર્વ દિશાએ નોંધાયું હતું. રિકેટર સ્કેલ પર આંચકાની તિવ્રતા ૩.૪ અંકિત થઈ હતી.

# મીંઢીયારી ગામે સબ સ્ટેશન દવાખાનું બનાવવા માંગ કરાઈ

દયાપર : લખપત તાલુકાના મીંઢીયારી જૂથ ગ્રામ પંચાયતમાં પાંચ ગામોનું સમાવેશ થાય છે. તેમાં ૪૬૫૦ ની વસ્તી છે. આ ગામોનું નવાનગર સબ સ્ટેશનમાં સવાવેશ કરવા આવ્યો છે તે અંદાજે ૧૫ કિ.મી. દૂર છે. આ ગામોમાં કોઈ અચાનક બિમાર પડે તેને લઈ જવામાં ભારે હાલાકી વેઠી પડતી હોવાથી તાત્કાલીક ધોરણે સબ સેન્ટરની મંજૂરી આપવામાં આવે તેવી માંગ મીંઢીયારી જૂથ ગ્રામ પંચાયતે રાજ્યના આરોગ્ય મંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે. બીજુ પાંચ ગામોને દર ચોમાસામાં આપતકાલીન સમયે માણસોને દવા લેવા માટે પહોંચાડી શકાતા નથી. ગયા વર્ષે ચોમાસાની સિઝનમાં બેખણા ગામમાં એકજ પરિવારના પાંચ માણસો મૃત્યુ પામ્યા હતા. મીંઢીયારી ગામે તાત્કાલિક સબ સ્ટેશન દવાખાનું બનાવવામાં આવે તો કદાચ આવી પરિસ્થિતિનું નિર્માણ થયું ન હોત માટે મીંઢીયારી ગામે તાત્કાલિક એક સબ સ્ટેશનને મંજૂરી આપવામાં આવે તેવી રજૂઆત જૂથ ગ્રામ પંચાયતે કરી છે.

# અંજારના વાડાની સીમમાં પવનચક્કીમાંથી ૨.૧૫ લાખની માલમતાની ચોરાઈ

અંજાર : તાલુકાના વાડા સીમમાં આવેલ એકમમાંથી તસ્કરો રૂા.૨.૧૫ લાખની માલમતા ચોરી ગયા હતા. વાડા સીમ સર્વે નં. ૮૩માં આવેલી રિન્યુ પ્રા. લી. કંપનીની પવનચક્કીમાં ગત તા.૭-૪ના ચોરીનો બનાવ બન્યો હતો.

ચોરીના બનાવ અંગે વાલાભાઈ કાનાભાઈ મકવાણાએ નોધાવેલી ફરિયાદ મુજબ અજાણ્યા આરોપીએ પવનચક્કીમાં લાગેલા કેબલ વાયર તથા ટ્રાન્સફોર્મર, ઓઈલ ૧૫૦૦ લિટર કિં.રૂા.૩૦ હજાર તથા ટ્રાન્સફોર્મર કોર એન્ડ વાયન્ડિંગ ૩૭૦૦ કિલો કિં.રૂા. ૧.૮૫ લાખ મળી કુલ્લ ૨.૧૫ લાખની ચોરી કરી હતી. જે અંગે અંજાર પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# યુદ્ધની પરિસ્થિતિ ટાણે ફરી એકવાર રણછોડ પગી યાદ આવ્યા

ભુજ : હાલમાં સર્જાયેલી તણાવ ભરી સ્થિતિમાં સરહદે સેનાના જવાનો દ્વારા પાકિસ્તાની ડ્રોન તોડી પડાયા આ અગાઉ કચ્છ સરહદે ૧૯૬૫, ૧૯૭૧માં યુદ્ધ થઈ ચુકયા છે. તે સમયે ટેકનોલોજીનો અભાવ હતો. જેથી પગીની મદદ લઈ સેનાએ દુશમન દેશને લપડાક આપી હતી. ૧૯૬૫ના યુદ્ધમાં મહત્વની ભૂમિકા ભજવનારા રણછોડભાઈ પગીને ફરી એકવાર આજના તબક્કે લોકો યાદ કરી રહ્યા છે. કચ્છમાં કેટલાક પગી હતા જે લશ્કર, પોલીસ સહિત વિવિધ સરકારી તંત્રને મદદરૂપ રહ્યા હતા. ૧૯૬૫ના યુદ્ધની શરૂઆતમાં પાકિસ્તાની સેનાએ કચ્છ સરહદે વિઘાકોટ પર આક્રમણ કરતાં લગભગ ૧૦૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા. ભારતીય સેનાના ૧૦ હજાર સૈનિકોની ટુકડીને ત્રણ દિવસમાં પહોંચવાની જરૂર હતી, ત્યારે રણછોડદાસ પગીએ રણના રસ્તાઓ પર તમેની પકડને કારણે સેનાને નિર્ધારિત સમયથી ૧૨ કલાક પહેલા ગંતવ્ય સ્થળ સુધી પહોંચાડ્યા




હતા. ૧૯૭૧ ના યુદ્ધમાં પણ સેનાને માર્ગદર્શન આપવા સાથે મોરચામાં દારૂગોળો પહોંચાડવા મદદરૂપ ભૂમિકા ભજવી હતી. સારી કામગીરી બદલ એવોર્ડ પણ મળ્યા છે. ૨૦૦૯ માં તેઓએ સૈન્યમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી તે સમયે પગીની ઉંમર ૧૦૮ વર્ષ હતી. તેમનું ૨૦૧૩ માં ૧૧૨ વર્ષની વયે અવસાન થયું હતું.ઉત્તર ગુજરાતના સુઇગાંવ આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારની એક સરહદી ચોકીનું નામ પણ રણછોડદાસ ચોકી આપવામાં આવ્યું છે. આવું પહેલીવાર બન્યું જયારે એક સામાન્ય માણસના નામે પ્રતિમા અને આર્મી પોસ્ટ ઉભી કરવામાં આવી હતી. પગીનો અર્થ માર્ગદર્શક છે, એટલે કે જે વ્યક્તિ રણમાં રસ્તો બતાવે છે. રણછોડદાસ રબારી બનાસકાંઠા જિલ્લામાં પાકિસ્તાનની સરહદે આવેલા ગામ પેથાપુરના રહેવાસી હતા. તેઓ ગાય ઉછેરનું કામ કરતા અને ૫૮ વર્ષની વયે બનાસકાંઠાના પોલીસ અધિક્ષક વનરાજસિંહ ઝાલાએ તેમને પોલીસ માર્ગદર્શક તરીકે રાખ્યા ત્યારે તેમનું જીવન બદલાઈ ગયું તેઓ એટલા કુશળ હતા કે માત્ર ઊંટના પગના નિશાન જોઈને તેઓ કહી શકે કે તેના પર કેટલા લોકો સવાર હતા. માનવ પગના નિશાન જોઈને તેઓ વજનથી લઈને ઉંમર સુધી અનુમાન લગાવતા હતા. કેટલા સમય પહેલા માર્ક છે અને તે કેટલું દૂર ગયું હશે, બધા સચોટ અંદાજ, જાણે કમ્પ્યુટર ગણતરી કરી રહ્યું હોય. આજે યુદ્ધભરી સ્થિતિમાં સુરક્ષાદળના જવાનો હોય કે, પછી સરહદી ગામોમાં રહેતા લોકો આજે પણ રણછોડદાસ પગીને યાદ કરી રહ્યા છે.

# ભુજના પ્રસાદી મંદિરે ઘનશ્યામ મહારાજ પંચ દશાબ્દી મહોત્સવનો પ્રારંભ

**શિક્ષાપત્રી ભાષ્યની સંગીતમય કથાના પ્રારંભ પૂર્વે નીકળી પોથીયાત્રા : પાંચ દિવસીય ધર્મોત્સવ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન**

ભુજ : શહેરના પ્રસાદી મંદિરમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજનો ૧૫મો વાર્ષિક પાટોત્સવ તા.૧૭-૫ના ઉજવાશે. શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે ભુજના પ્રસાદી મંદિર ખાતે પંચ દશાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પાંચ દિવસીય જ્ઞાનસત્રનો બુધવારે પ્રારંભ થયો હતો. આ જ્ઞાનસત્રમાં વિદ્વાન સંતો દ્વારા શ્રી હરિએ સ્વંય લખેલી શિક્ષાપત્રી ભાષ્યની સંગીતમય કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. ગઈકાલે સવારે મોટા મંદિરેથી ભવ્ય પોથીયાત્રા પ્રસાદી મંદિરે પહોંચી હતી, જેમાં એક ઢોરની મંડળી - દહીંસરા, રામપર જૂનાવાસ, રામપર નવાવાસ, વેકરા, નારાણપરના બન્ને વાસ, સુરજપર, કુંદનપર, કેરા, બળદિયાની મંડળીઓ અને હરિભક્તો જોડાયા હતા.

કથાના વક્તા તરીકે ડૉ. સ્વામી અક્ષરમુનિદાસજી, પુરાણી સ્વામી દેહવિહારીદાસજી, સંગીતકાર સ્વામી જનમંગલદાસજી, સ્વામી દેવપ્રિયદાસજી સેવા આપશે. સભા સંચાલક તરીકે શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી અને ડૉ. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી સેવા આપી રહ્યા છે. યજમાન પદે ભુજ મંદિરના કોઠારી પાર્ષદ જાદવજી ભગત તેમજ સુરજપરના સાંખ્યયોગી કેશરબાઈ કુંવરજી પીંડોરિયા રહ્યા છે. પોથીયાત્રામાં પારાયણના બન્ને વક્તા, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, મુકુંદજીવનદાસજી, પુરાણી હરિબળદાસજી સ્વામી, પુરાણી સ્વામી પ્રકાશદાસજી, શાસ્ત્રી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી બાળકૃષ્ણદાસજી સહિત સંતો અને યજમાન પરિવારના સભ્યો જોડાયા હતા.

સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે મહોત્સવનો પ્રારંભ થયો હતો. સાંજે વક્તા વિજયભાઈ ડોબરિયા (રાજકોટ)ના વ્યાખ્યાન બાદ સાંજે રાસોત્સવ ઉજવાયો હતો. આજથી તા.૧૮-૫ સુધી બે સત્રમાં કથા ચાલશે. આજે સાંજે ગુરૂકુલ શિક્ષા વિષય પર પાર્થસિંહ ગોહિલ (ભરૂચ) વક્તવ્ય આપશે. આવતીકાલે સાંજે વેદ પરંપરા અને આપણું કર્તવ્ય વિષય પર ડૉ. કાંતિ ગોર વક્તવ્ય આપશે. સાંજે બ્રાહ્મણોના પૂજન, ભોજન, દક્ષિણા અને મહાઆરતીનું આયોજન કરાયું છે. શનિવારે ગૌમાતા ધર્મ અને સંસ્કૃતિનો આધાર વિષય પર ઘનશ્યામ સીતાપર (અમદાવાદ) વ્યાખ્યાન કરશે. તા.૧૮-૫ના સવારે શિક્ષાપત્રી પૂજન, શોભાયાત્રા બાદ સાંજે ભુજ મંદિરના મહંતો અને વડીલ સંતોના જીવન કવન બાદ મહોત્સવનું સમાપન થશે. પ્રસાદી મંદિરના મહંત સદગુરૂ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા યજમાન પરિવાર દ્વારા સર્વે હરિભક્તોને મહોત્સવનો લાભ લેવા નિમંત્રણ પાઠવાયું છે.

# ગાંધીધામ નજીક આગળ ઊભેલાં ટ્રેઇલરમાં બાઇક ભટકાતાં એકનું મોત

ગાંધીધામ : ભચાઉથી ગાંધીધામ જતા નેશનલ હાઈવે પર ગાયત્રી પેટ્રોલપંપની સામે અકસ્માત થયો હતો. આગળ ઊભેલાં ટ્રેઈલરમાં બાઈક ભટકાતાં વરસામેડીના ૨૨ વર્ષિય પ્રશાંત નરેશ સિંઘનું મોત થયું હતું. હતભાગી બાઈક નંબર જી.જે.-૧૨-ડી.પી.-૭૫૦૬ લઈને ઘરેથી નીકળ્યો હતો, બાદમાં ગાયત્રી પેટ્રોલપંપ સામે ખોટકાઈને ઊભેલાં ટ્રેઈલર નંબર જી.જે.-૧૨-બી.એક્સ.-૮૨૩૬માં પાછળથી ભટકાતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં તેનું મોત થયું હતું. આ બાબતે ગાંધીધામ બી ડિવિઝન પોલીસમાં નરેશસિંઘે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, આરોપી ટ્રેઈલરના ચાલકે કોઈપણ પ્રકારના ઈશારા કે આડશ વગર રોડ પર ટ્રેઈલર પાર્ક કર્યું હતું. ટ્રેઈલર બ્રેકડાઉન થતા આ પ્રમાણે મુકવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. બેદરકારીના કારણે દિકરાનું મોત થયું હતું. બી ડિવિઝન પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ભચાઉની કેબીનમાં લાગી આગ

ભચાઉ : શહેરના મંગલેશ્વર મંદિરની બાજુમાં કેબિનમાં આગ લાગી છે, જેની બાજુની દુકાનમાં ગેસ ના બાટલા રાખેલા છે. આગ લાગી હોવા અંગે ભચાઉ ફાયરની ટીમને જાણ કરવામાં આવતા ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ૧ કલાકની મહેનત બાદ આગ પર સંપુર્ણ કાબુ મેળવ્યો હતો. કામગીરીમાં પ્રવીણ દાફડા, કુલદીપભાઈ, શક્તિસિંહ જોડાયા હતા.

# રવાપરમાં વસતી પત્રક વિમોચન સમારોહ

રવાપર : પશ્ચિમ કચ્છ લોહાણા (રઘુવંશી) પરિવારના નખત્રાણા - અબડાસા અને લખપત તાલુકાના વસતી પત્રક વિમોચન સમારોહ તા. ૧૧-૫ના વર્તમાન પરિસ્થિતિમાં મુલતવી રખાયા બાદ તે સમારોહ રવાપર ખાતે તા. ૧૮-૫ના રવિવારે સાંજે ૪ કલાકે પુનઃ ધામધૂમથી ઉજવવા તૈયારી કરાઈ છે.

જેમાં સાંજે ૪:૩૦ કલાકે ભવ્ય લોકડાયરામાં રાજ ગઢવી અને રાજેશ ગઢવી બાદ સંતોના ઢોલ શરણાઈથી ભવ્ય સામૈયા અને આશિવચન બાદ આમંત્રિત મહેમાનોના સન્માન અને સંદેશ બાદ વસતી પત્રક બુકનું ધમાકેદાર વિમોચન હાથ ધરાશે. સમૂહપ્રસાદ અને બુકનું વિતરણ હાથ ધરાશે. તો જ્ઞાતિજનોએ લાભ લેવા પશ્ચિમ કચ્છ લોહાણા રઘુવંશી વસતી સમિતિની યાદીમાં જણાવ્યું છે. કાર્યક્રમમાં સંતો, આગેવાનો, મુખ્ય મહેમાનો, અતિથિઓ હાજરી આપશે.

**મકાન વેચવાનું છે**
શક્તિનગર ગાંધીધામમાં
૨૪૦ વારનું
સારા એરીયામાં
સંપર્ક : 97278 68879
દલાલ મિત્રોએ તસ્દી લેવી નહીં.

**વીજય નગર મકાન ભાડે આપવાનું છે**
યોગેશ્વર ચોકડી, હનુમાનજી મંદીર ની બાજુમાં અંજાર.
સંપર્ક : 90993 46691
84604 91399

**એચ.બી.વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, રાપરની કોર્ટમાં**
કાભુંકા રોડ, રાપર-કચ્છ. જન્મ નોંધણી અરજી રજી. નં.૮૧/૨૦૨૫
જાહેર નોટીસ
શ્રી રાજાભાઈ મેઘાભાઈ બારવડિયા, રહે.સેલારી, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, સેલારી, તા.રાપર-કચ્છ. ..... સામાવાળા
વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી રમેશભાઈ ગોપાલભાઈ હરીજન (ધવડ), રહે.સેલારી, તા.રાપર વાળા એ તા.૦૩/૦૪/૨૦૨૫ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી હીરીબેન રાજાભાઈ બારવડિયાનો જન્મ મોજે, સેલારી, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૩/૦૫/૧૯૮૪ના રોજ થયેલ છે, પરંતુ તેમની અજ્ઞાનતાના તથા ગેરસમજના કારણે જન્મ અંગેની નોંધણી મોજે સેલારી, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૮૪ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૮૧/૨૦૨૫ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઇસમો નોંધ લેશો.
તા. ૦૮/૦૪/૨૦૨૫
(એચ.બી.વાઘેલા)
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપર-કચ્છ

**જાહેર સમન્સ**
પ્રોસેસ નં. ૫૧૬/૨૫ દિ.કા.નં. ૫૯/૨૦૨૨
સ્વ.કાનુભા ખેરૂભા જાડેજા ગુજરી જતા તેના વારસો
૧.જાડેજા મેઘરાજજી કાનુભાઉ વિ. ૨ જણ ... વાદી
વિરૂધ્ધ
૧) પુંજા ગોપાલભાઇ પટેલ
રહે.મઉ રત્નાપર, તા.માંડવી-કચ્છ. ... પ્રતિવાદી
વાદીના વ.શ્રી :- એ.આર.નારેજા, આર.બી.શાહ
આથી આ જાહેર સમન્સથી તમો ઉપર જણાવેલ પ્રતિવાદીને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત કામે વાદીના વ.શ્રી તરફથી દાવો દાખલ કરવામાં આવેલ છે તે દાવાનો જવાબ આપવા માટે અત્રેની કોર્ટમાં જાતે અથવા મુખત્યાર કરેલ વકીલ મારફતે મુદત તા. ૧૨-૦૬-૨૦૨૫ના રોજ સવારે ૧૦.૩૦ વાગે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીમાં યોગ્ય હુકમ કરી આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.
આજરોજ તારીખ ૯ મી માહે - મે, સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરેલ છે.
તૈયાર કરનાર (બી.એમ.ઝાલા) આસીસ્ટન્ટ ન્યાય કોર્ટ, માંડવી
મુકાબીલ કરનાર (સી.વી.વોરા) આસીસ્ટન્ટ ન્યાય કોર્ટ, માંડવી
આદેશથી (બી.કે.વાઘેલા) રજીસ્ટ્રાર કમ નાઝીર ન્યાય કોર્ટ માંડવી

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# જીએમડીસીના ૬૨માં સ્થાપના દિવસની કરાઈ ઉજવણી





ભુજ : ગુજરાત રાજ્ય ખનિજ કર્મચારી સંઘ જીઆરકેકેએસ પાનધ્રો દ્વારા ગૌશાળામાં ગાયોને લીલાચારાનું વિતરણ કરીને ઉજવણી હતી.

ગુજરાત રાજ્ય ખનિજ કર્મચારી સંઘના હોદેદારો જીએમડીસીના કર્મચારીઓ તેમજ ગ્રામજનો સાથે રહીને જીએમડીસીના ૬૨ માં સ્થાપન દિવસ નિમિત્તે પાનધ્રો ખાતે ગાયોને લીલો ચારોનું વિતરણ કરીને ઉજવણી કરવામાં આવી હતી. ગઢશીશા પ્રોજેક્ટ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ સંસ્થાના પ્રમુખ નરેન્દ્રસિંહ સોઢા જણાવ્યું કે સંસ્થાના સહયોગથી દર વર્ષે મેડિકલ કેમ્પ, દિવાળીના પર્વ નિમિત્તે જરૂરમંદોને મીઠાઈ વિતરણ, શિયાળામાં દાબડાનું વિતરણ અને સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવતી હોય છે. આયોજનમાં બ્રાન્ચ સેકટરી મિતેષભાઈ ઠક્કર, પ્રાન્ધ્રો યુનીયનના સભ્યો ઉપસ્થિતિ રહ્યા હતા.

# શ્રમિકોને રોજગારી આપતી વખતે તેમનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગેના પૂરાવા મેળવવાના રહેશે

ભુજ : કચ્છ જિલ્લાના શહેર તથા ગ્રામ્ય રહેણાંક વિસ્તારોમાં તથા ઓદ્યૌગિક વિસ્તારોમાં અને અન્ય ખાનગી એકમોમાં મોટી સંખ્યામાં અસંગઠિત શ્રમિકો - કામદારોને રોજગાર આપવામાં આવે છે. રોજગાર આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા-એકમો તરફથી શ્રમિકો-કામદારોના કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી નથી જેના કારણે અસામાજિક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યક્તિઓ અને ભારતીય નાગરિકતા નહીં ધરાવતી વ્યક્તિઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે આપણા દેશ અને રાજ્યની આંતરિક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી. જે અન્વયે શ્રમિકો-કામદારોના પૂર્વ ઈતિહાસ, નાગરીકતા અને ઓળખ અંગે ખાત્રી કરી લેવાની કાર્યવાહી કરવી જરૂરી જણાય છે.

કચ્છ-ભુજ જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કચ્છ જિલ્લાનાં કાર્યક્ષેત્રમાં કોઈપણ સંસ્થા - એકમ તરફથી શ્રમિકો - કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે તે સંસ્થા/એકમે આ શ્રમિકો/કામદારોના પૂર્વ ઈતિહાસ ચકાસવાના રહેશે અને તેનું રેકર્ડ રાખવાનું રહેશે. કચ્છ જિલ્લાનાં કાર્યક્ષેત્રમાં કોઈપણ સંસ્થા - એકમ તરફથી શ્રમિકો - કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે તે સંસ્થા - એકમે શ્રમિકો - કામદારોની નાગરિકતા અને ઓળખ અંગેના પુરાવા મેળવવાના રહેશે અને તે બાબતનું રજિસ્ટર નિભાવવાનું રહેશે તથા સંબંધિત પોલીસ સ્ટેશનમાં તેની માહિતી પૂરી પાડવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ જાહેરનામું તા.૧૦/૭ સુધી અમલમાં રહેશે.

# નિવૃત શિક્ષકે સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં સહયોગ આપી સમાજને આપી નવી રાહ



ભુજ : યુદ્ધ હોય કે શાંતિ આપણી સશસ્ત્ર સેનાઓ દેશની સેવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપતી રહી છે. રાષ્ટ્રની વિશાળ સરહદોના રક્ષણ માટે જ્યારે જ્યારે હાકલ પડી છે ત્યારે ત્યારે આપણી સેનાએ નિસ્વાર્થ કર્તવ્ય પરાયણતા અને રણભૂમિમાં પોતાની સવર્શ્રેષ્ઠ કાર્યદક્ષાતાની મિશાલ કાયમ કરી છે. વિષમ પરિસ્થિતિ અને કઠિન પરિબળો વચ્ચે દેશનાં સિમાળાઓ પર ફરજ બજાવતા દેશના જવાનોની બહાદુરી અને સાહસને બિરદાવવી તે પણ દેશના નાગરિકોની નૈતિક ફરજ છે તેવા ઉચ્ચ ઉદ્દેશ્યો ધરાવતા મૂળ દહિસરાના અને હાલ ભુજ ખાતે સ્થાઈ થયેલ નિવૃત શિક્ષક વસંતભાઈ જોશી તરફથી તેઓનાં સ્વ. માતુશ્રી ઝવેરબેન જેરામભાઈ જોશીની સ્મૃતિમાં જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીએ તા ૧૨ મે ૨૦૨૫ના રોજ રૂબરૂ આવી સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં રૂ. ૫૧ હજારનું માતબર ફંડ આપ્યું હતું અને સશસ્ત્ર સેનાઓનો આભાર વ્યક્ત કરી સેનાની સેવાઓને બિરદાવેલ હતી. વસંતભાઈ જોશી અને તેઓના પરિવારના આ સહયોગ માટે કચેરીના અધિકારી હિરેન લીબાચિયાએ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટનાં પ્રમુખ અને કલેકટર, ભુજ તરફથી તેઓનો આભાર વ્યક્ત કરેલ અને સૈનિક કલ્યાણની વિવિધ કલ્યાણકારી યોજનાઓને હજુ વધુ વિસ્તૃત અને લાભકારી કરી શકાય તે માટે સશસ્ત્ર સેના ધ્વજ દિવસમાં ફાળો આપવા જિલ્લાના નાગરિકોને અનુરોધ કર્યો હતો. આ ફાળો જિલ્લાના નાગરિકો, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રૂમ ન. ૧૧૪, બહુમાળી ભવન, ભુજ (ફોન ૦૨૮૩૨-૨૨૧૦૮૫) ખાતે રૂબરૂમાં રોકડ, ચેક, ડીમાન્ડ ડ્રાફ્ટ, થી કલેકટર અને પ્રમુખ, આર્મ્ડ ફોર્સીસ ફલેગ ડે ફંડ એકાઉન્ટ, ભુજ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા મારફતે પણ જમા કરાવી શકો છો તેમ વધુમાં જણાવ્યું હતું.

# ભીટારાથી ગારવાંઢ રોડમાં ખાડા અને કીચડનું સામ્રાજ્ય

**અનેક વખત રજૂઆત છતાં માર્ગ ન બનતા ફરી ચોમાસામાં વાહન વ્યવહાર થશે ઠપ્પ**



ભુજ : હજુ તો વરસાદની સિઝન શરૂ થઈ નથી તેમ છતાં ખાલી ઝાપટુ વરસતાં ભીટારા નાનાથી ગારવાંઢ સુધી પાંચ કિલોમીટરના રસ્તામાં જયાં જુઓ ત્યાં ખાડા પડી જવાના કારણે તેમાં પાણી ભરાતા કીચડનું સામ્રાજ્યના કારણે લોકોને ચાલવા લાયક રસ્તો રહ્યો નથી, જેના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે ગારવાંઢના ભુરા લાલક જતે રજૂઆતમાં જણાવ્યું હતું કે, ચોમાસામાં આ રસ્તો લોકોને ચાલવા લાયક રહેતો નથી. રસ્તામાં કીચડ અને ખરાબ રસ્તાના કારણે લોકો બિમાર લોકોને હોસ્પિટલ લઈ જવામાં કે, કોઈ અણધારી આફત આવી પડે ત્યાં અહીંથી નિકળી શકાતું નથી કે, નથી કોઈ વાહન આવી શકતું જેના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સરહદી વિસ્તાર છે અને લોકોના હિત માટે પાંચ કિલોમીટરનો રસ્તો બનાવવામાં આવે તો લોકોની સમસ્યા હલ થઈ શકે તેમ છે તેવું ધારાસભ્ય કેશુભાઈ પટેલને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું.

તો સ્થાનિકોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, આ રસ્તો બનાવવા માટે કચ્છના સાંસદ, ધારાસભ્યો, રાજકારણીઓ અને અધિકારીઓ સમક્ષ લોકોએ અત્યાર સુધીમાં અનેક વખત રજૂઆત કરી છે. તેમ છતાં આ પ્રશ્નનો કોઈ જ ઉકેલ આવેલ નથી. અને ફરી વરસાદની ઋતુ આવી રહી છે ત્યારે અહીં રહેતા લોકોને ચોમાસાની ઋતુંમા સંપર્ક વિહોણું રહેવાનો વારો આવી શકે છે. જેથી તાત્કાલિક ધોરણે રોડ બનાવવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# લોડાઈમાં છાત્રાલયના મકાનના પુનઃ નિર્માણ માટે ખાતમુહૂર્ત કરાયું



ભુજ : તાલુકાના આહિરપટ્ટીના લોડાઈ પંથકમાં શિક્ષણ જયોતને પ્રજ્વલિત કરનાર આ પંથકના ભીષ્મ પિતામહ સ્વ. લક્ષ્મણભાઈ ભાણાભાઈ પટેલે શ્રવણ કાવડિયા સાર્વજનિક ટ્રસ્ટના નેજા હેઠળ લોડાઈમાં વર્ષ ૧૯૯૪માં જ્ઞાનદીપ હાઈસ્કુલ અને ૧૯૯૬માં છાત્રાલયનું સ્થાપના કરી હતી. આ ધૂરાને આગળ ધપાવતા તેમના પુત્ર હરિભાઈ લક્ષ્મણભાઈ પટેલે શિક્ષણ જયોતને વધુ પ્રકાશિત કરી છે. સ્વ. હરિભાઈ પટેલનો સદ્દસંકલ્પ હતો કે આધુનિક સુવિધા સભર છાત્રાલયનું પુનઃ નિર્માણ કરવામાં આવે. હરિભાઈ પટેલનું દેહાંત થવાથી તેમના પુત્ર, પૂર્વ સરપંચ, યુવા ઉદ્યોગપતિ અને ઉચ્ચ શિક્ષિત વ્યક્તિ તેમજ શ્રવણ કાવડિયા સાર્વજનિક ટ્રસ્ટ અધ્યક્ષ ભરતભાઈ પટેલે પિતાના સદ સંકલ્પને પૂર્ણ કરવા તાજેતરમાં લોડાઈમાં છાત્રાલયના મકાનના પુનઃ નિર્માણ માટે સંપૂર્ણ આર્થિક સહયોગ સાથે ભૂમિપૂજન કર્યું હતું. બ્રાહ્મણ દેવતાઓના સંસ્કૃતના શુદ્ધ ઉચ્ચાર સાથે થયેલા ખાતમુહૂર્તમાં ગામના અગ્રણીઓ વાલાભાઈ બતા, શામજી નાથાણી,ડો. સોઢાભાઈ,કાંતિલાલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. વેરોનિકા ભરતભાઈ ડાંગરના હસ્તે શીલાપૂજન સાથે કાર્યક્રમનું સંચાલન હરિભાઈ જરૂ અને રામશિવમ જરૂએ કર્યું હતું. માતૃશ્રી રાજીબેન હરિભાઈ પટેલના આશિર્વાદથી થયેલા કાર્યક્રમમાં માવજીભાઈ ડાંગર, નરશી ડાંગર, હિરેન ઠક્કરે જહેમત ઉઠાવતા બાંધકામ સુપરવાઈઝર કમલેશ મકવાણાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે. જનરલના સર્જરી વિભાગમાં કરાતી આધુનિક સર્જરી

**એપેન્ડિક્ષ, પિતાશય, સારણગાંઠ, હરસ, મસા, ભગંદરની એડવાન્સ શસ્ત્રક્રિયા પીડિતોને રાહતરૂપ**

ભુજ : અદાણી સંચાલિત ગેઈમ્સ જી. કે. જનરલ હોસ્પિટલના સર્જરી વિભાગે કેટલાક સામાન્ય પરંતુ જટિલ રૂપ ધારણ કરી શકે તેવા તમામ રોગના ઓપરેશન આધુનિક ઢબે જેમકે લેપ્રોસ્કોપિક અર્થાત દૂરબીન અને સ્ટેપલર દ્વારા કરવાનું શરૂ કરાતા દર્દીઓ રાહત અનુભવી રહ્યા છે. અત્રેના સર્જન ડો.સિધ્ધાર્થ શેઠિઆના જણાવ્યા મુજબ એપેન્ડિક્ષમાં સોજાનું પ્રમાણ વધુ છે. તેની પણ એડવાન્સ રીતે સર્જરી કરવામાં આવે છે. આ ઉપરાંત પિતાશય અને સારણગાંઠનું પણ આ રીતે જ ઓપરેશન કરાય છે. ઉપરાંત હરસ, મસા અને ભગંદર જેવા પરેશાન કરતા આ રોગમાં સ્ટેપ્લર જેવી પધ્ધતિ અપનાવામાં આવી છે. આ આધુનિક પધ્ધતિથી શસ્ત્રક્રિયા કરવાના ફાયદા અંગે તબીબોએ કહ્યું કે,આ રીતથી દર્દીઓને દુખાવો ખુબજ ઓછો થાય છે. રિકવરી ઝડપી આવે છે. ડ્રેસિંગની કડાકૂટ ઓછી થાય છે અને સૌથી મહત્વનું કે દર્દીને ઘરે જવા જલ્દી રજા મળે છે તેવું ડો. નરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું.

## સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ફરજ બજાવતા

# વોકેશનલ એજ્યુકેશન ટ્રેનરોને ચૂકાવાતા પગારમાંથી કપાત બંધ કરવા માંગ

**અન્ય રાજ્યોમાં ચૂકવાતો પગાર ગુજરાત રાજ્યમાં પણ ચૂકવાય તેવી રજુઆત કરાઈ**

ભુજ : સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ફરજ બજાવતા વોકેશનલ એજ્યુકેશન ટ્રેનરોને ચૂકાવાતા પગારમાંથી કપાત બંધ કરીને દેશનાં અન્ય રાજ્યોમાં જે પગાર ચૂકવાય છે, તે પગાર લાગુ કરવા કચ્છ સહીત રાજ્યના ટ્રેનરોએ માગ કરી છે.

સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ફરજ બજાવતા વોકેશન એજ્યુકેશનલ ટ્રેનરોએ શિક્ષણમંત્રી, સમગ્ર શિક્ષા અભિયાનનાં ડાયરેક્ટર સહિતનાં અધિકારીઓને લેખિતમાં રજૂઆત કરી હતી કે, વોકેશનલ ટ્રેનરોનાં આ અગાઉ પગાર રૂ.૧૮,૦૦૦ હતો, જેમાંથી ટીડીએસ કપાત થતા રૂ.૧૬,૨૦૦ મળવાપાત્ર હતો અને તે અંગેનો સરકારે પરિપત્ર પણ કર્યો હતો. પરંતુ પરિપત્રનો અનાદર કરીને મળવાપાત્ર પગાર રૂ.૧૮,૦૦૦ માથી રૂ.૪૫૦૦ ની કપાત કરતા વોકેશન ટ્રેનરોનાં હાથમાં માત્ર રૂ.૧૩,૫૦૦ મળે છે. આટલા ઓછા પગારમાંથી પરિવારનું જીવનનિર્વાહ કરવું મુશ્કેલભર્યું બની ગયું છે. દેશનાં હરિયાણા સહિતનાં રાજ્યોમાં વોકેશનલ ટ્રેનરોને રૂ.૩૩,૫૦૦ પગાર ચૂકવવામાં આવે છે, જે મુજબ ગુજરાત રાજ્યમાં પણ વોકેશનલ ટ્રેનરોને રૂ.૩૩,૫૦૦ પગાર મળવો જોઈએ તેવી માંગણી કરવામાં આવી છે.

આ ઉપરાંત હાલે રાજ્યમાં જે વોકેશન ટ્રેનરો ફરજ બજાવે છે તેમને એજન્સી દ્વારા દર માસે સમયસર પગાર પણ કરવામાં આવતો નથી. સરકારમાં રજૂઆતો પણ કરવામાં આવી છે, છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. નિયત સમયે પગાર ન મળતાં ટ્રેનરોને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સત્વરે અન્ય રાજ્યોમાં ચૂકવાતો પગાર ગુજરાત રાજ્યમાં પણ ચૂકવાય અને પગારમાંથી કોઈપણ જાતની કપાત બંધ કરવામાં આવે એવી માગ કચ્છ સહીત રાજ્યનાં તમામ વોકેશન ટ્રેનરો દ્વારા કરવામાં આવી હતી.

# આધોઈના દાતા દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણનું સાહિત્ય અપાયું



ભચાઉ : મુળ આધોઈના વતની વર્ષોથી ધંધાર્થે મુંબઈ સ્થાઈ થયેલા હીરજીભાઈ પોપટલાલ ગડા પરિવાર તાજેતરમાં વતનની માદરે મુલાકાત કરી હતી. ત્યારે ૧૨ છોકરાઓને શિક્ષણમાં આગળ વધવા માટે જરૂરી સાહિત્યનું વિતરણ કરી માતૃભૂમિનું ઋણ ચુકવ્યું હતું. મુંબઈના ગોરેગામમાં આવેલી દિલેરી નામક વ્યવસાયથી જાણીતા હીરજીભાઈ પોપટલાલ ગડા થોડા દિવસો પૂર્વે માદરે વતન પરિવાર સાથે આવ્યા હતા. ત્યારે આધોઈ ગામમાં શાળાએ ભણતા ૧૨ વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તક તથા દફતરની જરૂરીયાત જણાતા તરત જ તેમણે વ્યવસ્થા ગોઠવી વિદ્યાર્થીઓને સાહિત્ય આપી દિલેરી બતાવી વાગડ સૌથી આગળ સુત્રને સાર્થક કર્યો હતો. પાલઈબેન પોપટલાલ ગડા પરિવારના મંજુલાબેન હીરજીભાઈ પોપટલાલ ગડા તથા રીનાબેન અંકિત ગડા સાથે રહી વતનની સેવામાં હાજર રહ્યા હતા.



ભુજના ખેંગારપાર્કમાં આવેલ મહાકાય વૃક્ષમાં ફૂલોએ ધરતીને મઢી દીધી છે. સવારના મોર્નિંગ વોક પર આવતા નગરજનોને હરિયાળી કાશ્મીર જેવો આભાસ કરાવે છે.

# અખિલ કચ્છ સૈયદ આલે રસુલ સમાજની તૃતિય સમુહશાદી માટે સમિતીની બેઠક યોજાઇ



ભુજ : સલાયા માડવી ખાતે સૈયદ આલે રસુલ સમાજની તૃતીય સમૂહશાદી અંગે સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. સમૂહશાદી સમિતિના પ્રમુખ સૈયદ હાજી હુસેનશાહ બાવાની અધ્યક્ષતામાં આ બેઠક મળી હતી. બેઠકમાં સૈયદ હાજી કાસમશાહ (માંડવી), સૈયદ હાજી કાદરશાહ (સિરવા), સૈયદ હાજી મામદશાહ (માંડવી), સૈયદ અલીશાહ (લુડવા), સૈયદ હકીમશાહ (સલાયા), સૈયદ ગુલામશાહ (નખત્રાણા), સૈયદ રઝા હુસેનશાહ (ભુજ), સૈયદ અબ્દુલશાહ (પીપર લખપત), સૈયદ કાસમશાહ (અંજાર), સૈયદ લેન્શ બાપુ (સામત્રા) અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન સમૂહ શાદી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. હાલમાં દુલ્હા - દુલ્હનની એન્ટ્રી ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ છે. સમિતિએ આ કામમાં ઝડપ લાવવા અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા અપીલ કરી છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧-૫-૨૦૨૫ છે. આવતા મહીને તા. ૨૨-૬ના હઝરત મખદૂમ ઈબ્રાહિમશાહ બાબા અને મુફ્તિ-એ- આઝમ કચ્છની દરગાહ ખાતે, સમગ્ર કચ્છના સૈયદ આલે રસુલ સમાજની યાદગાર તૃતીય સમૂહ શાદી યોજાવાની છે. તેવું સમૂહશાદી સમિતિના મહામંત્રી સૈયદ અલીશાહ લુડવા દ્વારા જણાવાયું છે.

# ભુજના ખેંગારપાર્કમાં માછલીઘર શરૂ કરવા રજૂઆત કરાઈ





ભુજ : અહીં આવેલા ખેંગાર પાર્કમાં બાળકોને આનંદ પ્રમોદ અને જ્ઞાન વધારવા અને ગામ્મત માટે માછલીઘર, વિજ્ઞાન કેન્દ્ર ભવન, ગેમ ઝોન વગેરે બનાવવામાં આવ્યા છે જે હાલના સત્તવાળાઓ અને ભુજ નગરપાલિકાની ઈચ્છાશક્તિના અભાવે લાંબા સમયથી બંધ હાલતમાં છે જેથી બાળકો નિરાશ થાય છે અને અફસોસ વ્યક્ત કરે છે. હાલમાં વેકેશન સમય હોવાથી વાલીઓ સાથે આવતા બાળકો આ માછલીઘર બંધ હોતા નિરાશ થઈ જાય છે. હવે સત્તાવાળાઓએ આ બાબતે જાણીને બાળકોના હિતમાં ફરીથી આ માછલીઘર શરૂ કરે તેવી માંગણી કરે છે અને સાથે વાલીઓ પણ ટેકો પુરાવે છે.

માછલીઘર અને વિજ્ઞાન ભવનમાં અનેક લોકોએ આનંદ કર્યો છે. સત્તાવાળા અને પદાધિકારીઓને ઈચ્છાશક્તિના અભાવે આ માછલીઘર આ દુર્દશા થઈ છે હવે સમયની માંગ છે કે, આ માછલીઘરને પાછુ જીવંત કરવા અને ભુજની પ્રજાને અપર્ણ કરવા ખાનગી કંપનીઓ અને સામાજિક સંસ્થાઓને રખરખાવ કરવા અર્પણ કરી દેવો જોઈએ જેથી સોનામાં સુગંધ થાય આવી ભવ્ય બનેલી વસ્તુને જીવંત બનાવવા સત્તાવાળાઓ યોગ્ય કરે તેવી ભુજ વિધાનસભા યુવા કોંગ્રેસના પ્રમુખ મિત બલરાજ જોષીએ ભુજ નગરપાલિકાના ચીફ ઓફિસરને પત્ર લખી કરી છે.

# અમદાવાદમાં કચ્છી યુવતીઓ માટે “ઘર જેવી” હોસ્ટેલ સુવિધા

**કચ્છી સમાજ અમદાવાદ દ્વારા સેવાભાવથી કાર્યરત હોસ્ટેલમાં ૨૦૨૫-૨૬ માટે પ્રવેશ શરૂ**

અમદાવાદ : કચ્છની યુવતીઓ માટે મોટા શહેરમાં અભ્યાસ કે નોકરી માટે આવવું એક મહત્વપૂર્ણ પગલું હોય છે. પરંતુ મોટા શહેરમાં સુરક્ષિત, ભરોસાપાત્ર અને સગવડભર્યું રહેઠાણ શોધવું એ મોટી પડકારભરેલી બાબત છે. આ સ્થિતિમાં કચ્છી સમાજ અમદાવાદે સમાજસેવા અને માનવસંવેદનાના ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપે કચ્છની વિદ્યાર્થીનીઓ અને નોકરીયાત મહિલાઓ માટે અમદાવાદ શહેરમાં સુંદર અને આધુનિક ગર્લ્સ હોસ્ટેલ શરૂ કરી છે.

આ હોસ્ટેલ જોધપુર ગામ અને પ્રેરણાતીર્થ જેવા શાંતિમય અને સુલભ વિસ્તારોમાં સ્થિત છે. ગત વર્ષથી સફળતાપૂર્વક ચાલતી આ હોસ્ટેલમાં હાલ પણ અનેક કચ્છી વિદ્યાર્થિનીઓ રહે છે. અહીં માત્ર રહેઠાણ જ નહીં, પણ પોષણયુક્ત ભોજન, સંપૂર્ણ એ.સી. રૂમ્સ, નિયમિત સફાઈ અને સુરક્ષા જેવી તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. હોસ્ટેલને “ઘર જેવી લાગણી” સાથે રચવામાં આવી છે, જેથી અહીં રહેતી દરેક યુવતી ને શાળાસરખું શિસ્તબદ્ધ અને માવતાભર્યું માહોલ મળે. વિશેષ વાત એ છે કે આ હોસ્ટેલ કોઈ વ્યાપારિક ધંધો નથી, પરંતુ સેવાનાં ભાવથી ચલાવવામાં આવે છે. કોઈ પણ જ્ઞાતિની કચ્છી વિદ્યાર્થીની કે વર્કિંગ વિમેન માટે પ્રવેશ ખુલ્લો રાખવામાં આવ્યો છે. સાથે સાથે નોકરીયાત મહિલાઓ માટે વાહન પાર્કિંગ જેવી આવશ્યક સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે પ્રવેશ પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવી છે. જેઓ હોસ્ટેલમાં પ્રવેશ લેવા ઈચ્છે છે, તેમણે નીચેના સરનામે કચ્છી સમાજ, અમદાવાદના કાર્યાલયે અરજી કરવી. કચ્છી સમાજ અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, આશ્રમ રોડ, પાલડી અમદાવાદ. અધિક માહિતી માટે સંપર્ક કરવો. હિમાંશુભાઈ ઠક્કર ૯૮૭૯૩ ૦૧૦૦૪, મલયભાઈ વૈષ્ણવ ૯૮૭૯૬ ૨૪૧૬૨, અશોકભાઈ મહેતા ૯૮૭૯૦ ૬૩૧૦૦. સંસ્થાએ જણાવ્યા મુજબ પ્રવેશ પહેલાં આવે તેને પ્રથમ ધોરણે આપવામાં આવશે, એટલે રસ ધરાવતી યુવતીઓએ તાત્કાલિક સંપર્ક કરવા સૂચન આપવામાં આવ્યું છે. કચ્છી સમાજ અમદાવાદની આ હિતકારક સેવા માત્ર એક હોસ્ટેલ સુધી મર્યાદિત નથી, પરંતુ એ એક આશરો છે. જે યુવતીઓને સશક્ત બનાવે છે, સ્વાવલંબન શીખવે છે અને ભવિષ્યના માર્ગે આત્મવિશ્વાસથી આગળ વધવાની શક્તિ આપે છે.

# ભુજના લુડિયા ગામની ગૌચરમાં રસ્તાનું કામ અટકાવો

ભુજ : તાલુકાના લુડિયા ગામની સીમમાં આવેલ ગૌચર જમીનમાં વચ્ચેથી જાહેર માર્ગ બનાવવાની કામગીરી સામે કાયમી મનાઈ હુકમ મેળવવા ગામના જાગૃત નાગરિકોએ અદાલતમાં જાહેરહિતની અરજી કરી છે.

જાગૃત્ત નાગરિકોના જણાવ્યા અનુસાર લુડિયાની સીમમાં રેવન્યૂ સર્વે નં.૩૦૯ પૈકી ૧ વાળી જમીન ગૌચર જમીન નામે રેવન્યૂ દફતરે નોંધાયેલ છે. આ જમીન પર ગામના પશુઓ ચારો ચરે છે. આ જમીન પર ખાનગી એકમ દ્વારા ગ્રામ પંચાયતની મંજૂરી કે અભિપ્રયાસ વિના ફેકટરી સુધી પહોંચવા માર્ગ બનાવવાનું કામ ચાલુ કરેલ છે. આ જમીન ગૌચર હોવાથી તેની વચ્ચેથી માર્ગ ન બને તેવું ડેક્લેરેન અને આદેશાત્મક કાયમી મનાઈ હુકમ ફરમાવવા માંગ કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ કોઈ સરકારી કે અન્ય કામ હાથ ધરવામાં આવે ત્યારે સ્થાનિગક ગ્રામ પંચાયતને વિશ્વાસમાં લેવામાં આવતો નથી જેના કારણે અવાર - નવાર ગામોમાં વિરોધનો શુર ઉઠે છે. સરકારી નિયમ મુજબ સ્થાનિગક ગ્રામ પંચાયતને વિશ્વાસમાં લીધા બાદ તેની એનઓસી લીધા બાદ કોઈ કાર્ય હાથ ધરવામાં આવતા હોય છે પરંતુ હાલ કચ્છમાં અનેક કામોમાં સ્થાનિક પંચાયતની બાદ બાકી થતી હોય તેવો દશ્ય દેખાઈ રહ્યો છે.

# બજારભાવ

**ભુજ માર્કેટ યાર્ડ**
**૧૦૦ કિલોના ભાવ**

| | |
|---|---|
| ગોવાર | ૪૭૦૦-૪૭૪૯ |
| તુવેર | ૬૨૦૦-૬૩૮૦ |
| ચણા | ૫૨૦૦-૫૩૨૫ |

**ભુજ માર્કેટ યાર્ડ**
**૪૦ કિલોના ભાવ**

| | |
|---|---|
| એરંડા | ૨૪૨૦-૨૪૪૧ |
| રાયડો | ૨૧૦૦-૨૧૧૦ |
| ઈશબગુલ | ૩૩૧૦-૪૫૦૫ |
| તલી | ૨૭૦૦-૩૦૦૦ |

**અંજાર માર્કેટ યાર્ડ**
**૧૦૦ કિલોના ભાવ**

| | |
|---|---|
| ઘઉં | ૨૩૫૧-૨૪૨૬ |
| વરિયાળી | ૬૦૦૦ |

**અંજાર માર્કેટ યાર્ડ**
**૪૦ કિલોના ભાવ**

| | |
|---|---|
| એરંડા | ૨૩૫૦-૨૪૭૬ |
| જીરૂ | ૮૨૦૦-૮૬૮૦ |
| ઈશબગુલ | ૪૫૦૦-૪૫૯૯ |
| રાયડો | ૨૧૩૫ |

**રાપર માર્કેટ યાર્ડ**

| | |
|---|---|
| જીરૂ | ૩૮૧૮-૪૧૮૦ |
| એરંડા | ૧૨૦૦ |
| રાયડો | ૧૦૬૬ |
| સોવા | ૧૪૦૦-૧૪૬૧ |
| મગ | ૧૧૫૧ |

**ભચાઉ માર્કેટ યાર્ડ**

| | |
|---|---|
| ગોવાર | ૯૦૦-૯૨૫ |
| એરંડા | ૧૧૮૨-૧૨૨૮ |
| અજમો | ૧૨૦૦-૧૬૨૫ |
| સાખજીરૂ | ૩૯૪૫-૪૨૩૫ |

**ભુજ માર્કેટ યાર્ડ**
**(૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)**

| | |
|---|---|
| ડુંગળી | ૧૨-૧૫ |
| બટેટા | ૧૫-૧૮ |
| ટમેટા | ૩-૧૨ |
| લીલી ડુંગળી | ૧૦-૧૨ |
| મરચા | ૫-૩૦ |
| મરચી | ૧૦-૩૫ |
| રીંગણા કાળા | ૪-૧૨ |
| રીંગણા બાજરીયા | ૪-૧૦ |
| કોબી દેશી | ૪-૧૦ |
| કોબી | ૪-૧૫ |
| ફુલાવર | ૨૦-૩૦ |
| ફુલાવર દેશી | ૨૦-૩૦ |
| વટાણા | ૮૦-૧૦૦ |
| ધાણા | ૨૫-૪૦ |
| ભીંડા | ૨૫-૪૦ |
| કાકડી કાળી | ૫-૧૫ |
| કાકડી સફેદ | ૫-૧૫ |
| કાકડી ખીરા | ૧૫-૩૫ |
| પાલક | ૫-૧૫ |
| લસણ સુકું | ૫૦-૧૦૦ |
| લીંબુ | ૧૫-૫૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૨૫ |
| દુધી | ૨-૧૦ |
| આદુ | ૩૦-૫૦ |
| કારેલા | ૨૫-૪૦ |
| શક્કરિયા | ૨૫-૩૫ |
| ચોળા ડોલર | ૨૦-૪૦ |
| ગીલોડા | ૧૫-૨૫ |
| મરચા સીમલા | ૨૦-૩૫ |
| ગોવાર દેશી | ૪૦-૬૦ |
| ગોવાર | ૩૦-૫૦ |
| ગીસોડા | ૧૦-૩૦ |
| પરવળ | ૩૦-૬૦ |
| સરગવો | ૧૦-૨૨ |
| ગેલકા | ૨૦-૪૦ |
| કોળુ | ૮-૧૩ |
| બીટ | ૫-૧૫ |

**ભુજ ફ્રુટ બજાર**

| | |
|---|---|
| કેળા કાચા | ૧૦-૨૦ |
| કેળા પાકા | ૨૦-૨૫ |
| પપૈયા કાચા | ૫-૧૦ |
| પપૈયા પાકા | ૫-૧૫ |
| જામફળ | ૨૦-૮૦ |
| ચીકુ | ૧૦-૩૦ |
| શક્કરટેટી | ૭-૧૫ |
| ફણસી | ૧૨૦-૧૫૦ |
| દાડમ | ૧૦-૫૦ |
| કલીંગર | ૫-૧૦ |
| કાચી કેરી | ૫-૨૦ |
| પાકી કેરી | ૩૫-૫૦ |
| કેસર કેરી | ૪૦-૭૦ |
| રાજાપુરી કેરી | ૪૦-૫૦ |

# બ્લેકઆઉટની બે બાજુઓ !!

મુંજી ગાલ

તાજેતરમાં યુધ્ધ જેવી સ્થિતિ દરમિયાન અંધાપટ્ટ જાહેર કરવામાં આવ્યા હતા. એકબાજુ ચાલીસ ડીગ્રી જેવી ગરમી હતી. તેવામાં વિજ પુરવઠો બંધ કરી દેવામાં આવતા લોકોની હાલત કફોડી બની ગઈ હતી. જે લોકો પાસે ઈન્વેટર, જનરેટર કે સોલાર રુફ હતા તે બધા બચી ગયા. બાકીના લોકો ગરમીમાં બફાયા અને રાત્રે સૂઈ શકયા નહી. ટી.વી. પણ બંધરહેતા યુધ્ધ વિશેનીકે તંત્રની સાવચેતીની માહિતી પણ મેળવી શકયા નહી. તંત્ર ઘરની લાઈટો બંધ ભલેરખાવે પણ વીજ પુરવઠો ચાલુ રાખવો જોઈતો હતો. જો કે એક દિવસ બાદ મોડી રાતે વીજ પુરવઠો ચાલુ કરાયો હતો. અંધારપટ્ટ કે બજારો બંધ રાખવાની સત્તા પણમાત્ર વહીવટીતંત્ર પાસે જ હોવી જોઈએ. સ્વૈચ્છિક સંસ્થાઓઆવી જાહેરાતો ન કરે તેની તકેદારી સરકારે રાખવી જોઈએ. કારણ કે આથી જનજીવન પર અસર થતી હોય છે.

**- રજનીકાંત ઓઝા (એડવોકેટ)**

# મોથાળાના વિદ્યાર્થીએ પરિવાર અને ગામનું વધાર્યું ગૌરવ



ભુજ : હાલમાં ધો.૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં મોથાળા ગામના વ્રજ પરેશ મંગે એસએસસીની પરીક્ષામાં ૯૯.૭૩ ટકા સાથે ઉતીર્ણ થયા હતા. તેમણે સિદ્ધિ પ્રાપ્ત કરીને મંગે પરિવાર, ધાનાણી પરિવાર તેમજ મોથાળા ગામનું ગૌરવ વધાર્યું છે. ગામના વિવિધ સમાજો આ સિદ્ધીને ગામની સિદ્ધી કરાવીને અભિનંદન આપ્યા હતા.

# બહુજન હિતાય ચેરીટેબલ ટ્રસ્ટ અને બહુજન આર્મી દ્વારા જી.કે. જનરલમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ભુજ : બહુજન હિતાય ચેરીટેબલ ટ્રસ્ટ અને બહુજન આર્મી દ્વારા આયોજીત ભુજની જી.કે જનરલ હોસ્પિટલમા દેશહિતમા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમા બહુજન હિતાય ચેરીટેબલ ટ્રસ્ટ અને બહુજન આર્મીના પ્રમુખ લખન ધુવા, ગોવિંદભાઈ મહેશ્વરી, આરીફભાઈ લુહાર, મંગલભાઈ મહેશ્વરી, નવીનભાઈ મહેશ્વરી, હિરજી ધુવા, લક્ષ્મણ દનીચા, સુનિલ ભાઈ ફફલ સહિત બહોળી સંખ્યામા લોકોએ દેશહિતમાં બ્લડ ડોનેશન કર્યુ હતું.

# કૃષિ મંત્રી રાઘવજી પટેલે 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'નો શુભારંભ કરાવ્યો




**અમદાવાદ હાટ ખાતે એક મહિના સુધી રાજ્યભરના ખેડૂતો કરશે કાર્બાઈડ ફ્રી કેરીનું સીધું વેચાણ : શહેરીજનો કેસર કેરી મહોત્સવનો મહત્તમ લાભ લે અને ઉચ્ચ ગુણવત્તાવાળી કાર્બાઇડ ફ્રી કેસર કેરીની મીઠાશને માણે : રાઘવજી પટેલ**

અમદાવાદઃ અમદાવાદ હાટ ખાતે 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'નો રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે શુભારંભ કરાવ્યો હતો.

મંત્રી સહિતના મહાનુભાવોએ ઉદ્ઘાટન બાદ કેરીના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી તથા કેરીની વિવિધ જાતો તથા કેનિંગ પ્રોડક્ટ્સ નિહાળી હતી. મંત્રી એ સ્ટોલ ધારકો સાથે સંવાદ પણ સાધ્યો હતો.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'ને ખુલ્લો મૂકતાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી કેસર કેરી મહોત્સવની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ દર વર્ષે ઉનાળા દરમિયાન આ કેરી મહોત્સવનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે પણ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓના કેરી પકવતા ખેડૂતો, ખેડૂત મંડળીઓ અને નેચરલ ફાર્મિંગ FPOને સાથે લાવીને 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરીજનો કેસર કેરી મહોત્સવનો મહત્તમ લાભ લે અને ઉચ્ચ ગુણવત્તાવાળી કાર્બાઇડ ફ્રી કેસર કેરીની મીઠાશને માણે, એવો મંત્રી એ અનુરોધ કર્યો હતો.


અત્રે ઉલ્લેખનીય છે કે કેસર કેરી મહોત્સવ-૨૦૨૫માં આશરે ૮૫ જેટલા સ્ટોલ્સ વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ મહોત્સવમાં તલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ પકવતા ખેડૂતો અને વેચાણ કરતી સંસ્થાઓ સહભાગી બની છે. આમ, આ મહોત્સવ રસાયણમુક્ત કેરીની ખરીદીનું સ્થળ જ નહીં બની રહેતા, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બની રહેશે.

કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરી સીધી શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર 'કેસર કેરી મહોત્સવ' જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ બની રહી છે.

આ પ્રસંગે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના એમ. ડી. વિજય ખરાડી, કૃષિ અને બાગાયત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છ યુની.ને અંતે મળ્યા નિયમિત કુલચસિવ : રજિસ્ટ્રાર પદે ડો.અનિલ ગોરની નિયુક્તિ





ગાંધીધામ : કચ્છને મળેલી સ્વતંત્ર પંડિત શ્યામજી કૃષ્ણા વર્મા યુનિવસીટી પાછલા લાંબા સમયથી કુલસચિવના પદમા ઈન્ચાર્જના ભરોસે જ ચાલી રહી હતી. ડો. અનિલ ગોર અંદાજીત બાર મહીનાથી ઈન્ચાર્ઝ કુલસચિવ તરીકે સેવા બજાવી રહ્યા હતા. અને કચ્છ યુનિ.ના કાયમી-રેગ્યુલર રજીસ્ટ્રાર પદે પણ તેઓની જ નિમણુંક થવા પામી છે. આ બાબતે કચ્છ યુનિ.ના વાઈસ ચાન્સેલર શ્રી મોહન પટેલને પુછતા તેઓએ કહ્યું હતું કે, રાજયના ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી આજ રોજ લેખિતમાં પત્ર મળ્યો છે અને તે અનુસાર ડો. અનિલભાઈ ગોરની કચ્છ યુનિ.માં રજીસ્ટ્રાર પદે વરણી થવા પામી છે.નોધનીય છે કે ડો. અનિલકુમાર એ ગોર આર આર લાલન કોલેજ મધ્યે એચઓડી ફિજિક્સ વિભાગ તથા એસો. પ્રોફેસર તરીકે સેવા બજાવી રહ્યા છે. તેઓ હાલમાં આ પદથી સેવામુક્ત થઈ અને ટુંકમાં જ રજિસ્ટ્રાર પદે કાર્યભાર સંભાળશે. તેઓ એમએસસી ડીજિક્સ, બીએડ તથા જીયો-ફીજિક્સની પીએચડીની ડીગ્રી ધરાવી રહ્યા છે.

## ડુપ્લિકેટ વોટર કાર્ડ નંબરની સમસ્યાનો અંતઃ ચૂંટણી પંચ

નવી દિલ્હી : એકસમાન નંબરો ધરાવતા વોટર આઈકાર્ડની દાયકાઓથી જૂની સમસ્યાનો અંત આવ્યો છે અને આવા કાર્ડ ધરાવતા લોકોને નવા નંબરોવાળા વોટર કાર્ડ અપાયા છે. આવા ડુપ્લિકેટ વોટર ફોટો આઇકાર્ડની સંખ્યા ઘણી જ ઓછી હતી. સરેરાશ ધોરણે ચાર મતદાન મથકોમાં એક ડુપ્લિકેટ વોટર કાર્ડ નંબર હતાં. ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે ફિલ્ડ વેરિફેકશન દરમિયાન બહાર આવ્યું હતું કે એકસમાન EPIC નંબરો ધરાવતા લોકો વિવિધ વિધાનસભા બેઠકો અને વિવિધ મતદાન મથકોમાં સાચા મતદાતા હતાં.

# ૨૪મીએ પીએમ મોદીની અધ્યક્ષતામાં યોજાશે નીતી આયોગની બેઠક

નવી દીલ્હી : ભારત અને પાકીસ્તાન વચ્ચે છેડાયેલ યુદ્ધ બાદ સિઝફાયર થવા પામી જતા હવે દેશ પણ ધીરે ધીરે ફરીથી પાટે ચડી રહ્યો છે. દરમ્યાન જ મળતી માહીતી અનુસાર આગામી ૨૪મીમેના રોજ નવી દીલ્હી ખાતે વડાપ્રધાનની અધ્યક્ષતામાં નીતી આયોગની બેઠકનું આયોજન કરવામા આવી રહ્યું છે.આ બેઠકમાં બિહારના મુખ્યપ્રધાન નીતીશ કુમાર તથા જારખંડના સીએમ હેમંત સોરેન સહિતનાઓ પણહાજર રહેવાના છે.

# રાજસ્થાનના શ્રીગંગાનગરમાં ડ્રોન દેખાતા એજન્સીઓમા દોડધામ

જયપુર : ભારત અને પાકીસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થવા પામી ચુકી છે તે દરમ્યાન જ રાજસ્થાનના શ્રીગંગા નગરમા ડ્રોન જેવી વસ્તુ જોવા મળી આવતા દોડધામ થવા પામી ગઈ છે. ગામના લોકોએ પોલીસને જાણ કરતા અનુપગઢમાં એરફોર્સ, આર્મીઅને બીએસએફના અધિકારીઓ તપાસમાં જોડાયા છે.

# રવિન્દ્ર જાડેજાનો નવો રેકોર્ડ




નવી દિલ્હી : રવિન્દ્ર જાડેજા ટેસ્ટ ઈતિહાસનો શ્રેષ્ઠ ઓલરાઉન્ડર બન્યો. ડાબા હાથના આ ભારતીય ક્રિકેટરે બુધવારે સૌથી લાંબા સમય સુધી વિશ્વના નંબર વન ઓલરાઉન્ડર રહેવાનો રેકોર્ડ બનાવ્યો. જાડેજા સતત ૧૧૫૧ દિવસથી ઓલરાઉન્ડરોની યાદીમાં ટોચ પર છે. તેણે નવીનતમ ટેસ્ટ રેકિંગમાં ૪૦૦ પોઈન્ટ સાથે પોતાનું સર્વોપરિતા જાળવી રાખી છે.જાડેજાએ માર્ચ ૨૦૨૨ માં વેસ્ટ ઈન્ડિઝના જેસન હોલ્ડરને હરાવીને આ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ત્યારથી તે ટોચ પર રહ્યો છે. તેણે છેલ્લા ત્રણ વર્ષમાં ૨૩ મેચમાં ૩૬.૭૧ ની સરેરાશથી ત્રણ સદી અને પાંચ અડધી સદી સાથે ૧૧૭૫ રન બનાવ્યા છે.તેણે ૨૨.૩૪ ની સરેરાશથી ૯૧ વિકેટ પણ લીધી. તેમાંથી છ વખત તેણે એક ઈનિંગમાં પાંચ કે તેથી વધુ વિકેટ લીધી. ગયા વર્ષે, તેણે ૨૯.૨૭ ની સરેરાશથી ૫૨૭ રન બનાવ્યા અને ૨૪.૨૯ ની સરેરાશથી ૪૮ વિકેટ લીધી.જાડેજાએ જેક્સ કાલિસ, કપિલ દેવ અને ઈમરાન ખાન જેવા દિગ્ગજ ઓલરાઉન્ડરોને પાછળ છોડી દીધા. જાડેજાની ઉત્તમ ફિટનેસને કારણે, તે ટેસ્ટ ક્રિકેટ જેવા લાંબા ફોર્મેટમાં પણ સતત સારું પ્રદર્શન કરી શક્યો છે. ત્રણેય વિભાગોમાં તેમનું યોગદાન - બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગ - ભારત માટે નિર્ણાયક સાબિત થયું છે.

# નીરજ ચોપરાને લેફ્ટનન્ટ કર્નલનું પદ એનાયત




નવી દિલ્હી :ભારતના સૌથી સફળ એથલીટ અને ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાને એક મોટું સન્માન મળ્યું છે. બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરાને ટેરિટોરિયલ આર્મીમાં લેફ્ટનન્ટ કર્નલનું માનદ પદ એનાયત કરવામાં આવ્યો છે.સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા એક નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નીરજ ચોપરાને આ પદથી સન્માનિત કરવાનો નિર્ણય લીધો છે.

સંરક્ષણ મંત્રાલય દ્વારા બુધવાર, ૧૪ મેના રોજ એક નોટિફિકેશન દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિએ ૯ મેના રોજ આ જાહેરાત કરી હતી. સંરક્ષણ મંત્રાલયના આ નોટિફિકેશન અનુસાર, રાષ્ટ્રપતિએ પ્રાદેશિક સૈન્ય નિયમો હેઠળ પોતાની સત્તાઓનો ઉપયોગ કરીને, નીરજ ચોપરાને માનદ લેફ્ટનન્ટ કર્નલનો હોદ્દો આપ્યો છે. નીરજની આ રેક ૧૬ એપ્રિલ ૨૦૨૫ થી અમલમાં આવશે.ઘણા વર્ષો પહેલા, ભારતને પ્રથમ ક્રિકેટ વર્લ્ડ કપ જીતાડનાર ભૂતપૂર્વ કેપ્ટન કપિલ દેવને લેફ્ટનન્ટ કર્નલ બનાવવામાં આવ્યા હતા.

## ભરૂચમાં બીએપીએસ મંદિરને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી

ગાંધીનગર : ભરૂચમાં બીએપીએસના મંદિરને બોમ્બથી ઉડાળી દેવાની ધમકી મળવા પામી છે. પોલીસ કન્ટ્રોલરૂમમાં આ બાબતે બે વખત કોલ આવતા પોલીસ દોડતી થવા પામી ગઈ છે. પોલીસે આ બાબતે શકમંદને પકડી અને પુછતાછ શરૂ કરી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રાજ્યના કર્મયોગીઓ માટે આરોગ્યલક્ષી મહત્વની પહેલ

ગાંધીનગરઃ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં આરોગ્યવિષયક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેની વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવક્તા અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, રાજ્યના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે. જેના અંતર્ગત કેશલેસ હેલ્થ બેનીફિટ પેકેજ આપવામાં આવશે. વધુ વિગતો આપતા મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ અમલી PMJAY-મા યોજના અંતર્ગત મળતા લાભની જેમ જ આ યોજના હેઠળ તમામ કર્મયોગીઓને સમાવી લઈ લાભ આપવામા આવશે. રાજ્ય સરકારના તમામ કર્મયોગીઓ અને પેન્શનર્સને "G" સીરીઝનું AB-PMJAY-MAA કાર્ડ આપવામાં આવશે. કાર્ડ અંગેની કાર્યવાહી PMJAY નોડલ એજન્સી SHA કરશે. જેના અંતર્ગત સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હોસ્પિટલ અને PMJAY એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે નિયત કરેલ પ્રોસીજરની સારવાર માટે પરિવાર દીઠ વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ થશે. યોજના હેઠળ બહારનાં દર્દી તરીકે સારવારનો સમાવેશ થશે નહી. હાલ આપવામાં આવતું માસીક મેડીકલ એલાઉન્સ (૧૦૦૦/- રૂ.) યથાવત મળવાપાત્ર રહેશે.રૂ.૧૦ લાખ ઉપરાંતના ખર્ચ માટે અને સારવારની પ્રોસીજર AB-PMJAY-MAAમાં ઉપલ્બ્ધ ન હોય તેમજ હોસ્પિટલ PMJAY માં એમ્પેનલ ન હોય તેવા સંજોગોમાં ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અનુસાર હાલની પધ્ધતિ મુજબ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

## સરકારી હાઈસ્કૂલના શિક્ષકોની ૧૬૪૫ જગ્યા પર ૨૦મી સુધીમાં નિમણૂક હુકમ અપાશે

અમદાવાદ : રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક સ્કૂલમાં ધોરણ-૧૧ અને ૧૨ના શિક્ષકોની ૧૬૪૫ જગ્યાની ભરતીમાં આગામી ૨૦ મે સુધીમાં ઉમેદવારોને નિમણૂક હુકમ આપવામાં આવશે. ભરતી માટે ફાઈનલ મેરિટ યાદી તાજેતરમાં જાહેરાત કરાઈ હતી. ત્યારબાદ હાલમાં શાળા પસંદગીની કાર્યવાહી ચાલી રહી છે. આ કાર્યવાહી ગુરૂવારના રોજ રાતના ૧૨ વાગ્યા સુધી ચાલશે. જેથી ઉમેદવારો ગુરૂવાર સુધીમાં શાળા પસંદગની કાર્યવાહી પૂર્ણ કરાયા બાદ નિમણૂક હુકમો એનાયત કરાશે. સરકારી સ્કૂલના શિક્ષકની ભરતીમાં ઉમેદવારો હાજર થયા બાદ ગ્રાન્ટેડની ભરતી માટે શાળા પસંદગીની કાર્યવાહી શરૂ કરાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. -

# અમેરિકામાં કાર અકસ્માતમાં ગુજરાતી સહિત બે ભારતીય વિદ્યાર્થીઓના મોત

ન્યૂયોર્ક : અમેરિકાના પેન્સિલવેનિયામાં એક કાર દુર્ઘટનામાં બે ભારતીય વિદ્યાર્થીના કરુણ મોત થયા છે, જ્યારે તેમની કાર એક વૃક્ષ સાથે ટકરાયા પછી પુલ સાથે અથડાઈ હતી. પ્રાથમિક માહિતી પ્રમાણે બંને મૃતકો પૈકી માનવ પટેલ ગુજરાતનો વતની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. પોલીસ અધિકારીના કહેવા મુજબ શનિવારે સવારે દુર્ઘટના બની હતી, જેમાં આગળની સીટ પર બેઠેલો એક અન્ય યાત્રી ઘાયલ થયો હતો અને તેને સ્થાનિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.

ન્યૂયોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે સોમવારે એક પોસ્ટ કરીને કહ્યું કે, ક્લીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીના બે ભારતીય વિદ્યાર્થી - માનવ પટેલ(૨૦) અને સૌરવ પ્રભાકર(૨૩)નું કાર દુર્ઘટનામાં મોત થયું તે જાણીને દુખ થયું. આ મુશ્કેલ સમયમાં અમારી સંવેદના અને પ્રાર્થનાઓ તેમના પરિવારોની સાથે છે. દૂતાવાસ પીડિત પરિવારોના સંપર્કમાં છીએ અને તેમને શક્ય મદદનું આશ્વાસન આપ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ શનિવારે સવારે ૭ કલાકે બ્રેકનોક ટાઉનશીપમાં પેન્સિલવેનિયા ટોલગેટ પર એક વાહન દુર્ઘટનામાં યુવા વિદ્યાર્થીઓના મોત થયા છે.

# ભારતથી ડરી ગયા પાક.ના આતંકવાદીઓ-કટ્ટરપંથી નેતાઓ, બુલેટપ્રૂફ કાચ પાછળ ઉભા રહી આપ્યું ભારત વિરોધી ભાષણ

નવીદિલ્હીઃ ગત ૧૨ મે ૨૦૨૫ના રોજ પાકિસ્તાનના કરાચીમાં એક એવી રેલી યોજાઈ. જેણે પાકિસ્તાનની આતંકવાદ સમર્થક માનસિકતાને ફરીથી ઉજાગર કરી. દિફા-એ-વતન કાઉન્સિલના બેનર હેઠળ આયોજિત આ રેલીમાં લશ્કર-એ-તૈયબા અને અહલે સુન્નત વલ જમાત જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનોના નેતા સામેલ હતા. જિન્ના બાગમાં હજારો કટ્ટરપંથીઓએ પાકિસ્તાની સેનાના વખાણ કર્યા અને ભારત વિરોધી ભડકાઉ ભાષણ આપ્યા. રેલીમાં લશ્કરના કમાન્ડર ફૈઝલ નદીમે બુલેટપ્રૂફ ગ્લાસની પાછળ ઉભા રહીને ભારત વિરોધી ઝેર ઓંક્યું. જેનાથી તેની કાયરતા પણ સામે આવી.આ રેલીએ પાકિસ્તાનની સેના અને આતંકવાદી સંગઠનોની સાંઠગાંઠને ઉજાગર કરી દીધી. જમીયત ઉલેમા-એ-ઈસ્લામ-ફઝલના પ્રમુખ મૌલાના ફઝલુર રહમાને આ આયોજનનું નેતૃત્વ કર્યું. રેલીમાં આપવામાં આવેલા ભાષણોમાં ભારતને ખુલ્લી ધમકીઓ આપવામાં આવી અને તણાવને ધર્મથી જોડીને રજૂ કરાયો. આ રેલી ભારતના ઓપરેશન સિંદૂરનો જવાબ આપવા માટે હતી.

# ઉનાળામાં ગુજરાતનાં દરેક ગામડાને પીવા માટેનું પૂરતું પાણી પહોંચાડવા માટે રાજ્ય સરકારે સુદ્રઢ આયોજન કર્યું : ઋષિકેશ પટેલ



ગાંધીનગરઃ ગુજરાતમાં પીવાના પાણીની ઉપલબ્ધતા અંગે રાજ્યમંત્રી મંડળની મળેલી બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ સંદર્ભે પ્રેસ-મીડિયાના મિત્રોને માહિતી આપતા જણાવ્યું હતું કે, ઉનાળાની સિઝન દરમિયાન ગુજરાતનાં નાગરિકોને પીવા માટેનું શુદ્ધ અને પર્યાપ્ત પાણી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

આ સંદર્ભે તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં કુલ ૬૪ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત કરવામાં આવ્યું છે. જ્યારે, હાલની સ્થિતિએ રાજ્યમાં પીવા માટેના ૧૪,૮૯૫ MCFT પાણીની જરૂરીયાત સામે આ જળાશયોમાં કુલ ૨,૨૩,૪૩૬ MCFT પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ ઉપરાંત હાલની સ્થિતીએ રાજ્યના સરદાર સરોવર ડેમ સહિતના કુલ ૨૦૭ જળાશયોમાં પણ કુલ ૪,૩૯,૧૨૯ MCFT જેટલુ પાણી સંગ્રહિત છે, જે ગત વર્ષની સરખામણીએ લગભગ ૦૬ ટકા જેટલું વધુ છે. વધુ વિગતો આપતા પ્રવક્તા મંત્રી એ કહ્યું હતું કે, હાલમાં રાજ્યના ૧૫,૭૨૦ ગામોને સરફેસ સોર્સ આધારીત જુથ યોજનાઓ દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જ્યારે, બાકીના ૨,૪૩૨ ગામો ભૂગર્ભ જળ આધારીત યોજનાઓથી પીવા માટેનું પાણી મેળવી રહ્યા છે. આ ગામોને પણ જુથ યોજનામાં આવરી લેવા માટેના કામો હાલ પ્રગતિ હેઠળ છે.

# કાશ્મીરના ત્રાલમાં સેનાનો પ્રહાર : 3 આતંકી ઠાર

(એજન્સી દ્વારા)

શ્રીનગર : જમ્મુ-કાશ્મીરના ત્રાલમાં સુરક્ષા દળોએ અને આતંકવાદીઓ વચ્ચે એક્રાઉન્ટરના અહેવાલો આવ્યા છે. આ દરમિયાન ત્રણ આતંકીઓને ઠાર કરી દેવામાં આવ્યા. આ વિસ્તારમાં જૈશ-એ-મોહમ્મદના બે થી ત્રણ આતંકવાદીઓ છુપાયેલા હોવાના અહેવાલ છે. આ એક્રાઉન્ટર ત્રાલના નાદિર ગામમાં ચાલી રહ્યું છે. પુલવામામાં ૪૮ કલાકમાં આ બીજું એક્રાઉન્ટર છે.મંગળવારે શોપિયામાં લશ્કરના ત્રણ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા.

**પુલવામાં ખાતે ૪૮ કલાકમાં બીજું સફળ એન્કાઉન્ટર**

આ ઓપરેશનમાં માર્યા ગયેલા લશ્કરના આતંકવાદીઓમાંથી એકનું નામ શાહિદ કુટ્ટે હતું, જે શોપિયાનો રહેવાસી હતો. તે ૮ માર્ચ, ૨૦૨૩ ના રોજ લશ્કરમાં જોડાયો હતો. તે ૧૮ મે, ૨૦૨૪ ના રોજ શોપિયાના હિરપોરામાં ભાજપ સરપંચની હત્યામાં સામેલ હતો. બીજા આતંકવાદીની ઓળખ અદનાન શફી ડાર તરીકે થઈ છે, જે શોપિયાના વાંડુના મેલહોરાનો રહેવાસી છે.

# આઈપીએલમાં બાકીની મેચો માટે આવ્યો નવો નિયમ, હવે દરેક ટીમમાં થઈ શકશે ટેમ્પરરી રિપ્લેસમેન્ટની એન્ટ્રી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૫ ના અંતિમ તબક્કા માટે ટીમોની હાલમાં કામચલાઉ રિપ્લેસમેન્ટ માટે ખેલાડીઓને બદલી માટે સાઈન કરી શકે છે, પરંતુ તે ખેલાડીઓને આગામી હરાજી પહેલા રિટેન નહીં કરી શકાય. આઈપીએલ સીઝન ૧ મે,શનિવારથી ફરી શરૂ થવા જઈ રહી છે. આ પહેલાભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને કારણે લીગ સ્થગિત કરવામાં આવી હતી. અને નવી તારીખોના કારણે કેટલાક ખેલાડીઓના શેડ્યૂલ વચ્ચે ટકરાઈ રહ્યા છે. મોટાભાગના વિદેશી ખેલાડીઓ ભારત પાછા ફર્યા હોવા છતાં, કેટલાકે ટુર્નામેન્ટમાંથી હટી જવાનો નિર્ણય કર્યો છે.આમાં દિલ્હી કેપિટલ્સના જેક ફ્રેઝર-મેકગર્ક અને ચેન્નાઈ સુપર કિંગ્સના જેમી ઓવરટનનો સમાવેશ થાય છે.

અત્યાર સુધીના નિયમો પ્રમાણે ટીમમાં જો કોઈ ખેલાડી બીમાર કે ઈજાગ્રસ્ત થાય તેવી સ્થિતિમાં જ રિપ્લેસમેન્ટ પર સહી કરી શકતા હતા, તે પણ સિઝનની ૧૨મી મેચ સુધી જ.

# રાજ્યના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સહાય પૂરી પાડવા માટેની આવક મર્યાદામાં વધારો કરાયોઃ પ્રવક્તા મંત્રી

ગાંધીનગરઃ ભારતના બંધારણમાં મફત અને સક્ષમ કાનૂની સહાયને દેશના પ્રત્યેક નાગરિકનો અધિકાર ગણવામાં આવ્યો છે. ગુજરાતના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સેવાઓનો અધિકાર પ્રાપ્ત થાય તે દિશામાં આજે રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યમંત્રી મંડળની મળલી બેઠકમાં લેવામાં આવેલ નિર્ણય અંગે વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, સમાજના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સેવાઓ પૂરી પાડવા માટે કાનૂની સેવા સત્તામંડળોની રચના કરવાના હેતુસર ધ લીગલ સર્વિસ ઓથોરીટી-૧૯૮૭ અનુસાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ-૧૯૯૭નો કાયદો હાલ ગુજરાતમાં અમલી છે. આ કાયદાની કલમ-૧૨ મુજબ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના સભ્ય, મહિલા, બાળક, દિવ્યાંગ અને ઔધ્યોગિક કામદાર સહિત નિર્ધારિત આવક મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા વ્યક્તિને મફત અને સક્ષમ કાનૂની સહાય મળવાપાત્ર છે. આ કાયદાના નિયમ-૨૦ મુજબ નિર્ધારિત આવક મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા વ્યક્તિને સુપ્રીમ કોર્ટ સિવાય અન્ય કોઈપણ કોર્ટ સમક્ષ કેસ દાખલ કરવા અથવા બચાવ કરવા માટે કાનૂની સેવાઓનો હક મળે છે.

# રાજ્ય સરકાર કરશે ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી

**ઉનાળુ મગના ટેકાના ભાવે વેચાણ માટે ખેડૂતોએ તા. ૨૫ મે, ૨૦૨૫ સુધીમાં ઓનલાઇન નોંધણી કરાવવી**

ગાંધીનગરઃ ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળે તે સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઉનાળુ મગ પાક માટે રૂ. ૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો હતો. પ્રવર્તમાન સમયમાં વિવિધ APMC ખાતે ઉનાળુ મગનો બજાર ભાવ રૂ. ૬,૭૭૨ પ્રતિ ક્વિન્ટલ જેટલો ચાલી રહ્યો છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, મગના ઓછા ભાવથી રાજ્યના કોઈપણ ખેડૂતને આર્થિક નુકશાન ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉનાળુ મગના ટેકાના ભાવે વેચાણ માટે આવતીકાલ તા. ૧૫ મે, ૨૦૨૫ થી આગામી તા.૨૫ મે ૨૦૨૫ સુધીમાં રાજ્યના ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતેથી ફઝઈ મારફતે નાફેડના ઇ-સમૃધ્ધિ પોર્ટલ પર નોંધણી કરવાની રહેશે. આ નોધણી માટે ખેડૂતોએ કોઈ પણ પ્રકારનો ચાર્જ ચૂકવવાનો રહેશે નહી. રાજ્ય સરકાર દ્વારા ઉનાળુ મગની ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે અને તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

# પહેલા પાનાથી...

### કાશ્મીરમાં સરંક્ષણ

સૈન્ય જવાનો સાથે મુલાકાત કરી અને સૈનિકોનો જોમ-જુસ્સો પણ વધાર્યો હતો.

### રાજનાથસિંહના ઉદબોધનના

ઉભી થઈ ગઈ હતી - એક સશસ્ત્ર રાષ્ટ્ર એ હોય છે જે સેનાને માન-સન્માન સાથે આધુનીક હથિયોરોની ભેટ અપાવે - આપણી સેના પ્રત્યેક પરીસ્થિતી માટે તૈયાર છે- સીમાવર્તી વિસ્તારો પણ આપણા સુરક્ષિત છે - અમારી સરકાર સેનાના જવાનો સાથે ખડેપગે ઉભી છે- સૈન્યના શૌર્ય અને બહાદુરી માટે અભિનંદ

### ભારતે UN કમિટિમાં

એટલે સંયુક્ત રાષ્ટ્ર આતંકવાદ વિરોધિ કાર્યાલય અને કાઉન્ટર ટેરરિઝ્મ કમિટી એક્ઝીક્યુટિવ ડાયરેક્ટોરેટ એટલે આતંકવાદ વિરોધી સમિતિ કાર્યકારી નિર્દેશાલય સામે પુરાવા રજૂ કર્યા. ભારતે પુરાવા સાથે TRF પર પ્રતિબંધ લાદવાની માંગ કરી હતી. ભારતે યુએન સમિતિમાં એ પણ જણાવ્યું કે, TRF આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલું છે.હકીકતમાં, જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં ૨૬ પ્રવાસીઓની હત્યા બાદ ભારતીય અધિકારીઓએ ગુરૂવારે (૧૫ મે) સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ૧૨૬૭ પ્રતિબંધ સમિતિની દેખરેખ ટીમને આંતકી સંગઠન TRFની ગતિવિધિઓ વિશે જાણકારી આપી હતી. ભારતે જણાવ્યું કે, પહેલગામ હુમલામાં TRF પણ સામેલ હતું.

ભારતીય ટીમે સંયુક્ત રાષ્ટ્ર આતંકવાદ વિરોધી કાર્યાલય અને આતંકવાદ વિરોધી સમિતિ કાર્યકારી નિર્દેશાલયના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી હતી. ભારતીય ટીમનો હેતુ TRFને વૈશ્વિક સ્તરે આતંકવાદી સંગઠન જાહેર કરી તેના પર પ્રતિબંધ લાદવાનો હતો.

### રાજ્યપાલના

સલાહનું પાલન કરવા માટે બંધાયેલા છે? તેવી જ રીતે રાષ્ટ્રપતિએ કુલ ૧૪ પ્રશ્નો પૂછ્યા છે.સુપ્રીમ કોર્ટે ૮ એપ્રિલના રોજ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. તમિલનાડુના રાજ્યપાલ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, રાજ્યપાલ બિલોને અનિશ્ચિત સમય માટે રોકી શકતા નથી.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે, બંધારણના અનુચ્છેદ ૨૦૦ હેઠળ રાજ્યપાલ પાસે વીટોનો અધિકાર નથી અને તેમણે મંત્રી પરિષદની સલાહ પર કાર્ય કરવું પડશે.

### કેનેડાના રાજકારણમાં

૨૪ સભ્યોની કેબિનેટ બનાવી હતી, જેમાં બે ભારતીય મૂળના મંત્રી હતા.૨૮ એપ્રિલે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં લિબરલ પાર્ટીની જીત બાદ કાર્નીએ આ કેબિનેટની રચના કરી છે. તેમણે કહ્યું કે, આ ટીમ અમેરિકા સાથે સુરક્ષા અને આર્થિક સંબંધોને મજબૂત કરવા, જીવનનિર્વાહનો ખર્ચ ઘટાડવા અને લોકોને સુરક્ષા નિશ્ચિત કરવા માટે બનાવવામાં આવી છે.

### પાક.ની પરમાણુ

ન્યૂક્લિયર કમાન્ડ સેન્ટરથી કેટલાક કિલોમીટર દૂર છે. અહીંથી પાકિસ્તાનના ન્યૂક્લિયર કાર્યક્રમોનું મેનેજમેન્ટ થાય છે. આ વચ્ચે સરગોધા એરબેઝ જ્યાં ભારતે હુમલો કર્યો હતો તે કિરાણા હિલ્સથી ૨૦ કિલોમીટર દૂર છે અને અહીં મુશરફ એરબેઝ છે જ્યાંથી પાકિસ્તાન પોતાના F-16 અને JF-17 યુદ્ધ વિમાનોને ઓપરેટ કરે છે

# ગાઝામાં ઈઝરાયેલનો હવાઈ હુમલો, ૨૨ બાળકો સહિત ૭૦નાં મોત, અરાજકતા વધી

ડેર અલ-બલાહ : ઈઝરાયેલી હવાઈ હુમલાએ ઉત્તર અને દક્ષિણ ગાઝાને લક્ષ્યાંક બનાવતા જબલિયામાં ૨૨ બાળકો સહિત ઓછામાં ઓછા ૭૦ જણાના મોત થયા હતા એવી જાણકારી ગાઝાના આરોગ્ય મંત્રાલયે આપી હતી. ઈઝરાયેલી વડા પ્રધાન બેન્જામીન નેતાન્યાહુની હમાસનો સંપૂર્ણ પરાજય થાય ત્યાં સુધી આક્રમણ ચાલુ રહેશે તેવી જાહેરાત પછી આ હવાઈ હુમલા કરાયા હતા.

# પશ્ચિમ કચ્છના ત્રણ સીનીયર કારકુનની બઢતી સાથે બદલી

ભુજ : રાજય પોલીસ દ્વારા અલગ અલગ વિસ્તારમાં ફરજ બજાવતા ૧૦૫ સીનીયર કારકુનની બઢતી સાથે બદલી કરવામાં આવી છે. મુખ્ય કારકુન તરીકે બઢતી આપવામાં આવી છે. જેમાં પશ્ચિમ કચ્છથી પી. પી.સોનીની જુથ-૧૬ ભચાઉ, એ.વી.રાવલની ડીજીપી કચેરી, એ.પી.પંચાલની સરહદી રેન્જમાં બદલી થઈ છે. જયારે તેમના સ્થાને પૂર્વ કચ્છથી એસ. પી.મારૂ, જુથ-૧૬ ભચાઉથી એન.એન.પરમારને મુકવામાં આવ્યા છે.

# અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત ખાતેની કેન્સર હોસ્પિટલમાં તબીબી સારવાર માટે દર્દીઓ અને તેમના સહાયકોને સામાન્ય બસ ભાડામાં ૫૦% રાહતની સુવિધા

ગાંધીનગરઃ કોઈ પણ નાગરિકને આકસ્મિક જીવલેણ બીમારી થાય ત્યારે રાજ્ય સરકારના આયુષ્માન કાર્ડ દ્વારા નાગરિક તેની સારવાર કરાવી શકે છે. જો કોઈ નાગરિકને કેન્સર જેવી બીમારી થઈ જાય તો ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસોમાં કેન્સરના દર્દીઓ અને તેના સહાયકોને એક ખાસ પ્રકારની ભાડામાં છૂટછાટ આપવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નેતૃત્વ અને વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્યના એસ. ટી નિગમ દ્વારા કેન્સરના દર્દીઓને રાહત દરે મુસાફરી માટે એક ખાસ સેવા આપવામાં આવી રહી છે. કેન્સરના દર્દીઓને અથવા તેમના સહાયક સાથે એસ.ટી બસમાં તેમના નિવાસસ્થાનેથી અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત ખાતેની કેન્સર હોસ્પિટલમાં તબીબી સારવાર માટે તેઓને સામાન્ય બસ ભાડામાં ૫૦% રાહતનો લાભ આપવામાં છે. આ યોજનાનો લાભ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના ૩.૫ લાખથી વધુ કેન્સરના દર્દીઓ અને તેમના સહાયકોએ લીધો છે. આ યોજનાનો લાભ લેવા કેન્સરના દર્દીને સાદા પેપર પર એપ્લિકેશન કરવાની રહેશે જેમાં તેને સિવિલ સર્જનનો પ્રમાણપત્ર જોડીને નજીકના એસ.ટી બસ સ્ટેશન પર આપવાનું રહેશે.

# ભચાઉ પંથકમાં ખાણ ખનીજ વિભાગનો સપાટો : ચાઈનાક્લે ભરેલ ૫ ટ્રકો પકડાઈ

**રોયલ્ટી પાસ વગર પરિવહન કરતા વાહનો સહિત ૧.૧૨ કરોડનો મુદ્દામાલ કરાયો કબજે**



ભચાઉ : પૂર્વ કચ્છ વિસ્તારમાં ગેરકાયદેસર ખનીજ ખનન અને પરિવહનની સમયાંતરે ઉઠતી વ્યાપક ફરિયાદો વચ્ચે ગત રાત્રિએ ખાણ ખનીજ વિભાગની ફલાઈંગ સ્ક્વોર્ડ દ્વારા ભચાઉ પંથકમાં રોયલ્ટી પાસ વિના ચાઈનાક્લેનું પરિવહન કરતા પાંચ વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા. જિલ્લા કલેક્ટર આનંદ પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ કચ્છ ફલાઈંગ સ્ક્વોર્ડની તપાસ ટીમ દ્વારા બુધવારે રાત્રે ગાગોદર-સામખિયાળી રોડ પર તપાસ ગોઠવવામાં આવી હતી. આ તપાસ દરમિયાન લાકડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રોયલ્ટી પાસ વગર ચાઈનાક્લે ખનીજ વહન કરતી પાંચ ટ્રકો પકડવામાં આવી હતી. ફલાઈંગ સ્ક્વોર્ડની ટીમે પાંચેય ટ્રકો સીઝ કરી અંદાજીત રૂા.૧.૧૨ કરોડનો મુદ્દામાલ લાકડિયા પોલીસ સ્ટેશને સોંપ્યો હતો. ત્યારબાદ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં ગેરકાયદેસર ખનીજ ખનન અને પરિવહનની ગેરપ્રવૃત્તિએ માથુ ઉચક્યું હોવાની વ્યાપક ફરિયાદો સમયાંતરે ઉઠી છે. આ વિસ્તારમાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે. રાત્રિના સમય દરમિયાન ગેરપ્રવૃત્તિ વધી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે ત્યારે ખાણ ખનીજ વિભાગની ફલાઈંગ સ્ક્વોર્ડને આકસ્મિક તપાસના પગલે ગેરકાયદેસર ખનીજનું ખનન, પરિવહન કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## મુંદરામાં સુરભી ગ્રુપ પ્રોજેક્ટ વીર ટ્રસ્ટ દ્વારા શહીદ સ્મરણાંજલિ કાર્યક્રમ

**સ્વર સમ્રાજ્ઞી લતા મંગેશકર એવોર્ડ વિજેતા સંજીવની ભીલાદે આવશે કચ્છ**

મુંદરા : સ્વર્ગ સમાન કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર ઘાતકી હુમલો કરી આતંકવાદી દ્વારા ૨૭ લોકોની નિર્મમ હત્યા કરાઈ હતી. ત્યારબાદ ભારત સરકારના ઓપરેશન સિંદુર અંતર્ગ ભારતીય જવાનોએ પાકિસ્તાન સ્થિત ૯ આતંકવાદી ઠેકાણા પર એર સ્ટ્રાઈક કરીને નેસ્તનાબૂદ કરી નાખ્યા હતા અને ૭૨ કલાકમાં જ પાકિસ્તાનને ઘુટણીયે બેસી જવા મજબૂર કર્યા હતા.

આ જાબાઝ જવાનો નિવૃત્ત થાય ત્યારે તેઓ સામાન્ય નાગરિક જેવી જીવનમાં સરળતાથી એમની જવાબદારીઓ નિભાવી શકે તેવા ઉમદા હેતુ સાથે એક કચ્છી માડુ દ્વારા સંચાલિત પ્રોજેક્ટ વીર ટ્રસ્ટના સંયોગ અને સાથીદારો દ્વારા મુંદરા મધ્યે ૧૮-૫ના સંગીતમય શહીદ જવાન સ્મારણાંજલિ સંધ્યા યોજાઈ રહી છે. કાર્યક્રમમાં વિવિધ કંપનીઓ, દાતાઓ, સંસ્થાઓ દ્વારા દેશ ભાવના સાથે વધુને વધુ સહકાર મળી રહ્યો છે. શહેદ જવાનોના પરિવાર કલ્યાણ તેમજ નિવૃત્ત જવાનોને તાલીમ માટે કાર્યરત ટ્રસ્ટ પ્રોજેક્ટ વીરના સાથથી દેશ ભક્તિમય સંગીત સંધ્યાના આયોજનનું બીડું મુંદરાના સુરભી સોશ્યિલ ગ્રુપે ઝડપાયું છે. સુરભી સોશ્યિલ ગ્રુપના મોવડી દ્વારા સુરભી ગાર્ડનમાં ભવ્ય આયોજનમાં સ્મરણાંજલિમાં કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, કલેક્ટર, ઉચ્ચ અધિકારી, ઉદ્યોગપતિઓ સાથે મુંબઈના પ્રસિદ્ધ સ્વર સમ્રાજ્ઞી લતા મંગેશકર એવોર્ડ વિજેતા સંજીવની ભીલાદે કચ્છ આવી સંગીતમય સૂર રેલાવશે.

મૂળ પત્રીના ધીરજભાઈ ઘરોડનું સાકાર થયેલ સ્વપ્ન છે. તે દેશના સંરક્ષણ મંત્રાલય સાથે જોડાઈને દેશભરમાં ૧૨ સ્થાપિત સેન્ટર દ્વારા જવાનો નિવૃત્ત થાય તે પહેલાં જ પરીક્ષાની તાલીમ આપે છે તેવું સુરભી ગ્રુપના ભોગીલાલ ચાવડાએ જણાવ્યું હતું.

## રાપરમાં પાણી બાબતે પાઈપ વડે માર મરાયો

રાપર : શહેરના તકીયાવાસમાં પાણી બાબતે મારામારી થઈ હતી. ફરિયાદી ભરતગર શંકરગર ગુંસાઈના જણાવ્યા પ્રમાણે આરોપી સીંધા નથુભાઈ ભરવાડે કેરબાનું પાણી લઈ આવવા બાબતે ફરિયાદીને ગાળો આપી લોખંડનું પાઈપ માથામાં મારી ઈજા પહોંચાડતા રાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

## મીઠીરોહર અને ભોઆમાં મજુરોની નોંધણી ન કરાવતા ફરિયાદ

ભુજ : અમદાવાદના ચંડોળા વિસ્તારમાં ગેરકાયદે બાંગ્લાદેશી રહેતા હોવાની હકીકતો સામે આવ્યા બાદ કાયદા વધુ કડક બન્યા છે. કલેકટર દ્વારા મજુરોની નોધણી બાબતે આદેશ કરવામાં આવ્યો છે અને જાહેરનામા પણ પ્રસિદ્ધમાં છે.

જિલ્લાના ખાનગી એકમોમાં મજુરોને કામે રાખી તેની પોલીસ સ્ટેશનોમાં નોંધ કરવામાં આવતી નથી તેવું સામે આવ્યું છે ત્યારે મીઠીરોહરમાં ડી.કે. ગોડાઉનમાં પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. જયાં વરસામેડીના પ્રશાંત અરબિંદા આદક, ઉબેશ અબ્દુલહઈ રાજા, મુળ રાજસ્થાનના સેરારામ ધનારામ જાટે પરપ્રાંતિય મજુરોને કામે રાખી પોલીસ સ્ટેશનમાં કે મજુર કમીશનર સમક્ષ નોંધ ન કરાવી રજીસ્ટ્રર નિભાવ્યું ન હતું. જેથી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

અબડાસાના વાયોર પોલીસે ભોઆ ગામની પવનચક્કી સાઈડ પર તપાસ કરતા મજુરો બાબતે કોઈ નોંધ ન હોવાથી સાઈડ મેનેજર આંધ્રપ્રદેશના એમ. મદનકુમાર એમ.લક્ષમૈયા મારા સામે કલેકટરના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરાયો હતો.

## ભુજના મદનપુરમાં પાણી બાબતે ડખ્ખો થતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો

ભુજ : તાલુકાના સુખપરથી અલગ થયેલા મદનપુર ગામે અવારનવાર બોલાચાલી અને ડખ્ખાના બનાવો સામે આવતા હોય છે તેવામાં વધુ એક વખત પાણી બાબતે થયેલી બોલાચાલીમાં મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. મદનપુર ગામમાં પાણી સમસ્યા બાબતે રહેવાસીઓ દ્વારા સરપંચને વાકેફ કરતા તેમણે પંચાયતના ચૂંટાયેલા સભ્યો અને તલાટીને બોલાવી વાતચીત કર્યા બાદ જતા હતા ત્યારે સરપંચ પર કેટલાક લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

મહિલા સરપંચ દ્વારા આ બાબતે માનકુવા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલી લેખીત રજુઆત મુજબ નામજોગ વ્યક્તિઓ દ્વારા સરપંચ સાથે બોલાચાલી કરી ગાળાગાળી કરાઈ હતી. જેથી પોલીસમાં કાયદેસરના પગલા લેવા માટે રજુઆત કરાઈ છે. પોલીસ દ્વારા અરજીના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મદનપુરા ગ્રામના સરપંચ પૂજાબેન મેપાણીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે, ધક્કામુકી કરી ચેઈન લૂંટી લેવાઈ છે. મહિલા સાથે આવી વતર્ણુક વ્યાજબી નથી. કડકમાં કડક કાર્યવાહી થવી જોઈએ. ગ્રામ પંચાયતમાં કામ કરતા કર્મચારીઓને પગાર મળ્યો નથી. તેઓ દ્વારા ભુજ તાલુકા પંચાયતમાં સાધનો જમા કરાવી દેવામાં આવ્યા છે. તાલુકા પંચાયત તરફથી પગાર ન ચુકવાતા આ સમસ્યા સર્જાઈ છે.

ગામના મહિલા અગ્રણી લક્ષ્મીબેન ભંડેરીએ જણાવ્યું હતું કે, આપસી મતભેદ પોતા પુરતા રાખી ગામના વિકાસ કામોમાં બાધા ન કરવી જોઈએ તેવું ગ્રામજનો ઈચ્છતા હોવાનું જણાવ્યું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

### સવાયા કચ્છી પીએમ મોદી

હતી ત્યારે પણ દેશની સાથોસાથ જ કચ્છની બખુબી ચિતા મોદીજીએ સેવી છે. અને તેનો વધુ એકવાર દાખલો સામે આવવા પામી રહ્યો છે. યુદ્ધ તો હાલના સમયે સમી ગયુ છે ત્યારે હવે વડાપ્રધાન નરેન્દ્રભાઈ તેમના લાડકવાયા જિલ્લા કચ્છમાં સુરક્ષા દળોના જવાનોનો જોમ જુસ્સો વધારવા માટે રૂબરૂ આવી રહ્યા હોવાના એંધાણ વર્તાવવા પામી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીની ચાલી રહેલી તિરંગા યાત્રા વચ્ચે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાતમાં આગામી ૧૫ દિવસમાં પીએમ મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને રક્ષામંત્રી રાજનાથ સિંહ ગુજરાતની મુલાકાતે આવી શકે છે. રાજનાથ સિંહ ૧૬ મે, શુક્રવારે કચ્છના ભુજ એરબેઝની મુલાકાત લઈ શકે છે. તો પીએમ મોદી અને અમિત શાહના પ્રવાસને લઈને રાજ્ય સરકાર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૭ અને ૧૮ મેએ ગુજરાત આવવાના છે. અમિત શાહ અમદાવાદ અને ગાંધીનગરમાં પૂર્વનિર્ધારિત કાર્યક્રમોમાં હાજર રહેવાના છે. અમિત શાહ નવા વિકાસ કાર્યક્રમોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવાના છે. આ સિવાય અમિત શાહ ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં એક બેઠકનું આયોજન કરી શકે છે.પ્રાપ્ત માહિતી અનુસાર પીએમ નરેન્દ્ર મોદી ૨૭ મેના રોજ ગુજરાતની મુલાકાત લઈ શકે છે. પીએમ મોદી આ દરમિયાન સરહદી જિલ્લા કચ્છની મુલાકાત લેશે. આ દરમિયાન તેઓ સૈન્ય દળો, ઓપરેશન સેન્ટરનું નિરીક્ષણ અને જવાનો સાથે સંવાદ કરી શકે છે. પીએમ મોદીના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

## દેવળિયા નાકેથી બાઈક ચોરાઈ

અંજાર : શહેરમાં દેવળિયા નાકા પાસે નગરપાલિકાના બગીચા નજીક રાખેલી બાઈક ચોરાઈ ગઈ હતી. ફરિયાદી પંકજભાઈ પ્રતાપભાઈ ઠક્કરના જણાવ્યા પ્રમાણે તેમની જી.જે.૧૨.એ.એચ.૧૬૫૪ નંબરની ૧૦ હજારની બાઈક ચોરાઈ ગઈ હતી. જે બાબતે અંજાર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

છેલ્લા પાનાનું ચાલુ...

### નવું ભારત આતંકવાદના





















નવું ભારત હવે દુશ્મનોના ઘરમાં ઘૂસીને પ્રહાર કરે છે. ભારત સામે ઉઠતી તમામ નાપાક નઝરોને હવે સરકાર અને સેના સાંખી લેશે નહીં તેવો સ્પષ્ટ સંદેશ આપી દેવાયો છે. તેવી લાગણી ઉપસ્થિત મહાનુભાવોએ વ્યક્ત કરી હતી. ભુજના જ્યુબિલી સર્કલ પાસે ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્માની પ્રતિમાને નમન કરી તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવાયું હતું. વંદે માતરમ્ અને ભારત માતા કી જયના નારા સાથે હાથમાં રાષ્ટ્રધ્વજ લઈ તિરંગા યાત્રા શહેરના મુખ્ય માર્ગો પર નીકળી હતી ત્યારે કચ્છવાસીઓનો દેશપ્રેમ છલકાઈ ઉઠ્યો હતો. ઠેર ઠેર વિવિધ સમાજ અને સંસ્થાઓ દ્વારા તિરંગાયાત્રાને આવકાર અપાયો હતો. રાજકીય, સામાજિક આગેવાનો સાથે ખુબ મોટી સંખ્યામાં તિરંગા યાત્રામાં જોડાઈ કચ્છવાસીઓએ પોતાના દેશપ્રેમનું દ્રષ્ટાંત પૂરું પાડ્યું હતું. શહેરના મુખ્ય માર્ગો પર થઈ હમીરસર તળાવ પાસે ગાંધીજીની પ્રતિમા સમીપે તિરંગા યાત્રાનું સમાપન થયું હતું. આ તિરંગા યાત્રામાં જિલ્લા અબડાસાના ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, ભાજપના મહામંત્રીઓ દિલીપ શાહ, નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ધવલભાઈ આચાર્ય, ભુજ તા.પં. પ્રમુખ વિનોદભાઈ વરસાણી, ઉપપ્રમુખ પ્રવિણાબેન રાઠોડ,



મહિદીપસિંહ જાડેજા, શિતલ શાહ, રાહુલ ગોર, ડો. મુકેશ ચંદે, વસંતભાઈ કોડરાણી, કમલભાઈ ગઢવી, શહેર ભાજપ પ્રમુખ મીત ઠક્કર, જયંત ઠક્કર, તપન શાહ, હિરેન રાઠોડ, રિતેન ગોર, બાલકૃષ્ણ મોતા, બાર એસો.ના પ્રમુખ અનિલ જોશી, જિલ્લા ભાજપના હોદ્દેદારો, મહિલા-યુવા મોરચાના હોદ્દેદારો, કાર્યકરો, આઈએમએ સહિત વિવિધ સંગઠનના હોદ્દેદારો, સભ્યો અને કચ્છવાસીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## આદીપુરમાં રીક્ષા ચાલક પર જીવલેણ હુમલો કરાયો

ગાંધીધામ : આદીપુરમાં ગેસ એજન્સી પાસે ડાયાભાઈ ગઢવીની ચાની હોટલની બાજુમાં રીક્ષા ચાલક પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ફરિયાદી કાનજી તેજપાલ માતંગના જણાવ્યા પ્રમાણે આરોપી વલ્લો ઉર્ફે હનીફ, ઉમર, રફીક, અનવર તથા તેની સાથેના બીજા બે થી ત્રણ ઈસમો દ્વારા છરી સહિતના હથિયારો ધારણ કરી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. છરી વડે ઈજાઓ પહોંચી હતી. રાયોટીંગ સહિતની કલમો તળે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## મહિલાને ત્રાસ અપાતા આદીપુર પોલીસમાં બે ફરિયાદ નોંધાઈ

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં પરિણીતાઓને ત્રાસ આપવાના વધુ બે મામલા સામે આવ્યા છે. અંજારમાં રહેતા કુંજલબેનના જણાવ્યા પ્રમાણે આરોપી પતિ પડાણામાં રહેતા હિતેશભાઈ સામજીભાઈ હુંબલે દારૂ પીને ઘરે આવી મારકુટ કરી દહેજમાં રોકડા લાવી નથી. તેમ કહી ત્રાસ આપવામાં આવતા ફરિયાદ નોંધાઈ છે. જયારે મેઘપર બોરીચીમાં રહેતા અરૂણાબેન ભરતભાઈ સોલંકીના જણાવ્યા પ્રમાણે આરોપી પતિ મોરબીમાં રહેતા ભરતભાઈ મગનભાઈ બારોટ, સાસુ હંસાબેન, સસરા મગનભાઈ, દિયર નરેશભાઈ, નણંદ ભાવનાબેન તેમજ બોટાદ રહેતી નણંદ મંજુબેન અને નણંદોઈયા કમલેશભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ દ્વારા ઘરની નાની નાની બાબતો અને દહેજ બાબતે મેણા ટોણા મારી ત્રાસ આપવામાં આવ્યો હતો. તેમજ ફરિયાદીને ટાટની પરીક્ષા આપવા પિતા સાથે અમદાવાદ જવાનું હતું ત્યારે પિતાને મારી નાખવાની ધમકી આપી હતી. મહિલા પોલીસમાં ફરિયાદ લખાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ગાગોદરમાં એસટી બસના ડ્રાઈવરને માર મરાયો

ભુજ : ગાગોદર નેશનલ હાઈવે પર એસટી બસના ડ્રાઈવરને માર મારવામાં આવ્યો હતો. ફરિયાદી વીજાપુરના મનોજકુમાર પ્રહલાદભાઈ પટેલે જણાવ્યું કે, ગાગોદરના જેમલ કમા ગોહિલ, અજા લાધા કોલી, રમેશ હઠા ભરવાડે પોતાની ગાડીમાં આવી બસની આગળ ગાડી ઉભી રાખી ફરજમાં રૂકાવટ કરી કપડા ફાડી નાખી માર માર્યો હતો. જેથી ગાગોદર પોલીસમાં ગુનો દાખલ કરાયો છે.

## ધોરડોથી હાજીપીર રસ્તો રીપેરીંગ કરવા રજૂઆત

ભુજ : તાલુકાના ખાવડા - ધોરડો - હાજીપીર રોડની હાલત ખુબ ગંભીર છે, જેને તાત્કાલિક ધોરણે સમારકામ કરવામાં આવે તેવી રજૂઆત ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલને ભીરંડિયારા બેઠકના જિલ્લા પંચાયતના સભ્ય રહીમાબેન જાની રાયશીએ લેખિતમાં કરી છે. લખેલા પત્રમાં જણાવ્યું છે કે, ખાવડા, ધોરડો, હાજીપીર નેશનલ હાઈવે ખુબ અગત્યનો હાઈવે રસ્તો છે. અહીંથી પસાર થતા નાના - મોટા વાહન ચાલકોને રોડ ખરાબ હોવાના કારણે હાલકી વેઠવી પડે છે. આ માર્ગ પરથી કાળો ડુંગર, ખાવડા, ધોરડો, હાજીપીર, માતાનામઢ અને નારાયણસરોવર જતા પ્રવાસીઓ અને દર્શનાર્થી ઉપયોગ કરે છે. આજુબાજુના ગામો હાજીપીર, બુરકુલ,નાના લુણા, મોટા લુણા, નાના મોટા ભીટારા, ગારવાંઢ, ઉધમા તેમજ ધોરડો સહિતના ગામડાને જોડતો માર્ગ છે. છેલ્લા ૮ મહિનાથી આ માર્ગ અતિ ખરાબ સ્થિતિમાં છે, જેને તાત્કાલિક ધોરણે રીપેરીંગ કરવામાં આવે તેવી રજૂઆત કરી છે.

## સાયલા નજીક કાર અકસ્માતમાં દોઢ વર્ષના બાળકનું મોત

**કચ્છમાં નેવીમાં ફરજ બજાવતા પિતા અમદાવાદ તરફ જતા હતા ત્યારે અકસ્માત થયો**



સુરેન્દ્રનગર : કચ્છમાં નેવીમાં ફરજ બજાવતા સહદેવસિંહ જાડેજાને સુરેન્દ્રનગરથી અમદાવાદ જતા સાયલા નજીક અકસ્માત નડ્યો હતો, જેમાં તેમના પુત્રનું અવસાન થયું હતું અને તેમને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. ક્ષત્રિય પરિવારને અકસ્માત થતાં દોઢ વર્ષના એકના એક દીકરાનું મોત થતાં અરેરાટી વ્યાપી હતી. આ બનાવની વિગત મુજબ કચ્છમાં નેવીમાં ફરજ બજાવતા અને જોડિયા તાલુકાના ખીરી ગામના સહદેવસિંહ મંગળસિંહ જાડેજા બુધવારે બપોરે કાર લઈને તેમના પત્નિ રશ્મિબા, દીકરા કૃષ્ણદેવસિંહની સાથે અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન સાયલાના ગોસળ ગામ પાસે અચાનક આઈસર સાથે અકસ્માત સર્જાયો હતો. આ બંને વાહનોની સ્પીડના કારણે અકસ્માત થતાં ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

આ અકસ્માત સર્જાતા તાબડતોબ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ધજાળા પીએસઆઈ એસ.પી. ઝાલા, રણછોડભાઈ ભરવાડ સહિતના પોલીસકર્મીઓ પસાર થતાં પીએસઆઈએ ઈજાગ્રસ્તો સાથે પોલીસને સાયલા દવાખાને મોકલ્યા હતા. કારમાં બેઠેલા દોઢ વર્ષના કૃષ્ણદેવસિંહને માથાના ભાગે ગંભીર ઈજા થતાં વધુ સારવાર મળે તે પહેલા મોત થયું હતું. સહદેવસિંહ અને તેમના પત્નિને સુરેન્દ્રનગર ખસેડાયા હતા.વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. બનાવના પગલે અરેરાટી ફેલાઈ જવા પામી હતી. આ ઘટનાની જાણ થતાં કચ્છમાં બહોળો મિત્ર વર્તુળ ધરાવતા સહદેવસિંહ જાડેજાના શુભચિંતકો હોસ્પિટલ દોડી ગયા હતા.

## અંજારમાં વૃદ્ધને બ્લેકમેઈલ કરી ૫૦ લાખ પડાવી લેવાયા

ગાંધીધામ : તાલુકાના વરસામેડીમાં રહેતા અને મુળ હરિયાણાના વૃદ્ધને બ્લેક મેઈલ કરી ૫૦ લાખ પડાવી લેવામાં આવ્યા હતા. આ બાબતે મળતી વિગતો મુજબ મુંદરાના સમાઘોઘામાં આવેલી કંપનીમાંથી નિવૃત થયેલા અને વરસામેડીમાં રહેતા રતનલાલ ગોયલે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપી મુળ હિમાચલના હાલે મુંદરામાં રહેતા સીમા અનીલ અગ્રવાલે ફરિયાદીને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૫૦ લાખ રૂપિયા પડાવી બ્લેકમેઈલ કરી વધુ રૂપિયાની ખંડણી માંગી ગુનો આચર્યો હતો જેથી અંજાર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદી ૧૫ વર્ષ અગાઉ કંપનીમાં હતા ત્યારે સીમા સાથે પરીચય થયો હતો.

## પશ્ચિમ કચ્છમાં ૩૫ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી અપાઈ

ભુજ : પશ્ચિમ કચ્છ જિલ્લામાં ફરજ બજાવતા ૩૫ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે. હાલ તબક્કે જે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે ત્યાં જ બઢતી સાથે ફરજ બજાવવાની રહેશે. આ બાબતે એસપી વિકાસ સુંડા દ્વારા પરીપત્ર કરવામાં આવ્યો હતો. હુકમ પ્રમાણે માંડવીના બાલુરામ મકવાણા, દિનેશભાઈ વેલાભાઈ ચૌધરી, નરાના પ્રવીણાબેન લાલજીભાઈ રામાનંદી, નલિયાના ચંદ્રિકાબેન ભેમાભાઈ મકવાણા, માનકુવાના કોકીલાબેન કાંતિભાઈ પરમાર, તેજલબેન ભીખાભાઈ દેસાઈ, નારાયણ સરોવરના જાગૃતિબેન વાલાભાઈ પરમાર, બી ડીવીઝનના રાજલબેન રામજીભાઈ મહેતા, પ્રાગપરના સંગીતાબેન ભુપતભાઈ ઠાકોર, એસઓજીના વર્ષાબેન વીરમાજી ચૌધરી, હેડ કવાટરના વર્ષાબેન પ્રેમજીભાઈ ચૌધરી, ભાવનાબેન ધનજી બરાડીયા, અંજલીબેન અશોકભાઈ રાયમંગીયા, પધ્ધરના કિરણબેન રાજાભાઈ બાટવા, પ્રતાપસિંઘ પ્રભાતસિંઘ સોલંકી, કિરણબા ધીરૂભા જાડેજા, દશરથસિંહ વિજયસિંહ રાઠોડ, મુંદરાના મુકેશભાઈ ગજાભાઈ આચાર્ય, શ્રીરામભાઈ ધુડાભાઈ બ્રાહ્મણ, ગૌતમભાઈ ગોવિંદભાઈ દવે, કોડાયના કિશોરસિંહ ખેંગારજી જાડેજા, માંડવીના નરેન્દ્રસિંહ સવાઈસિંહ સોઢા, મનીષભાઈ ચંદુભાઈ નાગલાણી, ભાવિક ભરતકુમાર કોઠારી, કોઠારાના દામજીભાઈ મગનલાલ મારવાડા, એ ડિવીઝનના લાખાભાઈ બાંભુઆ, માધાપરના હીનાબા ધર્મેન્દ્રસિંહ ઝાલા, મહાદેવભાઈ હકમાજી પટેલ, ભાવનાબેન ઓમપ્રકાશ રાજપુત, એટીએસના દશરથભાઈ દેવાભાઈ રબારી, જખૌના રેખાબેન લાખાભાઈ કટુડીયા, એલઆઈબીના જયવીરસિંહ અનિરૂદ્ધસિંહ રાણા, નખત્રાણાના પાયલબેન હરગોવનભાઈ દેસાઈ, જીઈબી વડોદરાના યુવરાજસિંહ પૃથ્વીરાજસિંહ જાલા, ગઢશીશાના મહેન્દ્રસિંહ પ્રતાપસિંહ બારડનો સમાવેશ થાય છે.

## નાની ચીરઈ અને સામખિયાળીમાં આધેડનું મોત

ભચાઉ : પૂર્વ કચ્છમાં અપમૃત્યુના બે બનાવ સામે આવ્યા છે. ભચાઉ તાલુકાના નાની ચીરઈ ગામે ક્રિષ્ના હોટલના પાર્કીંગમાં અમદાવાદના ૬૦ વર્ષિય સુરેશભાઈ ચંદુલાલ ઠક્કરનો દેહ મળી આવ્યો હતો. મોત બાબતે ભચાઉ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. આ તરફ સામખિયાળીમાં શિવશક્તિ પ્લોટ વિસ્તારમાં કિશોરભાઈ ચૌધરીએ ફાંસો ખાઈ લીધો હતો. સામખિયાળી પોલીસે એડી દાખલ કરી મોતના કારણો જાણવા તપાસ હાથ ધરી છે.

# મુસાફરોની સલામતી માટે રેલવે કટિબદ્ધ



### કામાખ્યા - ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનનો રૂટ બદલવામાં આવતા મુસાફરોની સુવિધા માટે લેવાયા પગલાં: મુસાફરોને એસટી મારફત ગંતવ્ય સ્થાને પહોંચાડાયા

ગાંધીધામ : તાજેતરમાં પશ્ચિમ કચ્છ રેલવે અમદાવાદ વિભાગ દ્વારા મુસાફરોની સુવિધા અને સલામત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે વિવિધ સમયસર અને પ્રસંશનીય પગલાં લેવામાં આવ્યા છે.

તા. ૯-૫ના રોજ ટ્રેન નંબર ૧૫૬૬૮ કામાખ્યા - ગાંધીધામ એક્સપ્રેસ ઓપરેશનલ કારણોસર તેના નિર્ધારીત રૂટ વિરમગામ, સુરેન્દ્રનગર, વાંકાનેર, મોરબી અને ગાંધીધામને બદલે વૈકલ્પિક રૂટ વિરામગામ, ધ્રાંગધ્રા, સામખિયાળીથી ગાંધીધામ ચલાવવામાં આવી હતી. આ ફેરફાર અંગે મુસાફરોને જાણ કરવા માટે અગાઉથી સંદેશાઓ મોકલવામાં આવ્યા હતા. વાંકાનેર, મોરબી સ્ટેશન પર ટ્રેન રૂટમાં ફેરફારની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત ધ્રાંગધ્રા સ્ટેશન પર જીએસઆરટીસી (ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ) ના સહયોગથી રેલવે વહિવટી તંત્ર દ્વારા બસોની વ્યવસ્થા કરાઈ હતી, જેના દ્વારા લગભગ ૮૦ મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન પર સુરક્ષીત અને સરળતાથી પહોંચાડવામાં આવ્યા હતા. ઉનાળાના વેકેશન દરમિયાન સ્ટેશનો પર અપેક્ષીત ભીડને ધ્યાને રાખીને અમદાવાદ વિભાગ દ્વારા પગલાં લેવામાં આવ્યા હતા, જેમાં વધારાના ટિકિટ કાઉન્ટરની જોગવાઈ મુસાફર માટે સુવ્યવસ્થિત વ્યવસ્થા, ગરમીમાં મુસાફરોને રાહત આપવા માટે અમદાવાદ ડિવિઝન દ્વારા પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ ડિવિઝન રેલવે વહિવટીતંત્ર મુસાફરોની સુવિધા અને સલામતી માટે સતત પ્રયાસો કરી રહ્યું છે.

# રાષ્ટ્રીય પક્ષી મોરને પાંજરે પુરવો અપરાધ : વન વિભાગ



### ખીલણામાં મોરને પાંજરે પુરનાર બે ઈસમો વિરૂદ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ અંતર્ગત નોંધાયો ગુનો : બિલાડી કે કૂતરા જેવા જાનવરોથી બચાવવા પણ મોરને પાંજરે ન પુરવા વન વિભાગે કરી તાકીદ

ભુજ : ચણની તપાસમાં વાડી કે રહેણાંક વિસ્તારમાં ઉડીને આવી જતા મોરને ઘરમાં કે પાંજરામાં પુરવા એ ગુનો બને છે. ઘણી વખત લોકો બિલાડી કે કૂતરા જેવા જાનવરોથી બચાવવા કાયદાની અજ્ઞાનતાને લીધે રાષ્ટ્રીય પક્ષી મોરને ઘરમાં કે પીંજરે પુરતા હોય છે. વન વિભાગે કચ્છવાસીઓને કોઈપણ સંજોગોમાં મોરને પાંજરે ન પુરવવા અનુરોધ કર્યો છે.

ભુજ પશ્ચિમ રેન્જ ફોરેસ્ટ વિભાગને લોરિયા રા.ન્ડના વિસ્તારમાં બે રાષ્ટ્રીય પક્ષીને પાંજરે પુરવામાં આવ્યા હોવાની બાતમી મળી હતી. નાયબ વન સંરક્ષક, કચ્છ પશ્ચિમ વન વિભાગ તથા વાઈલ્ડ વોર્ડન ભુજના માર્ગદર્શન હેઠળ ભુજ પશ્ચિમ રેન્જના વનપાલ ઉર્મિબેન જાની તથા સ્ટાફે તપાસ હાથ ધરી હતી, જેમાં ખીલણામાંથી બે મોર પાંજરે પૂરાયેલા મળી આવ્યા હતા. વન વિભાગે વાડીના માલિક મોહમ્મદ અસલમ ઓસમાણ સમા (રહે. ધારાનગર, ભુજ) અને અલીમામદ નુરા જત (રહે. ટાંકણાસર, તા. ભુજ) વિરૂદ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અંતર્ગત ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે સાથે જ વન વિભાગે બન્ને મોરનો કબ્જો પણ મેળવ્યો હતો.

# ભુજની કે.કે. પટેલ હોસ્પિટલમાં સતત બીજા દિવસે અંગદાન



### દેશલપર (વાંઢાય)ના વડીલના અંગદાનથી બે લોકોને નવજીવન મળ્યું: સાંસદ અને ધારાસભ્ય સહિતના અગ્રણીઓએ પરિવારના નિર્ણયને અનુકરણીય ગણાવ્યો



ભુજ : કચ્છમાં અંગદાન પ્રત્યે જાગૃતિ વધી છે. મંગળવારે દેશલપર કંઠીના મહિલાનાં અંગદાન થકી ત્રણ લોકોને નવું જીવન મળ્યા બાદ સતત બીજા દિવસે બુધવારે કે.કે. પટેલ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાંથી દેશલપર વાંઢાયના વડીલનાં અંગદાનનું કચ્છ સાક્ષી બન્યું હતું.

આ અંગદાનથી વધુ બે લોકોને નવજીવન મળશે. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ સહિતની હાજરીમાં અંગદાન કરાયેલા અંગોને અમદાવાદ લઈ જવાયા ત્યારે પુષ્પવર્ષા કરવામાં આવી હતી. કે.કે. પટેલ હોસ્પિટલથી ગ્રીન કોરીડોર બનાવી અંગોને અમદાવાદ પહોંચાડવામાં આવ્યા હતા. મૂળ કુરબઈના વતની અને વર્ષોથી દેશલપર વાંઢાયમાં રહેતા ૬૩ વર્ષીય કાંતિલાલ રમેશ પટેલને મંગળવારે બ્લડપ્રેશરમાં વધઘટ થયા બાદ બ્રેઈન હેમરેજ થઈ જતાં તત્કાળ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જો કે, તબીબે તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા.

જેમના અંગોનું દાન થયું એ કાંતિલાલભાઈના ભત્રીજા પ્રવીણ વેલજી પટેલે કહ્યું કે, પરિવારજનોએ અંગદાન કરવાનો નિર્ણય લેતાં અંગદાનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સાંસદ કચ્છી લેવા પટેલ મેડિકલ અને એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ ગોરસિયા, કેશરાભાઈ પિંડોરિયા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના શશિકાંત પટેલ, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના સંદિપ આહીર, રમેશ કારા, તાપસ શાહ, નિલય ત્રિવેદી, ધૈર્યાબેન શાહ, મનીષાબેન પટેલ, ઓમકાર વ્યાસ, જય લાલન સહિત ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ તંત્ર અને કે.કે. પટેલ હોસ્પિટલનો સ્ટાફ સમગ્ર કામગીરીમાં સહયોગી બન્યો હતો.

# સત્કર્મથી જીવન ધન્ય બને : ધ્રુવકુમાર શાસ્ત્રીજી





### લંડનમાં કચ્છી યુવા કથાકારની ભાગવત કથા યોજાઈ

ભુજ : બોલ્ટન કચ્છી લેવા પટેલ સમાજમાં ભારતીબેન અજીતભાઈ પટેલ (નવસારી, હાલે લંડન)ના મુખ્ય યજમાન પદે ભાગવત કથાનું આયોજન કરાયું હતું.

વક્તા યુવા કથાકાર ધ્રુવકુમાર શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે, માનવીનું જીવન કળિયુગમાં મોક્ષદ્વાર છે. જીવનમાં સત્કર્મથી મનુષ્યનું જીવન સફળ બને છે. કથામાં કૃષ્ણજન્મ, ગોવર્ધન ઉત્સવ, રૂક્ષ્મણી વિવાહ, સંતવાણી ધામધૂમથી ઉજવાયા હતા. કથામાં મદાલસાદેવી, લીલાબેન રાજા, મંજુલાબેન, મોહનભાઈ (ક્રિષ્ણ મંદિર), વિષ્ણુભાઈ પુરોહિત, લક્ષ્મીબેન, સમાજના માવજીભાઈ પટેલે કથા શ્રવણનો લાભ લીધો હતો. ધ્રુવકુમાર શાસ્ત્રીજીની લંડન હિન્દુ મંદિર (લેસ્ટર) ખાતે તા.૧૪-૬થી ભાગવત કથાનું આસ્થા ચેનલ પર બપોરે ૩ કલાકે લાઈવ પ્રસારણ થશે.

# પ્રિમોન્સુનીની કામગીરી માટે ભુજ નગરપાલિકાની બેઠક મળી

### આંતરિક લાઈનોમાંથી ગારા કાઢવાની કામગીરી શરૂ કરાઈ: બ્રાન્ચના તમામ સાધનોને સ્ટેન્ડ બાય રાખવા અને રિપેરીંગ કરવા આપી સૂચના



ભુજ : નગરપાલિકાની ડ્રેનેજ કમિટી દ્વારા પ્રિમોન્સૂનની કામગીરીના ભાગરૂપે મીટીંગ યોજવામાં આવેલ હતી. ડ્રેનેજ શાખાના ચેરમેન ધર્મેશભાઈ એસ. ગોરના અધ્યક્ષ સ્થાને ચોમાસાને ધ્યાને લઈને ડ્રેનેજની મુખ્ય તેમજ આંતરિક લાઈનોમાંથી ગારા કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

ડ્રેનેજ બ્રાન્ચના તમામ સાધનોમાં સ્ટેન્ડ બાય રાખવાનું તથા જે વાહનોમાં રીપેરીંગની કામગીરી કરાવવાની થાય છે તે ત્વરિત કરાવી લેવાનું મિકેનિક શાખાને સુચન આપી દેવામાં આવી હતી. ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનો જે તે સમયે તે વખતની વસ્તીને ધ્યાને લઈને બનાવવામાં આવેલ હતા જે હાલની વસ્તી વધી ગયેલ હોતા તથા પમ્પીંગની મોટરોની કેપેસિટી પણ ઓછી પડતા ડ્રેનેજની સમસ્યા સર્જાયેલ, જેના નિવારણ માટે તમામ પમ્પીંગ સ્ટેશનો અપગ્રેડેશન માટેનું ટેન્ડર કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

મીટીંગમાં ભુજ નગરપાલિકાના પ્રમુખ રશ્મીબેન સોલંકી, ડ્રેનેજ કમિટીના ચેરમેન ધર્મેશભાઈ ગોર, સભ્યો કાસમભાઈ કુંભાર, રસીલાબેન પંડ્યા, મનુભા જાડેજાએ ડ્રેનેજને લગતા પોતાના મંતવ્યો આપેલ તથા ડ્રેનેજ ઈજનેરો વિવેક જોષી, મહિપાલસિંહ ઝાલા, સુપરવાઈઝરો હાજર રહ્યા હતા.

# ભુજમાં આજથી વરસાદી નાળાની સફાઈનો આરંભ

### ૮૦ વરસાદી નાળાંની સફાઈનો કોન્ટ્રાક્ટ રૂ. ૩૨. ૩૩ લાખમાં અર્બન એન્વાયરમેન્ટ કંપનીને અપાયો

ભુજ : શહેરમાં આજથી નાળાં સફાઈનો પ્રારંભ થયો છે. પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત ભુજ સુધરાઈ દ્વારા કન્સલ્ટિંગ ઈન્જિનીયર દ્વારા સર્વે કરાવી ૮૦ જેટલા વરસાદી નાળાં તારવાયાં હતાં. આ માટે ટેન્ડર બહાર પડાયું હતું જેમાં પ્રથમ પ્રયત્ન નિષ્ફળ નીવડયો હતો જયારે બીજા પ્રયત્ને સુધરાઈને સફળતા સાંપડી હતી. તારવાયેલાં ૮૦ વરસાદી નાળાંની સફાઈનો કોન્ટ્રાક્ટ રૂ. ૩૨. ૩૩ લાખમાં અર્બન એન્વાયરમેન્ટ કંપનીને અપાયો છે. અપસેટ પ્રાઈઝ ૩૫ લાખ રખાઈ હતી જેમાં નેગોશિયેશન બાદ રૂ. ૩૨, ૩૩, ૯૮૦માં નાળાં સફાઈનો કોન્ટ્રાક્ટ સોંપાયો હતો. કામગીરી પૂર્ણ થયા બાદ બિલનું ચૂકવણું કન્સલ્ટન્ટ દ્વારા સર્વે કરાયા બાદ જ કરાશે તેવું કારોબારી ચેરમેન મહિદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું. નગરપાલિકાની પ્રી મોનસુન કામગીરી માટેની બેઠકમાં ધારાસભ્ય કેશુભાઈ પટેલે સ્પષ્ટ નાળાં સફાઈ સમયે જે -તે વિસ્તારના નગરસેવકો તેમજ જાગૃત નાગરિકોએ દેખરેખ રાખવા જણાવ્યું હતું.

### જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં પોર્ટલ મારફતે જ ફરિયાદ દાખલ કરવી

ભુજ : જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન, કચ્છ ખાતે રાજ્ય કમિશન અમદાવાદની સૂચના મુજબ e-jag®ii. gov.in પોર્ટલ મારફતે જ ફરીયાદ - તામીલ - રીવ્યુ - પરચુરણ કેસો દાખલ કરવાના રહેશે. અરજદારો એ સદર કેસો તથા તેને લગતા તમામ આધાર પુરાવા પોર્ટલમાં અપલોડ કરવાના રહેશે. અરજદારોને કેસ દાખલ કરવા માટે જરૂરી માર્ગદર્શન e-jag®ui. gov. in/ help-docs પર મળી રહેશે. વધુમાં જણાવવાનું કે ઈ-જાગૃતિ ના હેલ્પલાઈન નંબર ૦૧૧-૨૪૬૦-૫૭૦૨, ૦૧૧ - ૨૪૩૦ - ૫૭૦૩ પર સંપર્ક સાધવાનો રહેશે.

# મેઘરજ-માતાનામઢ બસ શરૂ થતા ભક્તો માટે સુવિધામાં વધારો



ભુજ : કચ્છમાં પ્રવાસન સ્થળો તેમજ યાત્રાધામો પ્રવાસીઓની ભીડ જોવા મળી રહી છે. બીજા જીલ્લા કે રાજ્યમાંથી આવતા પ્રવાસીઓને બસની સુવિધા મળી રહે તે માટે ગુજરાત એસટી દ્વારા પ્રવાસન સ્થળોએ તેમજ યાત્રાધામ પહોંચવા માટે સુવિધામાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. ઉતર ગુજરાત હિંમતનગર ડેપો દ્વારા મેઘરજ - માતાનામઢ બસ ભક્તો માટે બસ શરૂ કરવામાં આવી છે. મેઘરજથી માતાનામઢ બસ બપોર ૩ વાગે ઉપડી વાયા મોડાસા, હિંમતનગર, મહેસાણા, રાધનપુર, ગાંધીધામ, અંજાર, ભુજ, નખત્રાણા, રવાપર થઈ માતાનામઢ સવારના ૭ કલાકે પહોંચશે. ૭ કલાકના આરામ બાદ માતાનામઢ - મેઘરજ બસ બપોરના ૩ કલાકે ઉપડી મેઘરજ સવારના ૭ કલાકે પહોંચશે. આ બસ હિંમતનગર ડેપો દ્વારા શરૂ કરાતાં લોકોમાં આંનદ જોવા મળ્યો હતો. બસ યાત્રાધામ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. કચ્છના લોકો વ્યવસાય અર્થે ઉતર ગુજરાતમાં વસવાટ કરી રહ્યાં છે. તે લોકોને કચ્છમાં આવવા અને જવા માટે ઉપયોગી રહેશે સાથે આ બસ શરૂ થતા લોકો સસ્તા ભાડા સાથે પ્રવાસ કરી શકશે.

# જીંજાય-જતાવીરા માર્ગ પર ઝાડી કટીંગ સાથે ખાડાનું સમારકામ કરો



નખત્રાણા : જીજાંય - જતાવીરા સુધીના માંગ પર ઝાડીનું પ્રમાણ વધારે છે. તેમજ માર્ગ પર ખાડાનું સામ્રાજ્ય છે, જેનું સમારકામ કરવા માટે મુરૂ જુથ ગ્રામ પંચાયતના સરપંચ લખીબેન આયર દ્વારા અબડાસા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, નાયબ કાર્યપાલક ઈજનેર, માર્ગ મકાન (પંચાયત) પેટા વિભાગ નખત્રાણાને રજૂઆત કરાઈ હતી. ઉલ્લેખનિય છે કે આ માર્ગ પર જીજાંય, ધામાય નવી - જૂની સહિતના ગામોની સસ્તા અનાજની દુકાન દેશલપર (ગુંતલી) લાગુ પડે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાથે હાઈસ્કુલમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓ રાશન માટે દેશલપર (ગુંતલી) ગામે અવરજવર કરે છે. રોડની બંને સાઈડ બાવળની ઝાડીની સાથે ખાડાઓના કારણે તકલીફ પડે છે. સરપંચે વધુમાં જણાવ્યું હતું કે, વૈશાખ મહિનામાં લગ્ન પ્રસંગ હોવાથી અવરજવરનું પ્રમાણ વધુ છે જેથી તાત્કાલિક રોડનું સમારકામ કરવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે.

# માનવજ્યોત સંસ્થાના પ્રયત્નોથી ૨૦૦૦થી વધુ માનસિક દિવ્યાંગો ઘર સુધી પહોંચ્યા

### વર્ષો પછી પરિવારજનો સાથે થયું ફેર મિલન



ભુજ : કચ્છમાં રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા ૨૦૦૦ થી વધુ માનસિક દિવ્યાંગોને વર્ષો પછી પોતાનું ગામ, ઘર અને પરિવાર મળ્યા છે. જેનું કચ્છમાં કોઈ નથી, એકલા-અટુલા નિરાધાર છે તેવા માનસિક દિવ્યાંગો માટે ભુજની માનવજ્યોત સંસ્થા વર્ષોથી કાર્ય કરી રહી છે. જેનાં કારણે કચ્છમાં આવી ગયેલા ભૂલ્યા-ભટક્તા માનસિક દિવ્યાંગોને એક અનેરો સહારો મળ્યો છે. પશ્ચિમ કચ્છનું છેલ્લું રેલ્વે સ્ટેશન ભુજ હોવાથી અહીં છેલ્લા સ્ટેશને ટ્રેન ખાલી થાય છે ત્યારે માનસિક દિવ્યાંગો પણ ઉતરી જાય છે. અને રેલ્વે સ્ટેશનેથી પગે ચાલી ગામડાઓ સુધી પહોંચે છે.

લોકો તેમને તરછોડે છે, અને એકલા-અટુલા મુકી દેતા, લાચાર, નિઃશાય માનવી પુરૂષ કે મહિલા ભાન ભૂલી આમતેમ ભટકયા કરે છે. ઘર કંકાશ, આર્થિક બોજ, સામાજિક સમસ્યાઓ, મુશ્કેલીઓનો ભોગ બની, દેહભાન ભૂલી, કોઈપણ જાતની યાદ શક્તિ વગર પરાધીન બની ભટકે છે. જેનું અહીં કોઈ સગું-સાવકું નથી, આવા માનસિક દિવ્યાંગોને સારવાર અપાવી તેમને રાજ્ય, શહેર, ગામ, પરિવાર, ઘર શોધી આપી પરિવારજનો સાથે ફેરમિલન કરાવી આપવાનું કાર્ય ભુજની માનવજ્યોત સંસ્થા વર્ષોથી કરે છે.

સંસ્થાનું આશ્રમ પાલારા-કચ્છ મધ્યે આવેલું છે. જ્યાં આવા માનસિક દિવ્યાંગોને દરેક સેવાઓ પૂરી પાડવામાં આવે છે. પરિવારજનો સાથે પાંચ, દશ, વીશ વર્ષે ફેર મિલન કરાવવામાં આવે છે. ભારતનાં દૂર-દૂરનાં રાજ્યોમાં રહેતા તેમના પરિવારજનો તેમને તેડવા ભુજ સુધી આવી પહોંચે છે. પરિવારજનો સાથે થતા મિલન સમયે ઉપસ્થિત સૌની આંખો અશ્રુભીની બની જાય છે. જેનાં કોઈ સગા-સંબંધી નથી તેવા માનસિક દિવ્યાંગ પુરૂષ-મહિલાઓ માટે માનવજ્યોત સંસ્થા સેવાકાર્ય કરે છે. જેના કારણે અત્યાર સુધી કચ્છમાં રસ્તે રઝળતા અને માર્ગોમાં પડયા-પાથર્યા રહેતા એકલા-અટુલા નિરાધાર ૨૦૦૦ થી વધુ માનસિક દિવ્યાંગ ભાઈ-બહેનો પોતાનાં ઘર અને પરિવાર સુધી પહોંચ્યા છે. ભારતનાં દરેક રાજ્યોમાંથી તેમનાં પરિવારજનો ભુજ સુધી પહોંચ્યા છે. અને પરિવારની ગુમવ્યક્તિને સ્વીકારી કબ્જો લીધો છે. માનવતાના આ કાર્યમાં દરેક રાજ્યની પોલીસ ખૂબ જ મદદરૂપ બની રહી છે.

સંસ્થાના પ્રબોધ મુનવર, રમેશભાઈ માહેશ્વરી, સુરેશભાઈ માહેશ્વરી, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, દિપેશ શાહ, સહદેવસિંહ જાડેજા, કનૈયાલાલ અબોટી, શંભુભાઈ જોષી, ગોવિંદભાઈ પાટીદાર, પ્રવિણ ભદ્રા, અરવિંદ ઠક્કર, મુરજીભાઈ ઠક્કર, કરશન ભાનુશાલી, રફીક બાવા, ભૂપેન્દ્ર બાબરીયા, નિતીન ઠક્કર, નરશીભાઈ પટેલ, રીતુબેન વર્મા તથા સર્વે કાર્યકરોની ટીમ સેવાઓ આપી રહેલ છે.

# નખત્રાણામાં ૧૪૮૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાઈ

### ટીમ દ્વારા ૨૪ કોમર્શિયલ દબાણો દૂર કરવા સાથે ૧૩ પાણીના કનેકશન કપાયા

નખત્રાણા : અહીંના ભુજ - લખપત હાઈવેની બાજુમાં આવેલી સરકારી જમીન પરની હોટલો, ઓરડીઓ, કોમર્શિયલ ગેરેજ, વોશિંગ સેન્ટર, સિમેન્ટ બ્લોકની ફેકટરી વગેરે ૨૪ ગેરકાયદેસર બિનઅધિકૃત કોમર્શિયલ દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

નખત્રાણા મામલતદાર બી.આર. શાહે જણાવ્યું હતું કે, જિલ્લા કલેકટરના માર્ગદર્શનમાં નખત્રાણા પ્રાંત અધિકારી સૂરજ સુથાર, પીઆઈ એ.એમ. મકવાણાની ટીમ, જીએસઆરડીસીના અધિકારી નરેશ ભાનુશાલી, ચીફ ઓફિસર ભાવિન કાંધાણી, સ્ટાફ, પીજીવીસીએલની ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં કેટલાક પાણીના વહેણને નડતરરૂપ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જેમાં ૧૩ પાણીના કનેકશન કટ કરવામાં આવ્યા હતા. તેમજ ૨૪ કોમર્શિયલ દબાણો દૂર કરાવી અંદાજી ૧૪૮૦૦ ચો. મી. જમીન જંત્રી કિંમત રૂા. ૪,૦૦,૩૮,૪૦૦ની જમીન ખુલ્લી કરાવી હતી.


**ધી ગાંધીધામ મર્કન્ટાઈલ કો-ઓપ બેંક લી.**
જીએમસીબી ભવન, પ્લોટ નં.૧૨, સેક્ટર-૯, ગાંધીધામ-૩૭૦૨૦૧
ઈમેલ - info@gmcbank.org

**ગાંધીધામ શાખા માટે જોઈએ છે.**

**૧) કલાર્ક કમ કેશીયર - (૨)**
**લાયકાતઃ** ગ્રેજ્યુએટ તથા કોમ્પ્યુટરના જાણકાર
**વય મર્યાદાઃ** મહતમ ૩૫ વર્ષ

પગાર યોગ્યતા મુજબ આપવામાં આવશે તથા અનુભવી વ્યક્તિને પ્રાથમિકતા આપવામાં આવશે. ઉપરોક્ત જગ્યા માટે અરજી ફોટો, એજ્યુકેશન અને અનુભવના સર્ટીફીકેટની કોપી સાથે તારીખ ૨૩.૦૫.૨૦૨૫ સુધી બેંકમાં મળી જાય તે રીતે ઉપરોક્ત સરનામે / Email મારફતે મોકલી આપવાની રહેશે.

તારીખઃ ૧૫.૦૫.૨૦૨૫ — ચંપાલાલ જી. પારખ (મેનેજીંગ ડાયરેક્ટર)



**શ્રી મોટી રૂદ્રાણી સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત**

**સ્કુલ અને છાત્રાલયોમાં ધોરણ : ૮, ૯ અને ૧૦ માં પ્રવેશ ચાલુ છે.**

શ્રી મોટી રૂદ્રાણી સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રી ઉ.બુ.માધ્યમિક શાળા તેમજ શ્રી રૂદ્રમાતા સાર્વજનિક બક્ષીપંચ.અનુ.જાતિ કુમાર છાત્રાલયો રૂદ્રાણી, ભુજમાં પ્રવેશ આપવાનું ચાલુ છે.

"સંસ્કાર, શિક્ષણ અને સંસ્કૃતિનો સમન્વય એટલે જ રૂદ્રાણી"

છાત્રાલય અને શાળા જે કુદરતી વાતાવરણ, છાત્રાલયોમાં રહેવા, જમવાની ઉત્તમ સગવડ સાથે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

ચાલુ વર્ષના શાળા અને છાત્રાલયના ટોપર વિદ્યાર્થીઓને અભિનંદન...

એસ.એસ.સી.માર્ચ-૨૦૨૫ શાળાનું શ્રેષ્ઠ પરિણામ ૧૦૦%



ખોખર વિપુલ — શાળામાં પ્રથમ — PR:88.01%
રાઠોડ કરણ — શાળામાં દ્વિતીય — PR:79.01%
ચાવડા ખુશાલ — શાળામાં તૃતિય — PR. 78.23%

બ્રહ્મલીન પ.પૂ.મહંતશ્રી ધર્મેન્દ્રગીરી બાપુના અથાગ પ્રયત્નોથી ઉભી થયેલ રૂદ્રાણી જાગીર હસ્તકની શાળામાં ટ્યુશન વગર શાળાનું છલ્લા ૩ વર્ષનું પરિણામ ઉત્તરોતર સારૂ આવતા શાળાના સફળ થયેલ તમામ વિદ્યાર્થીઓ તથા સમગ્ર સ્ટાફગણને અધ્યક્ષશ્રી તેમજ ટ્રસ્ટીઓ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન...

ભવિષ્યમાં ઉચ્ચ ટકાવારી સાથે ૧૦૦% પરિણામ માટે શુભેચ્છા પાઠવતા... -અધ્યક્ષશ્રી. મહંતશ્રી, તેમજ ટ્રસ્ટીગણ

પ્રવેશ સંપર્ક
ગૃહપતિશ્રીઃ અખિલ કાપડી : મો.૮૭૫૮૮ ૧૮૬૩૪
ગૃહપતિશ્રી : સુમિત મેરીયા : મો.૬૩૫૫૫ ૯૫૧૩૯



**મુન્દ્રા-બારોઈ નગરપાલિકા**
મુન્દ્રા-કચ્છ
आज़ादी का अमृत महोत्सव

**ઓનલાઈન ટેન્ડર નોટીસ**

મુન્દ્રા-બારોઈ નગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રીની ગ્રાન્ટોમાંથી નીચે દર્શાવેલ કામો માટે રાજ્ય સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો (ટુ-બીડ પદ્ધતિથી) માંગવામાં આવે છે. આ કામના ટેન્ડર દસ્તાવેજોનું ડાઉનલોડીંગ https://tender.nprocure.com વેબસાઈટ ઉપરથી જોવા મળી શકશે. ઓનલાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

| ક્રમ | કામગીરીની વિગત | બાનાની રકમ | ટેન્ડર ફી | ઈજારદારની શ્રેણી |
|---|---|---|---|---|
| ૧ | Construction of Nagarpalika Office Building Mundra-Baroi At Mundra Estimated Cost : 3,37,14.587 (1th attempt) | 3,37,150 | 6,000 | B" Building Spe. Cat-ii and above |
| ૨ | Devlopemant Of Jairamsar Lake (Phase-2) at Mundra-Baroi Municipality (AMRUT 2.0 SCHEME) Estimated Cost : 2,60,28.141 (6th attempt) | 2,60,300 | 4248 | B" Building Spe. Cat-ii and above |

શરતો :-
૧. ઉપરોક્ત ટેન્ડર તા.:૧૩/૦૫/૨૦૨૫થી દસ્તાવેજોનું ડાઉનલોડીંગ https://tender.nprocure.com વેબસાઈટ ઉપરથી જોવા મળી શકશે.
૨. ડોક્યુમેન્ટ સબમીશન ફક્ત આર.પી. એડી/સ્પીડ પોસ્ટથી ટેન્ડરમાં દર્શાવેલ સમય મર્યાદામાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.

જા.નં. : ટેક.૧૦૨૦/૨૦૨૪ તારીખ : ૧૩/૦૫/૨૦૨૫

- સહી- પ્રમુખ, મુન્દ્રા-બારોઈ નગરપાલિકા
- સહી- ચીફ ઓફિસર, મુન્દ્રા-બારોઈ નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૨૦૭/૨૦૨૫-૨૬)

## ભારતીય સેનાના શૌર્ય અને સાહસને કચ્છવાસીઓના સલામ

# નવું ભારત આતંકવાદના ખાત્મા માટે કટીબદ્ધ : વિનોદ ચાવડા




ઓપરેશન સિંદૂરથી મા ભારતી અને તિરંગાને દેશની સેનાએ અપાવેલા ગૌરવને વધાવવા ભુજમાં નીકળી ભવ્ય તિરંગા યાત્રા : કચ્છના સાંસદ સહિત તમામ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ સૈન્યની બહાદુરીને બિરદાવી



વંદે માતરમ્ અને ભારતમાતાના જયઘોષ સાથે દેશભક્તિનો માહોલ છવાયો : હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે શહેરના મુખ્ય માર્ગો પર નીકળેલી તિરંગા યાત્રામાં કચ્છવાસીઓના દેશપ્રેમની જોવા મળી ઝલક

ભુજ : ભારતીય સેનાના અદમ્ય સાહસ અને શૌર્યને સમગ્ર વિશ્વએ નિહાળ્યું છે. જમ્મુ-કાશ્મિરમાં પહેલગામમાં ૨૨મી એપ્રિલે નાપાક આતંકવાદીઓએ કરેલા હુમલાના જવાબમાં ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરના માધ્યમથી આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે. આ એક બદલાયેલા ભારતનું પ્રતિબિંબ છે. ભારત હવે આતંકવાદ સામે આરપારની લડાઈ લડશે. સરહદની પાર જઈ આતંકીઓના ખાત્મા માટે ભારતની સેના સજ્જ છે તેવું કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાએ આજે ભુજમાં દેશની સેનાના શૌર્યને વધારવા નીકળેલી તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવતા જણાવ્યું હતું. શ્રી ચાવડાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની સરકારે વિશ્વસને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, ભારત હવે આતંકવાદને સાંખી લેશે નહીં. આ નવું ભારત છે જે દુશ્મન દેશના ઘરમાં ઘૂસીને પણ ભારત સામે આંખ ઉઠાવનાર આતંકીઓ અને તેમના આકાઓ પર પ્રહાર કરશે. ઓપરેશન સિંદૂરના માધ્યમથી દેશની સેનાએ મા ભારતી અને તિરંગાનું ગૌરવ વધાર્યું છે ત્યારે સમગ્ર દેશ સૈન્યના સાહસ અને પરાક્રમથી ગૌરવ અનુભવે છે. દેશવાસીઓ સેનાને સલામ કરે છે. તેવું શ્રી ચાવડાએ વધુમાં જણાવ્યું હતું.

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત સરકાર અને સેનાએ ઓપરેશન સિંદૂર હાથ ધરી નાપાક આંતકીઓનો ખાત્મો કર્યો હતો. પાકિસ્તાનની ધરતી પર પ્રહાર કરી આતંકવાદીઓના હેડ ક્વાટર, ટ્રેનિંટ સેન્ટર અને અડ્ડાઓને ધ્વસ્ત કર્યા હતા ત્યારબાદ પાકિસ્તાનની સેનાએ ડ્રોન અને મિસાઈલ વડે નિષ્ફળ હુમલાઓ કર્યા હતા. જેનો પણ ભારતની સેનાએ મુહતોડ જવાબ આપ્યો હતો. દેશના જવાનોની વિરતાને બિરદાવવા અને તેમના સાહસને સલામ કરવા દેશભરમાં તિરંગા યાત્રાનું આયોજન કરાયું છે. આજે કચ્છના જિલ્લામથક ભુજના જયુબિલી ગ્રાઉન્ડથી ભવ્ય તિરંગા યાત્રા નીકળી હતી. ભુજમાં આજે વંદે માતરમ્ અને ભારત માતાના જયઘોષથી દેશભક્તિનો માહોલ છવાયો હતો.

તિરંગા યાત્રામાં જોડાયેલા જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, અંજાર ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, ગાંધીધામના ધારાસભ્ય મલતીબેન મહેશ્વરી, રાપર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, માંડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે સહિના અગ્રણીઓએ ભારતીય સૈન્યના બહાદુરીભર્યા પરાક્રમની સરાહના કરી દેશની સેનાને સલામ કર્યા હતા. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદને અગાઉ સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક દ્વારા જવાબ અપાયો હતો હવે પહેલગામ હુમલા બાદ ઓપરેશન સિંદૂર હાથ ધરી આતંકીઓનો ખાત્મો ભારતની સેનાએ કર્યો છે. આજે સમગ્ર વિશ્વએ ભારતની સૈન્ય તાકાતનો સાક્ષાતકાર કર્યો છે.

અનુસંધાન પાના નં.૫ પર

## ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્માને નમન

ભુજ : ભારતીય સૈન્યના સાહસ અને શૈર્યને બિરદાવવા નિકળેલી તિરંગા યાત્રાના પ્રારંભ પૂર્વે કચ્છના સાંસદ વિનોદ ચાવડા સહિતના મહાનુભાવોએ વિદેશની ધરતી પર રહી દેશની આઝાદી માટે લડત ચલાવનાર કચ્છી સપૂત ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્માની પ્રતિમાને નમન કર્યા હતા. ક્રાંતિગુરૂને શ્રદ્ધાંજલિ આપી ભારત માતાની જયઘોષ સાથે તિરંગાયાત્રાએ પ્રસ્થાન કર્યું હતું.

## માધાપરની વિરાંગનાઓ તિરંગાયાત્રામાં જોડાઇ

ભુજ : વર્ષ ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધમાં દુશ્મન રાષ્ટ્રએ ભુજની એર સ્ટ્રીપ પર હુમલો કરી નુકશાન પહોંચાડ્યું હતું, જે તે સમયે કચ્છના માધાપર ગામની વિરાંગનાઓએ એર સ્ટ્રીપના ઝડપભેર સમારકામ માટે મોરચો સંભાળ્યો હતો. દુશ્મન રાષ્ટ્રના લગાતાર આક્રમણ વચ્ચે નિર્ભય બની દેશના વાયુસેનાને મદદરૂપ બનનાર વિરાંગનાઓ આજે તિરંગાયાત્રામાં જોડાઈ હતી. સરહદી કચ્છ જિલ્લાના રાષ્ટ્રપ્રેમનું ઉદાહરણ પુરૂ પાડનાર વિરાંગનાઓને તિરંગાયાત્રામાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો અને સુરક્ષા દળના અધિકારીઓ - જવાનોએ નમન કર્યા હતા.

## સુરક્ષા દળના જવાનો પણ જોડાયા

ભુજ : ભારતી સૈન્યના ઓપરેશન સિંદુરરૂપી શૌર્યને બિરદાવવા જિલ્લા મથક ભુજમાં નિકળેલી તિરંગાયાત્રામાં દેશની સરહદોનું રખોપું કરતા ભારતીય સીમા સુરક્ષા દળ (બીએસએફ)ના અધિકારીઓ, જવાનો, પોલીસદળાના અધિકારીઓ, જવાનો, હોમગાર્ડઝ દળ, નાગરિક સંરક્ષણ દળના જવાનો પણ જોડાયા હતા.

## ૩૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજે જમાવ્યું આકર્ષણ

ભુજ : જિલ્લા મથક ભુજમાં નિકળેલી તિરંગાયાત્રા વખતે દેશભક્તિનો માહોલ છવાયો હતો. આ તિરંગાયાત્રામાં ૩૦૦ મીટર લાંબા રાષ્ટ્રધ્વજે શહેરના મુખ્ય માર્ગો પર આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત અનેક કચ્છવાસીઓ પોતાના હાથમાં તિરંગો લઈ ગૌરવશાળી યાત્રામાં જોડાયા હતા.

## દુખ ભરે દીન બિતે રે ભૈયા, અબ સુખ આયો રે..!

# ખેડુતો માટે ખુશખબર : નર્મદા કચ્છ બ્રાન્ચ કેનાલમાં આજે સવારે ૫૦૦ ક્યુસેક પાણી છોડાયું

**કચ્છ શાખા નહેર આધારિત સિંચાઈ કરતા ખેડુતો માટે મોટી રાહતરૂપ પહેલ : કપાસ સહિતના ખરીફ વાવેતર માટે હવે ખેડુતોને ચોક્કસ સમય મળી રહેશે**



ખેડુતો સહીત કચ્છવાસીઓની આંખ ઠારતું કચ્છ નર્મદા કેનાલમાં હિલોળા લેતુ નીર..



ગાંધીધામ : ગુજરાત સરકારશ્રીના ખરીફ પાકો માટે નર્મદાના નીર ૧૫મીમે ૨૦૨૫મા છોડવાના ખેડુત તરફી કરેલા યોગ્ય નિર્ણયની જાહેરાતની અમલવારી થવા પામી ગઈ હોવાના અહેવાલો પ્રાપ્ત થવા પામી રહ્યા છે. કચ્છ શાખા નહેર આધારિત સિંચાઈ કરતા ખેડુતો માટે સમયસર આ રીતનુ પાણી છોડવાની દીશામાં સ્થાનિક જાહેરજીવનના પદાધિકારીઓ, અને નર્મદા નિગમના અધિકારીઓ ઉપરાંત કચ્છના નર્મદા ક્ષેત્રના તજજ્ઞોની સંકલનભરી કાર્યવાહીને પણ અહી બિરદાવી જ ઘટે. આ અંગે મળતી વધુ વિગતો અનુસાર આજ રોજ તા. ૧૫મી મેના રોજ સવારે કચ્છ શાખા નહેરમાં ૫૦૦ કયુસેકની આસપાસ અંદાજીત પાણી છોડવામા આવ્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા નર્મદા કેનાલમાં પાણી છોડવાની પહેલાથી જાહેરાત કરી દીધી હતી જો કે ખેડુતોને સમયસર પાણી મળશે કે કેમ તે બાબતે અસમંજસની સ્થિતિ રહેવા પામી હતી ત્યારે હવે અગાઉ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સમય પ્રમાણે જ નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલમાં પાણી આજ રોજ છોડવામા અવ્યુ છે જેનાથી ખેડુતોમાં ખુશીની લહેર ફરી વળી છે. આ પાણી છોડવાના નિર્ણયથી ખેડૂતોને પણ કપાસ સહિતના પાકોમાં સમયસર વાવેતર કરવાનો સમય મળી રહેશે. નર્મદા કેનાલ ૪૫ દિવસથી રીપેરીંગ અને સફાઈની કામગિરીને કારણે બંધ કરવામાં આવી છે જેના પરિણામે સાંતલપુર અને રાધનપુર સહિત કચ્છ સહિતના વિસ્તારમાં પીવાના પાણીની કાગરાળ ઉઠવા પામી હતી અને લોકોને પીવાના પાણી માટે રઝળપાટ કરવાનો વારો આવ્યો હતો ત્યારે હવે આજથી નર્મદા કેનાલમાં પાણી છોડાવમાં આવતા હાલમાં ઉદભવેલી રહેલી પીવાના પાણીની અને સિંચાઈના પાણીની સમસ્યામાં ચોકકસથી પ્રારંભીક રાહત મળવા પામી જશે. તો વળી બીજીતરફ ખેડૂતોને કપાસ સહિતના પાકનું વાવેતર થઈ શકશે.

કચ્છની જીવાદોરી સમાન નર્મદા યોજનાની કચ્છ મુખ્ય બ્રાન્ચ કેનાલમાં આજથી નર્મદા મૈયા ની કૃપા વહેતી થઈ છે. નર્મદાની બ્રાન્ચ કેનાલ સમારકામ માટે છેલ્લા દોઢ મહિનાથી વધુ સમયથી રિપેરિંગ બંધ રહી હતી. આ કામ બનાસકાંઠા અને કચ્છના રાપર તાલુકાના રણ વિસ્તાર તથા અન્ય જગ્યાએ રિપેરિંગ કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જાહેરાત કરી હતી કે, કચ્છ, બનાસકાંઠા, પાટણ જિલ્લામાંથી પસાર થઈ રહેલી નર્મદાની મુખ્ય કેનાલમાં ૧૫મી મે થી પાણી છોડવામાં આવશે. આજે સવારે કચ્છની મુખ્ય કેનાલમાં સલીમગઢથી નર્મદાના નીર વહેતા કરવામાં આવ્યા હતા. કચ્છની મુખ્ય કેનાલમાં ત્રણ ચાર દિવસ બાદ પાણી આવી જશે અને સંપૂર્ણ રીતે નર્મદાના નીર એક સપ્તાહમા વહેવા લાગી જશે.

રાપર શહેર મા પીવાના પાણીની વ્યવસ્થા એકમાત્ર નર્મદા કેનાલ આધારિત છે ત્યારે મામલતદાર એચ. બી.વાઘેલા, ચીફ ઓફિસર રવાજી જાડેજા, રાપર નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઇ ભીંડેની સુઝબુઝના લીધે આ વખતે પીવાના પાણીની સમસ્યા વિકટ બની નથી. દર બીજા દિવસે રાપર શહેરમા પાણી વ્યવસ્થા વિતરણ કરવામાં આવે છે. પીવાના પાણી અને ખેડૂતો માટે જીવાદોરી સમાન નર્મદાના નીર આજ થી કેનાલમાં વહેતા થતાં લોકોમા આનંદની લાગણીઓ ફેલાઈ છે. આ અંગે નર્મદા નિગમ ના નિવૃત્ત કર્મચારી છગનભાઇ પરાવડા એ માહિતી આપી હતી. નર્મદાની બ્રાન્ચ કેનાલ શરૂ થતા ઉનાળુ વાવેતર કરનાર ખેડૂતોના પાકને જીવતદાન મળશે. ઉપરાંત અનેક કેનાલ આધારિત પેયજળ મેળવતા ગામોને નિયમિત ધોરણે પાણી મળતું થશે.

# છેવાડાના લોકો સરહદના સાચા સંત્રી : એસપી સાગર બાગમાર

**મૌવાણા, બેલા, જનાણ, કલ્યાણપર સહિતના ગામોની મુલાકાત લઈ લોકોને હજુ પણ એલર્ટ રહેવા અનુરોધ કર્યો**




ભુજ : સરહદે તણાવભરી સ્થિતિ વચ્ચે કચ્છના લોકો દરેક પરિસ્થિતિને પહોંચી વળવા અને જરૂર પડયે સરહદ પર જવાની તત્પરતા બતાવી રહ્યા છે, ત્યારે સરહદી વિસ્તારના લોકોનો જુસ્સો વધારવા અને દરેક પરિસ્થિતિ પર નજર રાખવા માટે સરહદી વિસ્તારના લોકોને પોલીસના આંખ અને કાન બનવા માટે એસપી દ્વારા અપીલ કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલા પૂર્વ કચ્છના રાપર તાલુકાના અઢાર ગામ અને ખડીર દ્વિપ સમુહના વિસ્તારનીં પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. જેમાં બાલાસર પોલીસ મથક હેઠળના મૌઆણા, બેલા ગામમાં બેઠક કરી હતી. ખડીર પોલીસ સ્ટેશન હેઠળના જનાણ અને કલ્યાણપર ગામની મુલાકાત લઈ લોકોને જાગૃતિ લાવવા માટે વિવિધ સુચનાઓ આપી હતી. કોઈ અજાણી વ્યક્તિ પર નજર રાખવા, રાત્રે અજાણ્યા વાહન અંગે તથા જો યુધ્ધની પરિસ્થિતિ ઉભી થાય તો કેમ બચાવ કરવો અને કઈ રીતે લશ્કરને મદદરૂપ બની શકાય તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને જાગૃત કરવા માટે સ્થાનિક પોલીસને અને સુરક્ષા એજન્સીઓને સાથ સહકાર આપવા માટે અનુરોધ કર્યો હતો.

આ મુલાકાત સમયે ખડીર પીઆઈ એમ.એન.દવે, બાલાસર પીએસઆઈ એસ. વી ચૌધરી તેમજ ઘનશ્યામ ગુરખા, રામજીભાઈ આહિર, રવજી ચૌધરી, ભાવુભા સોઢા, સુમતિભાઈ પરમાર, જિલ્લા પંચાયતના માજી સદસ્ય ગજેન્દ્રસિંહ વાઘેલા, સરપંચ જયવીરસિંહ વાઘેલા, ઉપસરપંચ અખાભાઈ પરમાર, લખમણભાઈ કોળી, કારાભાઈ કોલી, હરિભાઈ કોલી, શિવરામ મારાજ, ભુરાભાઇ પટેલ, માજી સરપંચ રણમલભાઈ પટેલ, ભારમલ પટેલ, કિશોરસિંહ વાઘેલા, જીતુભા વાઘેલા, લક્કીરાજસિંહ વાઘેલા, પરબતભાઈ રબારી, વિભાભાઈ રબારી, ખડીર ખાતે નરેન્દ્રદાન ગઢવી, ઘનશ્યામભાઈ બ્રાહ્મણ તથા જનાણ કલ્યાણપર તથા ખડીરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભુજ-કચ્છ-ગુજરાતના પ્રવાસે આવશે દેશના દિગ્ગજો

# સવાયા કચ્છી પીએમ મોદીનો કચ્છ સ્નેહ કદાપિ છાનો ન રહે..!



મોદી-અમિત શાહની ગુજરાત-કચ્છ મુલાકાતના ભણકારાથી ગુજરાતમાં હવે ફરીથી જોવા મળશે અનેરી હલચલ : પ્રશાસનીક અને રાજકીય ક્ષેત્રોમાં પણ વધશે સળવળા

**આવતીકાલે સરંક્ષણ પ્રધાન ભુજ પધારશે, ૧૭-૧૮મી મેના અમિત શાહ અમદાવાદમાં આવશે, તો ૨૭મીએ વડાપ્રધાનના ગુજરાત-કચ્છ-ભુજ પ્રવાસનો ગોઠવાતો તખ્તો : રાજય સરકાર દ્વારા શરૂ કરાઈ આંતરીક તૈયારીઓ**

**ભારત-પાકના યુદ્ધ બાદ દેશના સરંક્ષણ પ્રધાન રાજનાથસિંહ ભુજથી રૂબરૂ થવા પધારી રહ્યા છે, તે સાથે જ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના આગમનના પણ વર્તાયા એંધાણ : રાજનાથસિંહ ભુજ એરબેઝની મુલાકાત લઈ વાયુસેના, બીએસએફ, આર્મીના સૈન્ય જવાનોની સાથે મુલાકાત કરી જોમ જુસ્સો વધારશે**

**નાપાક મુલકને ગાલે રાજનાથસિંહ ફટકારશે ભુજથી વધુ એક તમાચો : યુદ્ધમાં ભારતની સામે ચારો ખાને ચિત્ત થઈ ગયેલ નાપાક મુલકને અલગ અલગ જુઠ્ઠાણાઓ ફેલાવવાનો કર્યો હતો પ્રયાસ, પંજાબના આદમપુર એરબેઝને નુકસાન કર્યાના પાકના પ્રપંચી પ્રોપોગાન્ડાનો મોદીજીએ મુલાકાત લઈને કર્યો હતો ભાંડાફોળ તો હવે ભુજ એરબેઝને નુકસાન પહોચાડયાના પાકના ગપગોળાનો રાજનાથસિંહ અહી મુલાકાત લઈ કરશે પર્દાફાશ**

ગાંધીધામ : હું અગાઉ જરૂરથી કોઈ કચ્છી માંના કુખે અવતર્યો હોઈશ, આવુ ખુદના ગુજરાતના મુખ્યપ્રધાન પદના કાર્યકાળમાં જાહેર મંચ પરથી અનેકવખત કહી અને કચ્છ પ્રત્યે વિશેષ લાડકવાયો ભાવ વ્યકત કરનાર દેશના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશ-દુનીયામાં જયા પણ હોય તેઓ કચ્છનો ઉલ્લેખ કર્યા વિના ન રહે. એટલે જ કચ્છીમાડુઓ પણ કહેતા હોય છે કે, સવાયા કચ્છી પીએમ નરેન્દ્રભાઈ મોદીનો કચ્છ સ્નેહ કદાપી છાનો ન રહે. તેઓ કચ્છના સુખ-દુખના સદાય હામી જ રહ્યા છે.

કચ્છ પર કોઈ આફત આવી પડી હોય કે, કચ્છને કોઈ મોટી વિકાસ ભેટ આપવાની હોય તેમાં નરેન્દ્રભાઈ સીએમ અને પીએમ બન્ને પદેથી ખુલ્લા હાથે સતત મદદે આવતા જ રહેતા હોય છે. હાલમાં પણ જયારે ભારત અને પાકીસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતી સર્જાવવા પામી

અનુસંધાન પાના નં.૫ પર